## પ્રેમ કરો બાર પર્વ આરાધના



# પયુષણ પર્વ

પ્રેરક : શ્રી પ્રેમ ગુરૂ કૃપાપાત્ર શિષ્યરત્ન પ.પૂ.આ.ભ. શ્રી રત્નશેખરસૂરીશ્વરજી મ.સા.

પ્રકાશક

શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટ - શંખેશ્વર




શ્રી જીરાવલાપાર્શ્વનાથ ભગવાન



શ્રી શંખેશ્વરપાર્શ્વનાથ ભગવાન



શ્રી ભક્તિપાર્શ્વનાથ ભગવાન



શ્રી ભગવતી સરસ્વત્યૈ નમઃ

॥ શ્રી જીરાવલા-શંખેશ્વર-ભક્તિ પાર્શ્વનાથાય નમઃ ॥
॥ અનંત લબ્ધિનિધાન શ્રી ગૌતમ ગણધરાય નમઃ ॥
॥ શ્રી ધર્મ-ભક્તિ-પ્રેમ-સુબોધ ગુરુભ્યો નમઃ ॥

# પ્રેમે કરો
# બાર પર્વ આરાધના

## શ્રી પર્યુષણ પર્વ આરાધના સંગ્રહ

પ્રેરક : તપાગચ્છસૂર્ય પ્રશાન્તમૂર્તિ ૧૦૮ પાર્શ્વનાથ મહાપ્રાસાદના પ્રેરક પ.પૂ. આચાર્ય ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજા સાહેબના શિષ્ય રત્ન પ.પૂ. પંન્યાસ પ્રવરશ્રી રત્નશેખર વિજયજી ગણિવર (પંચપરમેષ્ઠીમાં તૃતિયપદે આરૂઢ થનાર)

સંપાદક : પ.પૂ. મુનિશ્રી પ્રશાંતશેખરવિજયજી મ.સા.

ઉપયોગ :- પ્રભુભક્તિ અને સ્વાધ્યાય

• પ્રકાશક •
શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટ
(શંખેશ્વર)
ફોન : ૦૨૭૩૩-૨૭૩૩૨૫, ૨૭૩૪૪૪.

## • નિમિત્ત •

તપાગચ્છસૂર્ય પ્રશાન્તમૂર્તિ ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિવિહાર ટ્રસ્ટના પ્રણેતા પ.પૂ. આચાર્ય **ભગવંત શ્રીમદ્ વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.** ના તપાગચ્છાધિપતિ પદ પાટોત્સવે તથા **૭૫ વર્ષના સંયમ જીવનના હીરક મહોત્સવે અને આચાર્યપદ પ્રદાન મહોત્સવે...**

વૈશાખ સુદ-૧૦ (પ્રથમ)

તા. ૭-૫-૨૦૦૬, રવિવાર


**આવૃતિ** : **પ્રથમ**

**નકલ** : **૧૦૦૦**

**ટાઈપસેટીંગ** : **જૈનમ્ ગ્રાફીક્સ,**
સી-૧૪૧, પહેલા માળે, બી.જી. ટાવર્સ,
દિલ્હી દરવાજા બહાર, અમદાવાદ.
ફોન : ૨૫૬૨૭૪૬૯.

**પ્રાપ્તિસ્થાન** : **શ્રી ૧૦૮ પાર્શ્વનાથ ભક્તિ વિહાર જૈન ટ્રસ્ટ - શંખેશ્વર**

# પ્રસ્તાવના

શ્રી વીતરાગ પરમાત્મા પ્રરૂપિત, સર્વજ્ઞકથિત, તીર્થંકર પ્રભુએ સ્થાપિત આ જૈન શાસનમાં આત્માની ઉન્નતિ, પ્રગતિ, શુદ્ધિ અને સિદ્ધિ માટે બાર પર્વોની સ્થાપના કરવામાં આવેલ છે, પર્વનો અર્થ જ એ થાય છે કે જે પર્વની આરાધના કરવાથી જીવનમાં રાગ-દ્વેષ-કષાયભાવ પાપ, દોષ આદિનું શમન (ક્ષય) થાય અને આત્માને ક્યારેય કોઈપણ ભવમાં આનંદની અનુભૂતિ ન થઈ હોય એવા પ્રકારના આનંદની અનુભૂતિ પર્વ આરાધના દ્વારા શક્ય બને તેનું નામ પર્વ.

જે આરાધે પર્વ તે જીવ કદી ન કરે ગર્વ, જે ન કરે ગર્વ તે જ આરાધી શકે આ બાર પર્વ

જીવનના ક્ષેત્રમાં દોષોનું દહન, કર્મોનું શમન, પાપોનું પક્ષાલન ન થાય ત્યાં સુધી આત્માને શુદ્ધિ-સિદ્ધિ ક્યારેય પ્રાપ્ત થતી નથી, માટે જ પ્રભુએ જુદા-જુદા પર્વોની આરાધના દ્વારા તપ-ત્યાગના ભાવો ખુબ વધે તે જ માટે આ પર્વોના આયોજન કરેલ છે.

**બીજ પર્વ :**

બીજના ચંદ્રમાની પેઠે ખીલતું આત્માનું પુષ્પ સર્વવિરતિ અથવા દેશવિરતિ ધર્મની આરાધના દ્વારા ખીલતો ખીલતો આત્મા પૂર્ણિમાના ચંદ્રની જેમ અખંડ ચંદ્ર બની આત્મા અખંડ આનંદની અનુભૂતિ કરી શકે માટે આ બીજ પર્વની આરાધના કરવાની છે.

**જ્ઞાન પંચમી અને નેમનાથ જન્મકલ્યાણક પર્વ :**

તીર્થંકર પરમાત્માની ચ્યવન, જન્મ, દીક્ષા, કેવલ, નિર્વાણ આ પાંચ કલ્યાણકોની આરાધના દ્વારા આત્માને જ્ઞાનના પાંચ ગુણો જે બતાવવામાં આવ્યા છે તે પ્રાપ્ત થાય છે. મતિ- ્ત અવધિ-મન પર્યવ અને કેવલ આ પાંચ જ્ઞાન તીર્થંકરોની ભક્તિની શક્તિ દ્વારા પ્રાપ્ત થતાં હોય છે. અને મંદ બુદ્ધિ વાળા જીવો જો આ જ્ઞાનપંચમીની આરાધના કરે તો જ્ઞાનનો ક્ષયોપશમ તીવ્ર બને છે. અલ્પ બુદ્ધિ વાળા જીવો પણ જ્ઞાનની પ્રાપ્તિ વાળા થાય છે માટે જ પંચમી પર્વ બતાવવામાં આવેલ છે.

### અષ્ટમીપર્વ :

મુખ્યત્વે આત્મા સમયે સમયે એક આયુષ્ય કર્મ સિવાય બાકીના સાત કર્મો સતત બાંધે છે, એ આઠે આઠ કર્મોને નષ્ટ કરવા માટે તથા અષ્ટ મહાસિદ્ધિઓના ધારક બનીને આત્મા પરંપરાએ સિદ્ધિદશાને પામી શકે માટે અષ્ટમી પર્વનું વિધાન છે.

### પોષદશમી પર્વ :

આત્માને તીર્થંકર પરમાત્માની ભક્તિ કરવાનો સુઅવસર પ્રાપ્ત થાય અને આ ભવમાં તો અવશ્ય સમાધિમરણની પ્રાપ્તિ કરાવી આપે અને પરંપરાએ સદ્‌ગતિનો ભોક્તા બનાવે અને ઉત્તરો ઉત્તર મોક્ષસુખના ફળો પ્રાપ્ત કરાવી આપે એવો જો કોઈપણ પર્વ હોય તો એક માત્ર પાર્શ્વ પ્રભુનો જન્મ કલ્યાણક પર્વ કે જે આ અવસર્પિણીકાલમાં પુરૂષાદાનીય તથા પ્રકટ પુણ્યશાળી તથા પ્રબલ આદેય નામ કર્મી તીર્થંકર પરમાત્માનો જન્મ કલ્યાણક સંબંધિ પર્વ એટલે આ પર્વ...

### મૌન એકાદશી પર્વ :

મૌન રહેવાથી આત્મામાં શક્તિનું એક જબરદસ્ત સંયમ (સંગ્રહ) થાય છે. વર્ષમાં એક દિવસ ઉપવાસ કરીને તથા મૌન રહીને દરેક દરેક ક્રિયાથી અવશ્ય દોઢસો ગણું લાભ આત્માને પ્રાપ્ત થાય અને સાથે સાથે દોઢસો કલ્યાણકોની ઉજવણી સ્વરૂપે દોઢસો ગણી, ભક્તિનો લાભ પણ પ્રાપ્ત થાય એવો જો કોઈપણ પર્વ હોય તે માત્ર આ મૌન એકાદશી પર્વ. (ઉપવાસ એક અને લાભ અનેક)

### ચૈત્રી પૂનમની આરાધના :

શત્રુંજય પર્વતપર પાંચ ક્રોડ મુનીઓની સાથે મોક્ષ સુખ મેળવનાર એવો કોઈપણ આત્મા હોય તે પુંડરિક સ્વામી ગણધર ભગવંત આ આત્માએ આજના દિને મોક્ષ સુખ પ્રામ કરેલ એવા આત્માની આરાધના દ્વારા જેમ પૂર્ણિમાનો ચાંદ સોળે કળાએ ખીલે છે ને અખંડ સ્વરૂપને ધારણ કરે છે તેજ રીતે આત્મા આ દિવસે આ પર્વની આરાધના કરે તો અવશ્ય અખંડ આનંદનો રસાસ્વાદને અવશ્ય પામે માટે ચૈત્રી પૂનમ પર્વ બતાવેલ છે.

### ચૌમાસી પર્વ :

ચાર-ચાર માસના ત્રણ વિભાગો અને એમાં પણ ત્રણ અઠાઈઓનું વિધાન.

અષાઢી ચૌમાસ થી કારતક ચોમાસી પર્યંત...૧

કારતક ચૌમાસી થી ફાગણ ચોમાસી પર્યંત... ૨

ફાગણ ચૌમાસી થી અષાઢ ચોમાસી પર્યંત... ૩

આ રીતે ત્રણ ચોમાસી પર્વ બતાવવામાં આવેલ છે. ત્રણેય ચોમાસીમાં ફરજિયાત અઠાનો વિધાન છે. આ ત્રણેય ચોમાસીમાં જ બાર પર્વોનો પણ સમાવેશ થાય છે, માટે જ આ ચોમાસી પર્વ મુખ્યત્વે ચારે ચાર ગતિના દુઃખોના નિવારણ માટે તથા ચારેય કષાયો પર વિજયતા મેળવવા માટે આ પર્વની આરાધના કરવામાં આવેલ છે.

### પર્વ પર્યુષણ આરાધના પર્વ :

આ પર્વ બારેય બાર પ્રકારના પર્વોમાં જો કોઈપણ પર્વ પર્વાધિરાજ અથવા પર્વોના સમ્રાટ તરીકેનું કોઈ બિરુદ ધરાવતું હોય તો તે એકમાત્ર આ પર્વ છે. આ પર્વ એટલે ક્ષમાપના મહાપર્વ છે. જીવનમાં જો ક્ષમા ભાવ નથી આવતો તો હજુ પર્વ આરાધના તમારાથી દૂર છે, એ સિદ્ધ થાય છે. દરેકે-દરેકે પર્વ રાગ દ્વેષની ગ્રંથિઓને નિર્મૂલ કરવા તથા જીવનમાં ક્ષમાના પુષ્પો ખીલવવા માટેના છે. માટે જ આ પર્વ મુખ્યત્વે સાંવત્સરિક ક્ષમાપના મહાપર્વ તરીકે પણ પ્રખ્યાત છે.

### નવપદ આરાધના સિદ્ધચક્ર મહાપર્વ :

અરિહંત-સિદ્ધ-આચાર્ય-ઉપાધ્યાય અને સાધુ તથા દર્શન-જ્ઞાન-ચારિત્ર તપ આ રીતે નવપદજીનું સંકલન છે. આમાં દેવ-ગુરૂ અને ધર્મ આ ત્રણ તત્વો એટલે તત્ત્વત્રયીનો વિનિયોગ પણ છે. આના મુખ્ય આસો તથા ચૈત્ર માસના દિવસોમાં વિશિષ્ઠ રીતે આરાધના થતી હોય છે, આ દિવસો શાશ્વત દિવસો છે. કારણ આ પર્વની આરાધના દરેકે-દરેક તીર્થંકરોના શાસનમાં ફરજિયાત થતી હોય છે. માટે જ નવપદના દિવસે અખંડ આંકજ તરીકે પણ સિદ્ધ થાય છે અને અખંડ આનંદ આપનારા છે.

## દિવાળી પર્વની આરાધના :

આ અવસર્પિણી કાલના છેલ્લા ૨૪ માં તીર્થંકર પ્રભુ મહાવીરસ્વામીના નિર્વાણકલ્યાણક સંબંધિ દિન એટલે દિવાળી પર્વ. પ્રભુ પોતે ભાવ દીવા સમા હતા, પણ નિર્વાણ પામવાથી લોકોએ દ્રવ્ય દિવા પ્રગટ કર્યા, ત્યારથી આ પર્વની શરૂઆત થઈ છે.

આ બારેય બાર પર્વો મુખ્યત્વે તીર્થંકર ભગવંતોએ સ્થાપ્યા છે. આપણાં દરેકે દરેક પર્વોમાં પ્રભુએ તપ-ત્યાગ-સાધના-આરાધના-ઉપાસના ને જ મહત્વ આપ્યું છે. ક્યાંય કોઈપણ પર્વમાં મોજ-શોખ કે એશ આરામની વાત જોવા નથી મળતી. જેમાં તપ-ત્યાગ આરાધના વિ. ના હોય તેને પર્વ પણ ન કહેવાય, માટે આ બારેય પર્વોની આરાધના સારી રીતે કરી શકે તે વસ્તુને ધ્યાનમાં લઈને દરેક જીવો કંઈક કંઈક ધર્મ કરી શકે એજ ધ્યેય થી મારા શિષ્ય મુનિશ્રી પ્રશાંતશેખરવિજયજી મ.સા. સંપૂર્ણ બારેય પર્વોનો સંપૂર્ણ સાહિત્યનો સંકલન કરી છપાવવા માટે આ પ્રયાસ આદર્યો છે, તે ખરેખર અનુમોદનીય છે. તથા પ્રુફ સંશોધન કરી આપવામાં પ્ર.પૂ.સા.શ્રી વિદ્યુત્પ્રભાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા.શ્રી રત્નપ્રભાશ્રીજી મ.ના શિષ્યા પૂ.સા.શ્રી ઋજુપ્રજ્ઞાશ્રીજી મ. સાહેબે પણ સુંદર સહકાર આપેલ છે.

આ પુસ્તકનો સુંદર સદ્‌ઉપયોગ કરી અને બારે બાર પર્વોની આરાધના કરી-કરાવી તમારા આત્માને વધુને વધુ નિર્મલ બનાવી ઉત્તરોત્તર ઉન્નતિના શિખરો સર કરે અને પરંપરાએ શિવસુખનો ભોક્તાબને.

એજ મનોકામના સાથે.....

**શ્રી ૧૦૮ તીર્થ પ્રેરક તપાગચ્છસૂર્ય, ગચ્છાધિપતિ પ્રશાંતમૂર્તિ આચાર્યભગવંત શ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા. ના શિષ્ય રત્ન પંન્યાસપ્રવરશ્રી રત્નશેખર વિજયજી મ.સા.**
**(પંચપરમેષ્ઠીમાં તૃતિયપદે આરૂઢ થનાર)**

# અનુક્રમણિકા



| નામ | પેજનંબર |
|---|---|
| ❑ શ્રી પર્યુષણ પર્વના ચૈત્યવંદનો | ૧ થી ૬ |
| ❑ શ્રી પર્યુષણ પર્વની થોયો | ૬ થી ૧૫ |
| ❑ શ્રી પર્યુષણ પર્વના સ્તવનો | ૧૫ થી ૧૯ |
| ❑ છ અઠ્ઠાઈનું સ્તવન | ૧૯ થી ૨૬ |
| ❑ શ્રી મહાવીરસ્વામીના સત્યાવીશભવનું સ્તવન | ૨૭ થી ૪૨ |
| ❑ શ્રી મહાવીરસ્વામીના ૬ ઢાળનું સ્તવન | ૪૨ થી ૫૨ |
| ❑ શ્રી મહાવીરસ્વામી પંચકલ્યાણક સ્તવન ઢાળો | ૫૨ થી ૬૧ |
| ❑ શ્રી મહાવીરસ્વામી પંચકલ્યાણક સ્તવન | ૬૨ થી ૬૮ |
| ❑ શ્રી મહાવીરસ્વામી પંચ કલ્યાણક સ્તવન | ૬૮ થી ૭૫ |
| ❑ શ્રી મહાવીરસ્વામીનું હાલરડું | ૭૫ થી ૭૯ |
| ❑ શ્રી પર્યુષણ પર્વની છ વ્યાખ્યાનની સજ્ઝાયો | ૭૯ થી ૮૪ |
| ❑ સત્યાવીશભવની સજ્ઝાય | ૮૫ થી ૮૬ |
| ❑ ત્રિશલામાતાની સજ્ઝાય | ૮૬ થી ૮૮ |
| | |
| | |

# શ્રી પર્યુષણ પર્વ આરાધના સંગ્રહ
## શ્રી પર્યુષણાપર્વના ચૈત્યવંદનો
(૧)

પર્વ પર્યુષણ ગુણનીલો, નવ કલ્પી વિહાર;
ચાર માસાન્તર સ્થિર રહે, એહીજ અર્થ ઉદાર. ૧
અષાઢ સુદિ ચૌદશ થકી, સંવત્સરી પચાસ;
મુનિવર દિન સિત્તેરમેં, પડિક્કમતાં ચૌમાસ. ૨
શ્રાવક પણ સમતા ધરી, કરે ગુરૂનું બહુમાન;
કલ્પસૂત્ર સુવિહિત મુખે, સાંભલે થઈ એકતાન. ૩
જિનવર ચૈત્ય જુહારીએ, ગુરૂ ભક્તિ વિશાલ;
પ્રાયે અષ્ટ ભવાંતરે, વરીએ શિવ વરમાલ. ૪
દર્પણથી નિજ રૂપને, જુવે સુદૃષ્ટિ રૂપ;
દર્પણ અનુભવ અર્પણે, જ્ઞાન રયણ મુનિભૂપ ૫
આત્મ સ્વરૂપ વિલોકતાં, પ્રગટે મિત્ર સ્વભાવ;
રાય ઉદાયી કરે ખામણાં, પર્વ પર્યુષણ દાવ. ૬
નવ વખાણ પૂજી સુણો, શુક્લ ચતુર્થી સીમા;
પંચમી દિન વાંચે સુણે, હોય વિરાધક નિયમા. ૭
એ નહિ પર્વ પંચમી, સર્વ સમાણી ચોથે;
ભવભીરૂ મુનિ માનશે, ભાખ્યું અરિહા નાથે. ૮
શ્રુત કેવલી વયણાં સુણીએ, લહી માનવ અવતાર;
શ્રી શુભવીરને શાસને, પામ્યા જયજયકાર. ૯

(૨)

શત્રુંજય શૃંગાર હાર, શ્રી આદિ જિણંદ;

નાભિરાય કુળ ચંદ્રમા, મરૂદેવી નંદ. ૧
કાશ્યપ ગોત્ર ઈક્ષ્વાકુ વંશ, વિનિતાનો રાય,
ધનુષ પાંચસો દેહ માન, સુવર્ણ સમ કાય. ૨
વૃષભ લંછન ધુર વંદીએ એ, સંઘ સકળ શુભ રીત;
અટ્ઠાઈ ધર આરાધીએ, આગમ વાણી વિનીત. ૩

(૩)

પ્રણમું શ્રી દેવાધિદેવ, જિનવર મહાવીર;
સુરવર સેવે શાંત દાંત, પ્રભુ સાહસ ધીર. ૧
પર્વ પર્યુષણ પુણ્યથી, પામી ભવિ પ્રાણી,
જૈનધર્મ આરાધીએ, સમકિત હિત જાણી. ૨
શ્રી જિનપ્રતિમા પૂજીને એ, કીજે જન્મ પવિત્ર;
જીવ જતન કરી સાંભળો, પ્રવચન વાણી વિનીત ૩

(૪)

વડા કલ્પ પૂરવ દિને, ઘરે કલ્પને લાવો;
રાત્રિ જાગરણ પ્રમુખ કરી, શાસન સોહાવો. ૧
હય ગય શણગારી કુમર, લાવો ગુરૂ પાસે;
વડા કલ્પદિન સાંભળો, વીર ચરિત્ર ઉલ્લાસે. ૨
છટ્ઠ દ્વાદશ તપ કીજીએ, ધરીએ શુભ પરિણામ,
સાધર્મીકવત્સલ પ્રભાવના, પૂજા અભિરામ. ૩
જિન ઉત્તમ ગૌતમ પ્રતે એ, કહે જો એકવીસ વાર;
ગુરૂ મુખ પદ્મે ભાવશું, સુણતાં પામે પાર. ૪

(૫)

કલ્પતરૂસમ કલ્પસૂત્ર, પૂરે મન વાંછિત;
કલ્પધરે ધૂરથી સુણો, શ્રી મહાવીર ચરિત. ૧

ક્ષત્રિયકુંડે નરપતિ સિદ્ધારથ રાય;
રાણી ત્રિશલાતણી કૂખે, કંચન સમ કાય. ૨
પુષ્પોત્તર વરથી ચવ્યા એ, ઉપજ્યા પુણ્ય પવિત્ર;
ચતુરા ચૌદ સુપન લહે, ઉપજે વિનય વિનીત. ૩

(૬)

સ્વપ્નવિધિ કહે સુત હોંશે, ત્રિભુવન શૃંગાર;
તે દિનથી ઋદ્ધે વધ્યાં, ધન અખૂટ ભંડાર. ૧
સાડા સાત દિવસ અધિક, જન્મ્યા નવ માસે,
સુરપતિ કરે મેરૂ શિખર, ઉત્સવ ઉલ્લાસે. ૨
કુંકુમ હાથા દીજીએ એ, તોરણ ઝાક ઝમાળ;
હરખે વીર હુલરાવીએ, વાણી વિનય રસાળ. ૩

(૭)

જિનની બહેન સુદર્શના, ભાઈ નંદિવર્ધન,
પરણી યશોદા પદ્મણી, વીર સુકોમળ રત્ન. ૧
દેઈ દાન સંવત્સરી, લઈ દીક્ષા સ્વામી
કર્મ ખપાવી કેવળી, પંચમી ગતિ પામી. ૨
દીવાળી દિવસ થકી એ, સંઘ સકલ શુભ રીત;
અઠમ કરી તેલાધરે, સુણજો થઈ એક ચિત્ત. ૩

(૮)

પાર્શ્વ જિનેશ્વર નેમિનાથ, સમુદ્ર શ્રી વિષ્ણુકુમાર;
સુણીએ આદીશ્વર ચરિત્ર, વળી જિનનાં અંતર, ૧
ગૌતમાદિક સ્થવિરાવલિ, શુદ્ધ સમાચારી;
પર્વ દિન ચૌથા દિને, ભાખ્યો ગણધારી. ૨
જ્ઞાન દર્શન ચારિત્ર તપ, જિન ધરમે નિજ ચિત્ત;
જિન પ્રતિમા જિન સારીખી, વંદુ સદા વિનીત ૩

(૯)

પર્વરાજજ સંવત્સરી, દિન દિન પ્રતિ સેવો;
શ્લોક બારસો કલ્પસૂત્ર વીરનું નિસુણેવો. ૧
પ્રથમ પટ્ટધર બાર બોલ, ભાખ્યા ગુરૂ હીર;
સંપ્રતિ શ્રી વિજય સેનસૂરિ ગચ્છાગ્રણી ધીર ૨
જિનશાસન શોભાકરૂ એ, પ્રીતિ વિજય કહે શિષ્ય;
વિનય વિજય કહે વીરને, ચરણે નામું શિશ. ૩

(૧૦)

નવ ચોમાસી તપ કર્યા, ત્રણ માસી દોય;
દોય દોય અઢી માસી તેમ, દોઢ માસી દોય. ૧
બહોંતેર પાસખમણ કર્યા, માસખમણ કર્યા બાર;
ષડ્ દ્વિમાસી તપ આદર્યા, બાર અટ્ઠમ તપ સાર. ૨
ષડ્ માસી એક તપ કર્યો, પંચ દિન ઉણ ષડ્ માસ;
બસો ઓગણત્રીસ છટ્ઠ ભલા, દીક્ષા દિન એક ખાસ. ૩
ભદ્રપ્રતિમા દોય ભલી, મહાભદ્ર દિન ચાર;
દશ દિન સર્વતોભદ્રના, લાગટ નિરધાર. ૪
વિણ પાણી તપ આદર્યો, પારણાદિક જાસ;
દ્રવ્યાહારે પારણા કર્યા, ત્રણસો ઓગણ પચાસ. ૫
છદ્મસ્થા એણીપરે રહ્યાં એ, સહ્યાં પરિષહ ઘોર;
શુક્લધ્યાન અનલે કરી, બાળ્યાં કર્મ કઠોર. ૬
શુક્લધ્યાન અંતે રહ્યાં એ, પામ્યા કેવળજ્ઞાન;
પદ્મવિજય કહે પ્રણમતાં, લહીએ નિત્ય કલ્યાણ. ૭

(૧૧)

સકલપર્વ શૃંગાર હાર, પજુસણ કહીએ,
મંત્રમાંહી નવકાર મંત્ર, મહિમા જગ લહીએ. ૧

આઠ દિવસ અમારી સાર અટ્ઠાઈ પાલો,
આરંભાદિક પરિહરી, નરભવ અજુઆલો. ૨
ચૈત્યપરિપાટી શુદ્ધ સાધુ, વિધિ વંદન જાવે,
અટ્ઠમ તપ સંવત્સરી, પડિક્કમણું ભાવે. ૩
સાધર્મિક જન ખામણાં એ, ત્રિવિધશું કીજે,
સાધુમુખ સિદ્ધાંત કાંત, વચનામૃત રસ પીજે. ૪
નવ વ્યાખ્યાને કલ્પસૂત્ર, વિધિપૂર્વક સુણીયે,
પૂજા નવ પ્રભાવના, નિજ પાતિક હણીયે. ૫
પ્રથમ વીર ચરિત્ર બીજ, પાર્શ્વ ચરિત્ર અંકુર,
નેમચરિત્ર પ્રબંધ ખંધ, સુખ સંપત્તિ પૂર. ૬
ઋષભ ચરિત્ર પવિત્ર એ, પત્ર શાખા સમુદાય,
સ્થવિરાવલી બહુ કુસુમપુર, સરિખો કહેવાય. ૭
સમાચારી શુદ્ધતાએ, વરગંધ વખાણો,
શિવસુખ પ્રાપ્તિ ફલસહી, સુરતરૂ સમજાણો. ૮
ચૌદ પૂર્વધર શ્રી ભદ્રબાહુ, જિણે કલ્પ ઉદ્ધરીયો,
નવમા પૂર્વથી યુગપ્રધાન, આગમજલ દરીયો. ૯
સાતવાર શ્રી કલ્પસૂત્ર, જે સુણે ભવિપ્રાણી,
ગૌતમને કહે વીરજિન, તે પરણે શિવરાણી, ૧૦
કાલિકસૂરી કારણે એ, પજ્જુસણ કીધા,
ભાદરવા સુદિ ચોથમાં, જિનવર વચન પ્રમાણ. ૧૧
પંચમી કરણી ચોથમાં, જિનવર વચન પ્રમાણે,
વીર થકી નવશે એંસી, વરસે તે આણે. ૧૨
શ્રીલક્ષ્મીસાગરસૂરીશ્વરૂએ, પ્રમોદસાગર સુખકાર,
પર્વ પજુસણ પાલતાં, હોવે જયજયકાર. ૧૩

## સત્યાવીશભવનું ચૈત્યવંદન

પ્રથમ ભવ નયસારનો, પહેલે સ્વર્ગે જાય,
ત્રીજે ભવ મરિચી બની, પાંચમે સ્વર્ગે સિધાય. ૧
પાંચમે ભવ ત્રિદંડીયો, ભમીયો બહુ સંસાર,
દશ ભવ તિમહીજ લહ્યા, ત્રિદંડી સુર અવતાર. ૨
સોળમે ભવે વિશ્વભૂતિ, સંયમ આરાધે,
પિતરીયો હસ્યા થકી, નિયાણું બાંધે. ૩
મહાશુક્રમાં સુર થઈ, ત્રિપૃષ્ટ વાસુદેવ,
સાતમી નરકે દુઃખ લહ્યા, ન કરે કોઈ સેવા. ૪
વીશમે સિંહ એકવીશમે, ચોથી નારકી થાય,
બાવીશ નરભવ તેવીશમે, પ્રિયમિત્ર ચક્રી થાય. ૫
મહાશુક્રે સુખ ભોગવી, બન્યા ઋષિ નંદન,
વિશસ્થાનક તપ આદરી, કરે કર્મ નિકંદન ૬
પ્રાણત કલ્પ લહી બન્યા, વર્ધમાન જિનરાજ
જ્ઞાનવિમલ ગુણ ગાવતા, પામે ત્રિભુવનરાજ. ૭

## શ્રી પર્યુષણ પર્વની થોથો

(૧)

પુણ્યનું પોષણ પાપનું શોષણ, પર્વ પર્યુષણ પામીજી,
કલ્પ ઘરે પધરાવો સ્વામી, નારી કહે શિર નામીજી,
કુંવર ગયવર ખંધ ચઢાવી, ઢોલ નિશાન વગડાવોજી,
સદ્ગુરૂ સંગે ચઢાવે રંગે, વીર ચરિત્ર સુણાવેજી, ૧
પ્રથમ વખાણે ધર્મ સારથિ પદ, બીજે સુપના ચારજી,
ત્રીજે સુપન પાઠક વલી ચોથે, વીર જન્મ અધિકારજી,

પાંચમે દીક્ષા છઠ્ઠે શિવપદ, સાતમેં જિન ત્રેવીશજી,
આઠમે થિરાવલી સંભળાવી, પિઉડા પૂરો જગીશજી. ૨
છઠ્ઠ અઠ્ઠમ અઠ્ઠાઈ કીજે, જિનવર ચૈત્ય નમીજેજી,
વરસી પડિક્કમણું મુનિવંદન, સંઘ સયલ ખામીજેજી;
આઠ દિવસ લગે અમર પળાવી, દાન સુપાત્રે દીજેજી,
ભદ્રબાહુ ગુરૂ વયણ સુણીને, જ્ઞાન સુધારસ પીજેજી. ૩
તીરથમા વિમલાચલ ગિરિમાં, મેરૂ મહીધર જેમજી,
મુનિવરમાંહી જિનવર મ્હોટા, પર્વ પર્યુષણ તેમજી;
અવસર પામી સાહમ્મિવચ્છલ, બહુ પકવાન્ન વડાઈજી,
ખિમાવિજય જિનદેવી સિદ્ધાઈ, દિન દિન અધિક વધાઈ. ૪

## (૨)

મણિ રચિત સિંહાસન, બેઠા જગદાધાર,
પર્યુષણ કેરો, મહિમા અગમ અપાર;
નિજ મુખથી દાખી, સાખી સુરનર વૃંદ,
એ પર્વ સર્વમાં, જેમ તારામાં ચંદ. ૧
નાગકેતુની પરે, કલ્પ સાધન કીજે,
વ્રત નિયમ આખડી, ગુરૂ મુખ અધિકી લીજે;
દોય ભેદે પૂજા, કાન પંચ પ્રકાર,
કર પડિક્કમણાં ધર, શિયલ અખંડિત ધર. ૨
જે ત્રિકરણે શુદ્ધે, આરાધે નવ વાર,
ભવ સાત આઠ, અવશેષ તાસ સંસાર;
સહુ સૂત્ર શિરોમણિ, કલ્પસૂત્ર સુખકાર,
તે શ્રવણ સુણીને, સફલ કરો અવતાર. ૩

સહુ ચૈત્ય જુહારી, ખમત ખામણાં કીજે,
કરી સાહમ્મિવત્સલ, કુગતિ દ્વાર પટ દીજે;
અઠ્ઠાઈ મહોત્સવ, ચિદાનંદ ચિત્ત લાઈ,
ઈમ કરતાં સંઘને, શાસન દેવ સુહાઈ. ૪

**(૩)**

વરસ દિવસમાં અષાડ ચોમાસું, તેમાં વળી ભાદરવો માસ,
આઠ દિવસ અતિ ખાસ;
પર્વ પર્યુષણ કરો ઉલ્લાસ, અઠ્ઠાઈ ધરનો કરવો ઉપવાસ,
પોષહ લીજે ગુરૂ પાસ;
વડા કલ્પનો છઠ્ઠ કરીજે, તેહ તણો વખાણ સુણીજે;
ચૌદ સુપન વાંચીજે;
પડવેને દિન જન્મ વંચાય, ઓચ્છવ મહોચ્છવ મંગલ ગાય,
વીર જિણેસર રાય. ૧
બીજ દિને દીક્ષા અધિકાર, સાંજ સમય નિર્વાણ વિચાર,
વીર તણો પરિવાર;
ત્રીજ દિને શ્રી પાર્શ્વ વિખ્યાત, વળી નેમિસરનો અવદાત,
વળી નવ ભવની વાત;
ચોવીશ જિન અંતર ત્રેવીશ, આંદિ જિનેશ્વર શ્રીજગદીશ,
તાસ વખાણ સુણીશ;
ધવળ મંગળ ગીત ગહુંલી કરીએ, વલી પ્રભાવના નિત
અનુસરીએ, અઠ્ઠમ તપ જપ વરીએ. ૨
આઠ દિવસ લગે અમર પાળવો, તેહ તણો પડહો વજડાવો,
ધ્યાન ધરમ મન ભાવો;
સંવત્સરી દિન સાર કહેવાયે, સંઘ ચતુર્વિધ ભેળો થાય,
બારશે સૂત્ર સુણાય;

થિરાવલી ને સમાચારી, પટ્ટાવલી પ્રમાદ નિવારી,
સાંભળજો નરનારી;
આગમ સૂત્રને હું પ્રણમીશ, કલ્પસૂત્ર શું પ્રેમ ધરીશ,
શાસ્ત્ર સર્વે સુણીશ. ૩
સત્તરભેદી જિન પૂજા રચાવો, નાટક કેરા ખેલ મચાવો,
વિધિશું સ્નાત્ર ભણાવો;
આડંબરશું દેહરે જઈએ; સંવત્સરી પડિક્કણું કરીએ,
સંઘ સર્વને ખમીએ,
પારણે સાહમ્મિવચ્છલ કીજે, યથાશક્તિ દાનજ દીજે,
પુણ્ય ભંડાર ભરીજે;
શ્રી વિજય ક્ષેમસૂરિ ગુણધાર, જશવંત સાગર ગુરૂ ઉદાર
જિણંદસાગર જયકાર ૪

## (૪)

સત્તરભેદી જિન પૂજા રચીને, સ્નાત્ર મહોત્સવ કીજેજી.
ઢોલ દદામાં ભેરી ન ફેરી, ઝલ્લરી નાદ સુણીજેજી;
વીર જિન આગળ ભાવના ભાવી, માનવભવ ફળ લીજેજી,
પર્વ પર્યુષણ પૂરવ પુણ્યે, આવ્યાં એમ જાણી જે જી. ૧
માસ પાસ વલી દશમ દુવાલસ, ચત્તારિ અઠ્ઠ કીજે જી,
ઉપર વળી દસદોય કરીને, જિન ચોવીશે પૂજે જી;
વડાકલ્પનો છઠ્ઠ કરીને, વીર ચરિત્ર સુણીજેજી,
પડવાને દિન જન્મ મહોત્સવ, ધવળ મંગળ વરતીજેજી. ૨
આઠ દિવસ લગે અમર પળાવી, અઠ્ઠમનો તપ કીજેજી,
નાગકેતુની પરે કેવલ લહીએ, જો શુભ ભાવે રહીએજી;

તેલાધર દિન ત્રણ કલ્યાણક, ગણધર વાદ વદીજેજી,
પાસ નેમીશ્વર અંતર ત્રીજે, ઋષભ ચરિત્ર સુણીજેજી. ૩
બારસે સૂત્ર ને સમાચારી, સંવચ્છરી પડિક્કમીએજી,
ચૈત્ય પ્રવાડી વિધિશું કીજે, સર્વજીવને ખામીજેજી;
પારણાને દિન સાહમ્મિવત્સલ, કીજે અધિક વડાઈ જી,
માનવિજય કહે સકલ મનોરથ, પૂરે દેવી સિદ્ધાઈ જી. ૪

## (૫)

પર્વ પર્યુષણ પુન્યે કીજે, સત્તરભેદી જિન પૂજા રચી જે,
વાજિંત્ર નાદ સુણીજે;
પ્રભાવના શ્રીફલની કીજે, યાચક જનને દાન જ દીજે,
જીવ અમારી કરીજે;
મનુષ્ય જન્મ ફલ લાહો લીજે, ચોથ છઠ્ઠ અઠમ તપ કીજે,
સાહમ્મિવચ્છલ કીજે;
ઈમ અઠ્ઠાઈ મહોચ્છવ કીજે, કલ્પસૂત્ર ઘેર પધરાવી જે,
આદિનાથ પૂજી જે. ૧
વડાકલ્પ દિન ધુરી મંડાણ, દશ કલ્પ આચાર પરિમાણ,
નાગકેતુ વખાણ;
પછી કરીએ સૂત્ર મંડાણ, દશ કલ્પ આચાર પરિમાણ,
મેઘકુમાર અહિઠાણ;
દશ અચ્છેરાનો અધિકાર, ઈંદ્ર આદેશે ગર્ભ પરિહાર
દેખે સુપન ઉદાર;
ચોથે સ્વપ્ન બીજું સાર, સ્વપ્ન પાઠક આવ્યા દરબાર,
ઈમ ત્રીજું જયકાર ૨

ચોથે વીર જન્મ વખાણ, દિશિકુમરી સવિ ઇંદ્રની જાણ,
દીક્ષા પંચ વખાણ;
પારણે પરિષહ તપને નાણ, ગણધર વાદ ચોમાસું પરિમાણ,
તિમ પામ્યા નિરવાણ;
એ છટ્ઠે વખાણે કહીએ, તેલાધર દિવસ એમ લહીએ,
શ્રી વીર ચરિત્ર એમ સુણીએ;
પાસ નેમિજિન અંતર સાત, આઠમે ઋષભ થેરા અવદાત,
સુણતાં હોયે શિવ સાથ. ૩
સંવચ્છરી દિન સહુ નરનારી, બારસેં સૂત્ર ને સમાચારી,
નિસુણે અઠ્ઠમ ધારી;
સુણીએ ગુરૂ પટ્ટાવલી સારી, ચૈત્ય પ્રવાડી અતિ મનોહારી,
ભાવે દેવ જુહારી;
સાહમ્મિ સાહમણી ખામણાં કીજે, સમતા રસ માંહી ઝીલીજે,
દાન સંવચ્છરી દીજે;
ઇમ ચક્કેસરી સાન્નિધ્ય કીજે જ્ઞાનવિમલસૂરિ જગ જાણીજે,
સુજસ મહોદય લીજે. ૪

(૬)

જિન આગમ ચઉ પરવી ગાઈ, ત્રણ ચોમાસી છ અઠ્ઠાઈ
પર્યુષણ પર્વ સવાઈ;
એ શુભ દિનને આવ્યા જાણી, ઊઠો આલસ છંડી પ્રાણી;
ધર્મની નીક મંડાણી;
પોષહ પડિક્કમણાં કરો ભાઈ, માસખમણ પાસખમણ અઠ્ઠાઈ,
કલ્પ અઠ્ઠમ સુખદાઈ;

દાન દયા દેવપૂજા ગુરૂવરની, વાચના સુણીએ કલ્પસૂત્રની,
આજ્ઞા વીર જિનવરની ૧
સાંભળી વીરનું ચરિત્ર વિશાલ, ચઉદ સ્વપ્ને જન્મ્યા ઉજમાળ,
જન્મ મહોત્સવ રસાળ;
આમલક્રીડાએ સુર હરાવ્યો, દીક્ષા લઈ કેવલ ઉપજાવ્યો,
અવિચલ ઠામ સોહાયો;
પાસ નેમિ સંબંધ સાંભલીએ, ચોવીશ જિનના અંતર સુણીએ
આદિ ચરિત્ર સાંભળીયે;
વીરતણા ગણધર અગ્યાર, થિરાવલીનો સુણો અધિકાર,
એ કરણી ભવપાર. ૨
અષાઢીથી દિન પચાસ, પર્યુષણ પડિક્કમણું ઉલ્લાસ,
સીત્તેર દિન ચઉમાસ, (એકે ઉણુ પણમાસ,)
સમાચારી સાધુનો પંથ, વરતે જયણાએ નિર્ગ્રન્થ,
પાપ ન લાગે અંશ;
ગુરૂ આણાએ મુનિવર રાચે, રાગી ઘરે જઈ વસ્તુ ન જાચે,
ચાલે મારગ સાચે;
વિગઈ ખાવાનો સંચ ન આણે, આગમ સાંભળતાં સહુ જાણે,
શ્રી વીરજિન વખાણે ૩
કુંભાર કાનમાં કાંકરી ચંપે, પીડાએ ક્ષુલ્લક પણ કંપે,
મિચ્છામિ દુક્કડં જંપે;
એમ જે મન આમળો નવિ છોડે, આ ભવ પરભવ દુઃખ બહુ
જોડે, પડે નરકને ખોળે;
આરાધક જે ખમે ખમાવે, મન શુદ્ધે અધિકરણ શમાવે,
તે અક્ષય સુખ પાવે;
સિદ્ધાયિકા સુરી સાન્નિધ્યકારી, શ્રી મહિમાપ્રભસૂરિ ગચ્છધારી,
ભાવરતન સુખકારી ૪

## (૭)

પર્વ પર્યુષણ પુણ્યે પામી, પરિમલ પરમાનંદોજી;
અતિ ઓચ્છવ આડંબર સઘળે ઘર ઘર બહુ આનંદોજી;
શાસન અધિપતિ જિનવર વીરે, પર્વ તણાં ફલ દાખ્યાંજી
અમારિ તણો ઢંઢેરો ફેરી, પાપ કરતાં રોક્યાજી. ૧
મૃગનયની સુંદરી સુકુમારી, વચન વંદે ટંકશાળીજી;
પુરો પનોતા મનોરથ મારા, નિરૂપમ પર્વ નિહાળીજી;
વિવિધ ભાતિ પકવાન્ન કરીને, સંઘ સયલ સંતોષોજી;
ચોવીશે જિનવર પૂજીને, પુણ્ય ખજાનો પોષોજી. ૨
સકલ સૂત્રશિરમુગટ નગીનો, કલ્પસૂત્ર જગ જાણોજી;
વીર પાસ નેમીશ્વર અંતર, આદિચરિત્ર વખાણોજી;
સ્થવિરાવળીને સમાચારી, પટ્ટાવળી ગુણ ગેહજી;
એમ એ સૂત્ર સવિસ્તર સુણીને, સફલ કરો નર દેહજી. ૩
એણી પરે પર્વ પર્યુષણ પાળી પાપ સર્વે પરિહરિએજી;
સંવત્સરી પડિક્કમણું કરતાં કલ્યાણ કમળા વરીએજી;
ગોમુખ જક્ષ ચક્રેશ્વરી દેવી, શ્રી મણિભદ્ર અંબાઈજી;
શુભવિજય કવિ શિષ્ય અમરને, દિન દિન કરજો વધાઈજી. ૪

## (૮)

પુણ્યવંત પોશાલે આવે, પર્વ પર્યુષણ આવ્યા વધાવે,
ધર્મના પંથ ચલાવે;
ઘાંચીની ઘાણી છોડાવે, જીવબંધનની જાળ તોડાવે,
બંદીવાન ખોલાવે;

આઠ દિવસ લગે અમર પલાવે, સ્વામિવચ્છવ મેરૂ ભરાવે,
જિન શાસન દીપાવે;
પોસહ પડિક્કમણું ચિત્ત ધારે, ક્રોધ કષાય અંતરથી વારે,
વીરજી ની પૂજા રચાવે; ૧
પુસ્તક લેઈ રાત્રીજગો કીજે; ગાજંતે ગુરૂ હસ્તે દીજે,
ગંહુલી સુવાસણ કીજે;
કલ્પસૂત્ર પ્રારંભે વખાણું; વીર જન્મ દિન સહુકો જાણું,
નીશાલ ગરણા ઠાણું;
ખાંડ પડા પેંડા પતાસાં; ખાંડના ખડીઆને નાલી એર
ખાસા પ્રભાવના ઉલ્લાસા;
વીર તણો પહેલો અધિકાર,પાસ નેમીસ અંતર સાર,
આદિ ચરિત્ર ચિત્તધાર. ૨
જંબૂ પાટે ત્રિભુવન ગુણભરીયા, શ્રી સિજ્જંભવ જેણે ઉદ્ધરીયા,
યજ્ઞ થકી ઉદ્ધરીયા;
કોશ્યા ઘેર ચોમાસું કીધું, અખંડ શીયલનું દાન જ દીધું,
સ્થૂલીભદ્ર નામ પ્રસિધું;
પારણે ગાયા હાલરડા, સાંભળતા સૂત્ર પાઠવીયા,
વયરસ્વામી શુભ વરીયા,
એમ સ્થવિરાવલી ભાખીએ જેહ, સોહમસ્વામી ચિંતામણી તેહ,
કલ્પમાં સુણીયે એહ; ૩
ઝલકસ મસરૂ ને પાઠ રૂમાલ, પૂજીએ પોથીને જ્ઞાન વિશાલ,
ઠવણી સહેજ સંભાલ,
વલી પૂજા કીજે ગુરુ અંગ, સંવત્સરી દિન મનને રંગ,
બારસો સુણી એક અંગ,

સાસુ જમાઈના અડીયા ને દડીયા , સમાચારી માંહે સાંભલીયા,
ખામણે પાપ જ ટલીયા;
શ્રી ભાવલબ્ધિસૂરી એ કરણી, શ્રી પદ મહેલ ચડણ નીસરણી,
સિદ્ધાયિકા દુઃખ હરણી. ૪

## શ્રી પર્યુષણ પર્વના સ્તવનો

### (૧)

(રાગ...આવો આવો...હે વીર...)

રીઝો રીઝો શ્રી વીર દેખી, શાસનના શિરતાજ;
હરખો હરખો આ મોસમ આવી, પર્વ પર્યુષણા આજ. રી૦ ૧
પ્રભુજી દેવે પર્ષદામાંહે, ઉત્તામ શિક્ષા એમ;
આળસમાં બહુ કાળ ગુમાવ્યો, પર્વ ન સાધો કેમ ? રી૦ ૨
સોનાનો રજકણ સંભાળે, જેમ સોની એક ચિત્ત;
તેથી પણ આ 'અવસર અધિકો, કરો આતમ પવિત્ર. રી૦ ૩
જેને માટે નિશદિન રખડો, તજી ધરમના નીમ;
પાપ કરો તો શિરપર બોજો, તો વ્યાજબી કિમ. રી૦ ૪
કોઈ ન લેશે ભાગ પાપનો, ધનનો લેશે સર્વ,
પરભવ જાતાં સાથ ધર્મનો, સાધો આ શુભ પર્વ. રી૦ ૫
સંપીને સમતાએ સુણજો, અટ્ઠાઈ વ્યાખ્યાન;
છટ્ઠ કરજો શ્રી કલ્પસૂત્રનો, વાર્ષિક અટ્ઠમ જાણ રી૦ ૬
નિશીથ સૂત્રની ચૂર્ણિમાંહે, આલોચના વખણાય;
ખમીએ હોંશે સર્વ જીવને, જીવન નિર્મળ થાય. રી૦ ૭

ઉપકારી શ્રી પ્રભુની કીજે, પૂજા અષ્ટ પ્રકાર;
ચૈત્ય જુહારો ગુરૂ વંદી જે, આવશ્યક બે કાળ. રી૦ ૮
પૌષધ ચોસઠ પ્રહરી કરતાં, જાયે કર્મ જંજાળ;
પદ્મવિજય સમતા રસ ઝીલે, ધર્મ એ મંગળમાળ રી૦ ૯

## (૨)

સુણજો સાજન સંત, પર્યુષણ આવ્યાં રે; તમે પુણ્ય કરો પુણ્યવંત,
ભવિક મન ભાવ્યાં રે,
વીર જિણેસર અતિ અલવેસર, વાલા મારા પરમેશ્વર એહ બોલે રે;
પર્વમાંહે પર્યુષણ મોટા, અવર ન આવે તસ તોલે રે પર્યુ૦ ૧
ચૌપદમાં જેમ કેસરી મોટો, વા૦ ખગમાં ગરૂડ તે કહીએ રે,
નદિયોંમાંહે જેમ ગંગા મોટી, નગમાં મેરૂ લહીએ રે. પર્યુ૦ ૨
ભૂપતિમાંહે ભરતેશ્વર ભાખ્યો, વા૦ દેવમાંહે સુર ઈંદ્ર રે;
તીરથમાંહે શેત્રુંજો દાખ્યો, ગ્રહગણમાં જિન ચંદ્રરે. પર્યુ૦ ૩
દસરા દીવાલીને વળી હોલી, વા૦ અખાત્રીજ દિવાસો રે;
બળેવ પ્રમુખ બહુલાં છે બીજાં, પણ નહિ મુક્તિનો વાસો રે. પર્યુ૦ ૪
તે માટે તમે અમર પળાવો, વા૦ અટ્ઠાઈ મહોચ્છવ કીજે રે;
અઠ્ઠમ તપ અધિકાઈએ કરીને, નરભવ લાહો લીજે રે. પર્યુ૦ ૫
ઢોલ દદામાં ભેરી નફેરી, વા૦ કલ્પસૂત્રને જગાવો રે;
ઝાંઝરના ઝમકાર કરીને, ગોરીની ટોલી મલી આવો રે. પર્યુ૦ ૬
સોના રૂપાને ફૂલડે વધાવો, વા૦ કલ્પસૂત્રને પૂજો રે;
નવ વખાણ વિધિએ સાંભળતાં, પાપ મેવાસી ધ્રુજો રે પર્યુ૦ ૭
એમ અઠ્ઠાઈ મહોચ્છવ કરતાં, વા૦ બહુ જન ઉદ્ધરિયા રે;
વિબુધવિજય વર સેવક નય કહે, નવનિધિ રિદ્ધિ સિદ્ધિ વરીયા રે. પર્યુ૦ ૮

પ્રભુ વીર જિણંદ વિચારી, ભાખ્યાં પર્વ પર્યુષણ ભારી;
આખા વર્ષમાં તે દિન મ્હોટા, આઠે નહિ તેમાં છોટા રે, ૧
એ ઉત્તમ ને ઉપકારી, ભાખ્યાં પર્વ પર્યુષણ ભારી.
જેમ ઔષધમાંહી કહીએ, અમૃતને સારૂ લહીએ રે;
મહામંત્રમાં નવકારમંત્ર, ભાખ્યાં૦ ૨
વૃક્ષમાંહિ કલ્પતરૂ સારો, એમ પર્વ પર્યુષણ સારો રે;
સૂત્રમાંહી કલ્પ ભવતારી, ભાખ્યાં૦ ૩
તારાગણમાં જેમ ચંદ્ર, સૂરવર માંહિ જેમ ઇંદ્ર રે;
સતીઓમાં સીતા નારી, ભાખ્યાં૦ ૪
જો બને તો અટ્ઠાઈ કીજે, વળી માસખમણ તપ લીજે રે;
સોળભત્થાની બલિહારી, ભાખ્યાં૦ ૫
નહિ તો ચોથછટ્ઠ તો લહીએ, અટ્ઠમ કરી દુઃખ સહીએ રે;
તે પ્રાણી જુજ અવતારી, ભાખ્યાં૦ ૬
તે દિવસે રાખી સમતા, છોડો મોહ માયા ને મમતા રે;
સમતા રસ દિલમાં ધારી, ભાખ્યાં૦ ૭
પૂરવ તણો સાર લાવી, જેણે કલ્પસૂત્ર બનાવી રે,
ભદ્રબાહુ વાર અનુસારી, ભાખ્યાં પર્વ પર્યુષણ ભારી. ૮
સોના રૂપાનાં ફૂલડા ભરીએ, એ કલ્પની પૂજા કરીએ રે;
એ શાસ્ત્ર અનોપમ ભારી, ભાખ્યાં પર્વ પર્યુષણ ભારી. ૯
ગીત ગાન વાજિંત્ર બજાવે, પ્રભુજીની આગી રચાવે રે;
કરે ભક્તિ વાર હજારી, ભાખ્યાં પર્વ પર્યુષણ ભારી રે. ૧૦
સુગુરૂ મુખથી એ સાર, સુણે અખંડ એકવીશ વાર રે;
જાવે એહિ જ ભવે શિવ પ્યારી, ભાખ્યાં૦ ૧૧
એમ અનેક ગુણના ખાણી તે પર્વ પર્યુષણ જાણી રે;
સેવો દાન દયા મનોહારી, ભાખ્યાં પર્વ પર્યુષણ ભારી. ૧૨

## (૪)

પર્વ પર્યુષણ સેવો રે ભવિકા, પર્વ પર્યુષણ સેવો,
શિવતરુ ફળનો મેવો રે, પર્વ પર્યુષણ સેવો
શ્રેણિક પૂછે વીર પ્રભુને, પર્વ પર્યુષણ સ્વામી
કઈ રીતે આરાધન કરિયે, કહોને અંતરજામી રે... ૧
વીર જિનેશ્વર ઉચ્ચરે વાણી, અધિક અમીરસ મીઠી,
સાંભળ શ્રેણિક કહુ તુજ આગળ, યોગ્ય છે સમક્તિ દૃષ્ટિ...૨
ઉત્તમ પર્વ સંઘ સકલ મળી, શ્રી જિન ચૈત્ય જુહારે...
સાધુ તણી ભક્તિ મનરંગે, કરીએ કર્મ વિડારે... ૩
કલ્પતરુ સમાન ગણીને, કલ્પસૂત્ર આરાધે
ઓચ્છવ પૂજાથી સુત્ર સુણીને, તન મન આતમ સાધે... ૪
શ્રી જિનની પૂજા સાચવીને, અંગે ઓચ્છવનો ઠાઠ,
પરભાવનાને વિવિધ પ્રકારે, શ્રી સંઘમાં દિન આઠ... ૫
સ્વામીવાત્સલ્ય જિમ ઉછરંગે, વિમલવાહન નૃપ કિનો રે,
ત્રીજા સંભવ જિનપદ પામ્યા, તેમ કરીએ થઈ લીનો રે... ૬
અમારી પડહો બજાવો જગતમાં, તજે તજાવે આણંદ રે
જેમ કુમાર નરેન્દ્ર ભીનો, જસ કીર્તિ પુણ્ય અચંભો રે... ૭
નાગકેતુની પરે અઠ્ઠમ તપને, પૂજીએ કરી શુભ ધ્યાન,
સકલ સંઘ માંહોમાંહિ ખમાવે, નિષ્કપટે બહુમાન રે... ૮
સંવત્સરી પ્રતિક્રમણ ભાવે, જે કરશે નરનારી,
પોષહને સામાયિક સાથે, પર્વતિથી સંભારી રે... ૯
ઈત્યાદિ અનેક વિધિથી રે જે જે ભવિ આરાધે
પર્વ આરાધે આતમશક્તિ પહોંચે શિવપુર સ્થાને રે... ૧૦
પર્યુષણ ચિંતામણી ગ્રંથમાં, ગજસિંહ નૃપ અધિકારી રે,
એ પર્વ સાધો પુન્ય સમાધિ, તીર્થંકર પદ પામે રે... ૧૧

શ્રી જિનમુખે પર્વનો મહિમા, સાંભળી શ્રેણિકરાય,
અતિ આનંદે પર્વનું સેવન, દેશ સકલ વરતાય રે... ૧૨
તપગચ્છમાં ન્યાયામ્ભોનિધીવર, શ્રી સૂરિ વિજયાનંદ
વાચક લક્ષ્મીવિજયનાં શિષ્ય, કુમુદવિજય ગુણચંદ રે...૧૩
શિષ્ય છે હિરવિજયજી તેના, તપ સંયમનું ધામ,
લઘુ બાલક જે લબ્ધિ ગાવે, પામે આતમરામ રે... ૧૪

## ૭ અઠ્ઠાઈનું સ્તવન

### દુહા

સ્યાદ્વાદ શુદ્ધોદધિ, વૃદ્ધિ હેતુ જિનચંદ;
પરમ પંચ પરમેષ્ઠિમાં, તાસ ચરણ સુખકંદ. ૧
ત્રિજગ ગોચર નામ જે, ધ્યાવે નિજભાન નેહ;
થઈ લોકોત્તર તે સદા, પામે શિવવધૂ ગેહ, ૨
પંચ વરણ અરિહા વિભુ, પંચ કલ્યાણક ધ્યેય;
ષટ્ અઠ્ઠાઈ સ્તવના રચું, પ્રણમી અનંત ગુણગેહ ૩

### (ઢાળ ૧ લી)

### (રાગ...સિદ્ધચક્ર પદ વંદો)

ચૈત્ર માસ શુદિ પક્ષમાં રે, પ્રથમ અઠ્ઠાઈ સંયોગ,
જિહાં સિદ્ધચક્રની સેવના, અધ્યાતમ ઉપયોગ રે,
ભવિકા પર્વ અઠ્ઠાઈ આરાધ મનવાંછિત સુખ સાધરે
ભવિકા ! પર્વ અઠ્ઠાઈ આરાધ. ૧
પંચ પરમેષ્ઠી ત્રિકાલના રે, ઉત્તમ ચઉ ગુણ કંત,
શાશ્વતા પદ સિદ્ધચક્રના રે, વંદતા મહંત રે ભ૦ ૨
લોચન કર્ણ યુગલ મુખે રે, નાસિકા અગ્ર નિલાડ;

તાલુ શિર નાભિ હૃદે રે, ભ્રકુટિ મધ્યે ધ્યાન પાઠ રે. ભ૦ ૩
અષ્ટકમલ દલ કર્ણિકા રે, નવપદ થાપો ભાવ;
બાહિર યંત્ર રચી કરી રે, ધારો અંતર અનુભાવ રે. ભ૦ ૪
આલંબન સ્થાનક કહ્યાં રે, જ્ઞાનીએ દેહ મોઝાર;
તેહમાં વિગત વિષયપણે રે, ચિત્તમાં એક આધાર રે. ભ૦ ૫
આસો સુદિ સાતમ થકી રે, બીજી અટ્ઠાઈ મંડાણ;
ત્રણસેં છેતાલીસ ગુણે કરી રે, અસિઆ ઉસાદિક ધ્યાન રે. ભ૦ ૬
ઉત્તરાધ્યયન ટીકા કહે રે, એ દોય શાશ્વતી યાત્ર;
કરતા દેવ નંદીશ્વરે રે, નર નિજ ઠામ સુપાત્ર રે. ભ૦ ૭

## (ઢાળ ૨ જી)

(રાગ...જાત્રા નવાણું કરીએ)

અષાઢ ચોમાસાની અટ્ઠાઈ, જિહાં અભિગ્રહ અધિકાઈ;
કૃષ્ણ કુમારપાળ પરે પાળો, જીવદયા ચિત્ત લાઈ રે,
પ્રાણી અટ્ઠાઈ મહોચ્છવ કરીએ, સચિત્ત આરંભ પરિહરિએ રે. ૧
દિસિગમન તજો વર્ષા સમયે, ભક્ષ્યાભક્ષ્ય વિવેક;
અછતિ વસ્તુ પણ વિરતિએ, બહુફલ વંકચૂલ સુવિવેક રે. પ્રા૦ ૨
જે જે દેહે ગ્રહીને મૂક્યા, તેહથી જે હિંસા થાય;
પાપ આકર્ષણ અવિરતિ યોગે, તે જીવે કર્મ બંધાય રે. પ્રા૦ ૩
સાયક દેહના જીવ જે ગતિમાં, વસિયા તસ હોય કર્મ;
રાજા રંકને કીરિયા સરિખી, ભગવતિ અંગનો મર્મ રે પ્રા૦ ૪
ચોમાસી આવશ્યક કાઉસ્સગ્ગના, પંચશત માને ઉસાસ;
છટ્ઠ તપની આલોયણ કરતાં, વિરતિ ધર્મ ઉજાસ રે પ્રા૦ ૫

## (ઢાળ ૩ જી)

કાર્તિક સુદિમાંજી, ધરમ વાસર અડધારીયે,
તિમ વળી ફાલ્ગુનેજી, પર્વ અઠ્ઠાઈ સંભારીયે,
ત્રણ અઠ્ઠાઈજી, ચોમાસી ત્રણ કારણી,
ભવિ જીવનાંજી, પાતિક સર્વ નિવારણી. ૧

### (ત્રુટક)

નિવારણી પાતકતણી એ જાણી, અવધિજ્ઞાને સુરવરા;
નિકાય ચારના ઈંદ્ર હર્ષિત, વંદે નિજ નિજ અનુચરા;
અઠ્ઠાઈ મહોચ્છવ કરણ સમયે, શાશ્વતા એ દેખીયે,
સવિ સજ્જ થાઓ દેવદેવી, ઘંટાનાદ વિશેષીયે. ૨

### (ઢાળ)

વલી સુરપતિજી, ઉદ્‌ઘોષણા સુરલોકમાં,
નિપજાવીજી, પરિકર સહિત અશોકમાં,
દ્વીપ આઠમેજી, નંદીશ્વર સવિ આવીયા,
સાસય પડિમાજી, પ્રણમી વધાવે ભાવીયા. ૩

### (ત્રુટક)

ભાવીયા પ્રણમી વધાવી પ્રભુને, હર્ષ બહુલે નાચતા,
બત્રીસ વિધના કરીય નાટક, કોડી સુરપતિ માચતા;
હાથ જોડી માન મોડી, અંગ ભાવ દેખાવતી,
અપચ્છરા રંભા અતિ અચંભા, અરિહા ગુણ આલાવતી. ૪

(ઢાળ)

ત્રણ અઠ્ઠાઈમાં જી, ષટ્ કલ્યાણક જિનતણાં,
તિમ વળી આલયજી, બાવન જિનનાં બિંબ ઘણાં;
તસ સ્તવનાજી, અદ્ભુત અર્થ વખાણતાં,
ઠામે પહોંચેજી, પછે જિન નામ સંભારતા. ૫

(ત્રોટક)

સંભારતાં પ્રભુ નામ નિશદિન, પર્વ અઠ્ઠાઈ મન ધરે,
સમક્તિ નિર્મલ કરણ કારણ, શુભ અભ્યાસે અનુસરે;
નરનારી સમક્તિવંત ભાવે, એહ પર્વ આરાધશે,
વિઘ્ન નિવારે તેહનાં સવિ, સૌભાગ્ય લક્ષ્મી વાધશે. ૬

**(ઢાળ ૪થી)**

(રાગ : સંભવ જિનવર વિનતિ)

પર્વ પર્યુષણમાં સદા, અમારી પડહો વજડાવો રે;
સંઘ ભગતિ દ્રવ્ય ભાવથી, સાહમ્મિવચ્છલ શુભ દાવરે,
મહોદય પર્વ મહિમા નિધિ. ૧
સાહમ્મિવચ્છલ એકણ પાસે, એકમ ધર્મ સમુદાય રે;
બુદ્ધિ તુલાયે તોલીયે રે, તુલ્ય લાભ ફળ થાય રે. મહો૦ ૨
ઉદાયી ચરમ રાજઋષિ, તિમ કરો ખામણાં સત્ય રે;
મિચ્છામિદુક્કડં દેઈને, ફરી સેવે પાપવત્ત રે. મહો૦ ૩
તેહ કહ્યા માયા મૃષાવાદી, આવશ્યક નિર્યુક્તિ માંહી રે;
ચૈત્ય પ્રવાડી કીજીયે, પૂજા ત્રિકાલ ઉછાંહી રે. મહો૦ ૪
છેલ્લી ચાર અઠ્ઠાઈએ, મહા મહોત્સવ કરે દેવા રે;
જીવાભિગમ ઈમ ઉચ્ચરે, પ્રભુ શાસનના એ મેવા રે. મહો૦ ૫

## (ઢાળ ૫મી)

(રાગ : આઠ પ્રભાવક પ્રવચનના)

અઠ્ઠમનો તપ વાર્ષિક પર્વમાં, શલ્ય રહિત અવિરૂદ્ધ રે;
કારક સાધન પ્રભુના ધર્મનો, ઈચ્છારોધે હોય શુદ્ધ રે.
તપને સેવો રે કંતા વિરતિના ૧
એકસો વર્ષે રે છૂટે કરમથી, નારકી તેતો અકામ રે;
પાપ રહિત હોય નવકારશીથકી, સહસ તે પોરસીઠામ રે. તપ૦ ૨
વધતો વધતો રે તપ કરવા થકી, દશ ગુણો લાભ ઉદાર રે;
દશ લાખ કોડી વરસનું અઠ્ઠમે, દુરિત મીટે નિરધાર રે તપ૦ ૩
પચાસ વરસ સુધી તપ્યાં લક્ષ્મણા, માયાતપ નવિ શુદ્ધ રે.
અસંખ્ય ભવ ભમ્યા એક કુવચન થકી, પદ્મનાભ વારે. સિદ્ધિ રે તપ૦ ૪
આહાર નિરિહતા રે સમ્યક્તપ કહ્યો, બાહ્ય અભ્યંતરે તત્તરે;
ભવોદધિ સેતુ રે અઠ્ઠમ તપ તણું, નાગકેતુ ફલ પત્ત રે તપ૦ ૫

## ઢાળ ૬ ઠ્ઠી

(રાગ : સાંભળજો મુનિ)

વાર્ષિક પડિક્કમણાં વિષે, એક હજાર શુભ આઠ રે,
સાસ ઉસાસ કાઉસ્સગ તણાં, આદરી તજો કર્મકાઠ રે,
પ્રભુ તુમ શાસન અતિ ભલું ૧
દુગલખ ચઉસય અડ કહ્યાં, પલ્ય પણયાલી હજાર રે.
નવ ભાંગે પલ્યનાં ચઉ ગ્રહ્યાં, સાસમાં સુર આયુ સાર રે. પ્ર૦ ૨
ઓગણીશ લાખને ત્રેસઠ, સહસ બસેં સડસઠ રે,
પલ્યોપમ દેવનું આઉખું, નવકાર કાઉસ્સગ્ગ જિઠ્ઠ રે. પ્ર૦ ૩

એકસઠ લાખને પણતીસા, સહસ બસેં દશ જાણ રે;
એટલા પલ્યનું સુર આઉખું, લોગસ્સ કાઉસ્સગ માનરે પ્ર૦ ૪
ધેનુ થણ રૂપે રે જીવનાં, અચલ છે આઠ પ્રદેશ રે;
તેહ પરે સવિ નિર્મલ કરો, પર્વ અઠ્ઠાઈ ઉપદેશ રે પ્ર૦ ૫

## ઢાળ ૭ મી

(રાગ : જગજીવન જગવાલહો)

સોહમ કહે જંબુ પ્રત્યે, જ્ઞાનાદિ ધર્મ અનંત રે; વિનીત,
અર્થ પ્રકાશે વીરજી, તિમ મેં રચિઓ સિદ્ધાંત રે. વિનીત,
પ્રભુ આગમ ભલો વિશ્વમાં. ૧
ષટ્ લાખ ત્રણસેંને તેત્રીસ, એ ગુણસઠ્ઠી હજાર રે; વિ૦
પીસ્તાલીશ આગમતણી, સંખ્યા જગદાધાર રે. વિ. પ્ર૦ ૨
આથમે જિન કેવલ રવિ, શ્રુત દીપે વ્યવહાર રે; વિ૦
ઉભય પ્રકાશક સૂત્રનો, સંપ્રતિ બહુ ઉપગાર રે. વિ પ્ર૦ ૩
પુન્ય ક્ષેત્રમાં સિદ્ધગિરિ, મંત્રમાંહે નવકાર રે; વિ૦
શુક્લ ધ્યાન છે ધ્યાનમાં, કલ્પસૂત્ર તિમ સાર રે. વિ. પ્ર૦ ૪
વીરવર્ણન છે જેહમાં, શ્રી પર્વે તસુ સેવ રે; વિ૦
છઠ્ઠ તપે કલ્પ સુણે મુદા, ઉચિત વિધિ તતખેવ રે. વિ. પ્ર૦ ૫

## ઢાળ ૮મી

(રાગ : આંખડીયે રે મેં આજ)

નેઉ સહસ સંપ્રતિ નૃપે રે, ઉદ્ધર્યા જૈન પ્રાસાદ રે;
છત્રીસ સહસ નવાં કર્યા રે, નિજ આયુ દિનવાદ રે;

મનને મોદે રે, પૂજો પૂજો મહોદય પર્વ મહોત્સવ મોટે રે. ૧
અસંખ્ય ભરતના પાટવી રે, અઠ્ઠાઈ ધર્મના કામી રે;
સિદ્ધગિરિએ શિવપુરી વર્યા રે, અજરામર શુભ ઠામ રે મ૦ ૨
યુગ પ્રધાન પૂરવ ધણી રે, વયરસ્વામી ગણધાર રે,
નિજ પિતુ મિત્ર પાસે જઈ રે, યાચ્યાં ફૂલ તૈયાર રે. મ૦ ૩
વીસ લાખ ફૂલ લેઈને રે, આવ્યાં હિમવંત રે;
શ્રી દેવી હાથે લીધો રે, મહા કમલ ગુણવંત રે, મ૦ ૪
પછી જિનરાગીને સોંપીયા રે, સુભિક્ષ નયર મોજાર રે;
સુગત મત ઉચ્છેદીને રે, શાસન શોભા અપાર રે. મ૦ ૫

## ઢાળ ૯ મી

### (રાગ : મનના મનોરથ સવિ)

પ્રતિહારજ અડ પામીયે એ, સિદ્ધ પ્રભુના ગુણ આઠ
હરખ ધરી સેવીયે એ.
જ્ઞાન દર્શન ચારિત્રના, એ આઠ આચારનાં પાઠ; હ૦
સેવો સેવો પર્વ મહંત. હ૦
પવયણ માત અડસિદ્ધિનું એ બુદ્ધિ, ગુણ અડ દૃષ્ટિ; હ૦
ગણિ સંપદ અડ સંપદા એ, આઠમી ગતિ દીએ પુષ્ટિ. હ૦ ૧
આઠ કર્મ અડ દોષને એ, અડ વિધ મદ પરમાદ; હ૦
પરિહરી આઠ કારણ ભજી એ, આઠ પ્રભાવક વાદ. હ૦ ૨
ગુર્જર દિલ્હી દેશમાં એ, અકબરશાહ સુલતાન; હ૦
હીરજી ગુરૂનાં વયણથી એ, અમારિપડહ વિતાન. હ૦ ૩

સેનસૂરિ તપગચ્છ મણિ એ, તિલક આણંદ મુણિંદ; હ૦
રાજમાન સિદ્ધિ લહે એ, સૌભાગ્ય લક્ષ્મી સૂરિંદ. હ૦ ૪
સેવો સેવો પર્વ મહંત, પૂજો જિનપદ અરવિંદ. હ૦
પૂરવ પુન્ય સુખકંદ , પ્રગટે પરમાંદ, કહે એમ લક્ષ્મી સૂરિદ. હ૦ પ

**કળશ**

એમ પાસ પ્રભુ સુપસાય પામી, નામી અઠ્ઠાઈ ગુણ કહ્યા,
ભવિ જીવ સાધો નિત્ય આરાધો, આત્મધર્મે ઉમહ્યા;
સંવત જિન અતિશય વસુ શશી, ચૈત્રી પૂનમે ધ્યાઈયા;
સૌભાગ્યસૂરિ શિષ્ય લક્ષ્મીસૂરિ, બહુ સંઘ મંગલ પાઈયા.

## શ્રી મહાવીર ભગવાનના સત્તાવીસ ભવનું સ્તવન

## ઢાળો

### દૂહા

શ્રી શુભવિજય સુગુરૂનમી, નમી પદ્માવતી માય,
ભવ સત્તાવીસ વર્ણવું, સુણતાં સમક્તિ થાય. ...૧
સમક્તિ પામે જીવને, ભવ ગણતીએ ગણાય,
જો વલી સંસારે ભમે, તો પણ મુગતે જાય. ...૨
વીર જિનેશ્વર સાહિબો, ભમીયો કાલ અનંત,
પણ સમક્તિ પામ્યા પછી, અંતે થયા અરિહંત. ...૩

### ઢાળ ૧ લી

(રાગ-કપૂર હોયે અતિ ઉજળો રે)

પહેલે ભવે એક ગામનો રે, રાય નામે નયસાર,
કાષ્ઠ લેવા અટવી ગયો રે, ભોજન વેળા થાય રે
પ્રાણી ધરિયે સમક્તિ રંગ, જિમ પામીયે સુખ અભંગ રે. ૧
મન ચિંતે મહિમા નીલો રે, આવે તપસી કોય;
દાન દેઈ ભોજન કરૂં રે, તો વંછિત ફળ હોય રે. પ્રા૦ ૨
મારગ દેખી મુનિવરા રે, વંદે દેઈ ઉપયોગ;
પૂછે કેમ ભટકો ઈહાં રે, મુનિ કહે સાથ વિજોગ રે. પ્રા૦ ૩
હરખભેર તેડી ગયો રે, પડિલાભ્યા મુનિરાજ;
ભોજન કરી કહે ચાલીયે રે, સાથ ભેળા કરૂં આજ રે પ્રા૦ ૪
પગવટીયે ભેળા કર્યા રે, કહે મુનિ દ્રવ્ય એ માર્ગ,
સંસારે ભૂલા ભમો રે, ભાવ મારગ અપવર્ગ રે. પ્રા૦ ૫
દેવગુરૂ ઓળખાવીયા રે, દીધો વિધિ નવકાર,

પશ્ચિમ મહાવિદેહમાં રે, પામ્યો સમકિત સાર રે. પ્રા૦ ૬
શુભ ધ્યાને મરી સુર હુઓ રે, પહેલા સ્વર્ગ મોઝાર રે,
પલ્યોપમ આયુ ચ્યવી રે, ભરત ઘરે અવતાર રે. પ્રા૦ ૭
નામે મરીચિ યૌવને રે, સંયમ લીયે પ્રભુ પાસ;
દુષ્કર ચરણ લહી થયો રે, ત્રિદંડીક શુભ વાસ રે. પ્રા૦ ૮

## ઢાળ ૨ જી

### (ચોપાઈની દેશી)

નવો વેષ રચે તેણી વેળા, વિચરે આદીશ્વર ભેળા;
જળ થોડે સ્નાન વિશેષે, પગ પાવડી ભગવે વેષે. ૧
ધરે ત્રિદંડ લાકડી મ્હોટી, શિર મુંડણ ને ધરે ચોટી;
વળી છત્ર વિલેપન અંગે, થૂલથી વ્રત ધરતો રંગે. ૨
સોનાની જનોઈ રાખે, સહુને મુનિ મારગ ભાખે;
સમવસરણે પૂછે નરેશ, કોઈ આગે હોશે જિનેશ. ૩
જિન જંપે ભરતને તામ, તુજ પુત્ર મરીચિ નામ;
વીર નામે થશે જિન છેલ્લા, આ ભરતે વાસુદેવ પહેલા. ૪
ચક્રવર્તિ વિદેહે થાશે, સુણી આવ્યા ભરત ઉલ્લાસે;
મરીચિને પ્રદક્ષિણા દેતાં, નમી વંદીને એમ કહેતા. ૫
તમે પુન્યાઈવંત ગવાશો, હરિ ચક્રી ચરમ જિન થાશો;
નવિ વંદુ ત્રિદંડિક વેષ, નમું ભક્તિયે વીર જિનેશ ૬
એમ સ્તવના કરી ઘર જાવે, મરીચિ હર્ષ ન માવે;
મારે ત્રણ પદવીની છાપ, દાદા જિન ચક્રી બાપ ૭
અમે વાસુદેવ ધૂર થઈશું, કુલ ઉત્તમ મારૂં કહીશું;
નાચે કુળ મદશું ભરાણો, નીચ ગોત્ર તિહાં બંધાણો ૮

એકદિન તનુ રોગે વ્યાપે, કોઈ સાધુ પાણી ન આપે;
ત્યારે વંછે ચેલો એક, તવ મળિયો કપિલ અવિવેક ૯
દેશના સુણી દીક્ષા વાસે, કહે મરીચિ લીયો પ્રભુ પાસે;
રાજપુત્ર કહે તુમ પાસે, લેશું અમે દીક્ષા ઉલ્લાસે. ૧૦
તુમ દરશને ધરમનો વ્હેમ, સુણી ચિંતે મરીચિ એમ;
મુજ યોગ્ય મળ્યો એ ચેલો, મૂળ કડવે કડવો વેલો. ૧૧
મરીચિ કહે ધર્મ ઉભયમાં, લીયે દીક્ષા યૌવન વયમાં;
એણે વચને વધ્યો સંસાર, એ ત્રીજો કહ્યો અવતાર ૧૨
લાખ ચોરાશી પૂરવ આય, પાળી પંચમે સ્વર્ગ સધાય;
દશ સાગર જીવિત ત્યાંહી, શુભવીર સદા સુખમાંહી. ૧૩

## ઢાળ ૩ જી

પાંચમે ભવ કોલ્લાગ સન્નિવેશ, કૌશિક નામે બ્રાહ્મણ વેષ;
એંશી લાખ પૂરવ અનુસરી, ત્રિદંડીયાને વેષે મરી. ૧
કાલ બહુ ભમીયો સંસાર, થૂણાપુરી છઠ્ઠો અવતાર;
બહોંતેર લાખ પૂરવને આય, વિપ્ર ત્રિદંડી વેષ ધરાય ૨
સૌધર્મે મધ્ય સ્થિતિએ થયો, આઠમે ચૈત્ય સન્નિવેશે ગયો;
અગ્નિદ્યોત દ્વિજ ત્રિદંડીયો, પૂર્વ આયુબલ સાઠે મૂઓ. ૩
મધ્યસ્થિતિએ સુર સ્વર્ગ ઈશાન, દશમે મંદિર પુરદ્વિજઠાણ;
લાખ છપ્પન પૂરવાયુ ધરી, અગ્નિભૂતિ ત્રિદંડીક મરી ૪
ત્રીજે સરગે મધ્યાયુ ધરી, બારમે ભવ શ્વેતાંબીપુરી,
પૂરવ લાખ ચુમ્માળીશ આય, ભારદ્વિજ ત્રિદંડીક થાય. ૫
તેરમે ચોથે સ્વર્ગે રમી, કાળ ઘણો સંસારે ભમી;
ચઉદમે ભવ રાજગૃહી જાય, ચોત્રીશ લાખ પૂરવનું આય. ૬

થાવર વિપ્ર ત્રિદંડી થયો, પાંચમે સર્ગે મરીને ગયો;
સોળમે ભવ ક્રોડ વર્ષનું આય, રાજકુમાર વિશ્વભૂતિ થાય ૭
સંભૂતિ મુનિ પાસે અણગાર, દુષ્કર તપ કરી વરસ હજાર;
માસખમણ પારણે ધરી દયા, મથુરામાં ગોચરીયે ગયા. ૮
ગાયે હણ્યા મુનિ પડીયા વસા, વિશાખાનંદી પિતરીયો હસ્યા;
ગૌશૃંગે મુનિ ગર્વે કરી, ગયણ ઉછાળી ધરતી ધરી. ૯
તપ બળથી હોજ્યો બળ ધણી, કરી નિયાણું મુનિ અણસણી;
સત્તરમેં મહાશુક્રે સુરા, શ્રી શુભવીર સત્તર સાગરા. ૧૦

## ઢાળ ૪ થી

અઢારમે ભવે સાત, સુપન સૂચિત સતી,
પોતનપુરીયે પ્રજાપતિ, રાણી મૃગાવતી,
તસ સુત નામે ત્રિપૃષ્ઠ, વાસુદેવ નીપન્યા,
પાપ ઘણું કરી સાતમી, નરકે ઉપન્યા. ૧
વીસમે ભવ થઈ સિંહ, ચોથી નરકે ગયા,
તિહાંથી ચ્યવી સંસારે ભવ બહુલા થયા;
બાવીશમે નર ભવ લહી, પુણ્યદશા વર્યા,
ત્રેવીશમેં રાજધાની, મૂકાયે સંચર્યા. ૨
રાય ધનંજય ધારિણી, રાણીએ જનમિયા,
લાખ ચોરાશી પૂરવ આયુ જીવિયા;
પ્રિયમિત્ર નામે, ચક્રવર્તી દીક્ષા લહી,
કોડી વરસ ચારિત્ર દશા પાલી સહી. ૩
મહાશુક્રે થઈ દેવ, ઈણે ભરતે ચ્યવી,
છત્રિકા નગરીયે, જિતશત્રુ રાજવી;
ભદ્રા માય લખ પચવીશ, વરસ સ્થિતિ ધરી,
નંદન નામે પુત્રે દીક્ષા આચરી. ૪

અગીયાર લાખને એંશી હજાર છસેં વળી,
ઉપર પીસ્તાલીશ અધિક પણ (૫) દિન રૂળી;
વીસસ્થાનક માસખમણે યાવજ્જીવ સાધતા.
તિર્થંકર નામકર્મ તિહાં નિકાચતા. ૫
લાખ વરસ દીક્ષા પર્યાય તે પાળતા,
છવ્વીશમે ભવ પ્રાણત કલ્પે દેવતા;
સાગર વીશનું જીવિત સુખ ભર ભોગવે,
શ્રી શુભવીર જિનેશ્વર ભવ સુણજો હવે. ૬

## ઢાળ ૫ મી

નયર માહણકુંડમાં વસે રે, મહઋદ્ધિ ઋષભદત્ત નામ;
દેવાનંદા દ્વિજ શ્રાવિકા રે, પેટ લીધો પ્રભુ વિસરામ રે.
ભવિયા પેટ લીધો પ્રભુ વિસરામ રે. ૧
બ્યાશી દિવસને અંતરે રે, સુર હરિણગમેષી આય;
સિદ્ધારથ રાજા ઘરે રે, ત્રિશલાકૂખે છટકાય રે. ભ૦ત્રિ૦ ૨
નવ માસાંતરે જનમીયા રે દેવ દેવીએ ઓચ્છવ કીધ;
પરણી યશોદા યૌવને રે, નામે મહાવીર પ્રસિદ્ધ રે. ભ૦ના૦ ૩
સંસાર લીલા ભોગવી રે, ત્રીશ વર્ષે દીક્ષા લીધ;
બાર વર્ષે હુવા કેવલી રે, શિવ વહુનું તિલક શિર દીધ રે ભ૦શિ૦ ૪
સંઘ ચતુર્વિધ થાપીઓ રે, દેવાનંદા ઋષભદત્ત પ્યાર;
સંયમ દેઈ શિવ મોકલ્યા રે, ભગવતી સૂત્રે અધિકાર રે. ભ૦ભ૦ ૫
ચોત્રીશ અતિશય શોભતા રે, સાથે ચઉદ સહસ અણગાર;
છત્રીસ સહસ તે સાધવી રે, બીજા દેવદેવી પરિવાર રે. ભ૦બી૦ ૬
ત્રીશ વરસ પ્રભુ કેવળી રે, ગામ નગર તે પાવન કીધ;
બ્હોંતેર વરસનું આઉખું રે, દીવાળીયે શિવપદ લીધ રે ભ૦દી૦ ૭

અગુરૂલઘુ અવગાહને રે, કીયો સાદિ અનંત નિવાસ;
મોહરાય મલ્લ મૂલશુ રે, તન મન સુખનો હોય નાશ રે ભ૦ત૦ ૮
તુમ સુખ એક પ્રદેશનું રે, નવિ માવે લોકાકાશ;
તો અમને સુખીયા કરોરે, અમે ધરીએ તુમારી આશરે ભ૦અ૦ ૯
અક્ષય ખજાનો નાથનો રે, મેં દીઠો ગુરૂ ઉપદેશ;
લાલચ લાગી સાહીબા રે, નવિ ભજીએ કુમતિનો લેશ રે ભ૦ન૦ ૧૦
મોટાનો જે આશરો રે, તેથી પામીયે લીલ વિલાસ;
દ્રવ્ય ભાવ શત્રુ હણી રે, શુભવીર સદા સુખવાસ રે ભ૦શુ૦ ૧૧

## કળશ

ઓગણીસ એકે વરસ છેકે, પૂર્ણિમા શ્રાવણ વરો,
મેં થૂણ્યો લાયક વિશ્વનાયક, વર્ધમાન જિનેશ્વરો,
સંવેગ રંગ તરંગ ઝીલે, જસવિજય સમતા ધરો,
શુભવિજય પંડિત ચરણ સેવક, વીરવિજય જય જય કરો ૧

## (૨)

## ઢાળ ૧ લી

પહેલાં તે સમરૂં પાસ શંખેશ્વરો રે, વળી શારદા સુખકંદ,
નિજ ગુરૂ કેરા રે ચરણકમલ નમી રે, થુણશું વીર જિણંદ;
ભવિ સુણો સત્યાવીસ ભવ મોટકા રે. ૧
નયસાર નામે રે અપર વિદેહમાં રે મહીપતિને રે આદેશ;
કાષ્ટ લેવાને રે વન ગયો પરિકરે રે, ગિરિ ગહ્વરને પ્રદેશ રે ભ૦ ૨
આહાર વેળાયે રે રસવતી નીપની રે; દાન શુદ્ધિ ચિત્ત લાવ,
અતિથિ જુએ રે એણે અવસરે રે, ધરી અંતરંગથી ભાવ. ભ૦ ૩

પુન્ય સંયોગે રે મુનિવર આવીયા રે, મારગ ભૂલ્યા છે તેહ;
નીરખી ચિંતે રે ધન્ય મુજ ભાગ્યને રે, રોમાંચિત થયો દેહ. ભ૦ ૪
નિરવદ્ય આહાર દેઈને ઇમ કહે રે, નિસ્તારો મુજ સ્વામ;
યોગ્ય જાણીને રે મુનિ દીએ દેશના રે, સમક્તિ લહ્યો અભિરામ. ભ૦ ૫
મારગ દેખાડી વંદીને વલ્યો રે, સમરંતો નવકાર,
દેવગુરૂ ધર્મ તત્ત્વને આદર્યા રે, શાશ્વત સુખ દાતાર. ભ૦ ૬
પહેલે ભવે ઈમ ધર્મ આરાધીને રે, સૌધર્મે થયો દેવ;
એક પલ્યોપમ આઉખું ભોગવી રે, બીજે ભવ સ્વયમેવ. ભ૦ ૭
ત્રીજે ભવ ચક્રી ભરતેસરૂ રે, તસ હુઓ મરીચિકુમાર,
પ્રભુ વચનામૃત સાંભળી રંગથી રે, દીક્ષિત થયો અણગાર. ભ૦ ૮

## ઢાળ ૨ જી

એક દિન ગ્રીષ્મકાળમાં વિચરંતો સ્વામી સાથ;
વસતો ગુરૂકુલ વાસમાં, ગાતો જિનગુણ ગાથ રે,
**ત્રીજો ભવ ભવિ ! સાંભળો.** ૧
તપ તપતો અતિ આકરો, મેલે મલીન છે દેહ રે;
શ્રમણપણું દુષ્કર ઘણું, જળવાયે નહિ તેહ રે. ત્રીજો૦ ૨
ઘર જાવું જુગતું નહિ, ઈમ ધારીને વિરચે રે;
વેષ નવો ત્રિદંડીનો, ચંદને દેહ તે ચરચે રે. ત્રીજો૦ ૩
કર કમલે ગ્રહું દંડને, ભગવું કપડું કરવું રે;
પાયે પાવડી પેરણે, માથે છત્રનું ધરવું રે. ત્રીજો૦ ૪
પરિમિત જલશું સ્નાન હો, મુંડ જટા જૂટ ધારૂં રે;
રાખું જનોઈ સુવર્ણની, પ્રાણી સ્થૂલ ન મારૂં રે. ત્રીજો૦ ૫
વેશ કરીને કુલિંગીનો, ધર્મ કહે વલી સાચો રે;
વાણી ગુણે પડિબોહતો જેહવો હીરો જાચો રે. ત્રીજો૦ ૬

જાણી દીક્ષા યોગ્યને, આણી મુનિને આપે રે;
જણ જણ આગળ રાગથી, સાધુતણા ગુણ થાપે રે. ત્રીજો૦ ૭
આદિ જિણંદ સમોસર્યા, સાકેત નગર ઉદ્યાને રે;
ભરતજી વંદન સંચર્યા, વાંદે હરખ અમાન રે. ત્રીજો૦ ૮
ભરત ભણે એ પરષદે, કોઈ અછે તુમ સરખો રે;
સ્વામી કહે સુણ રાજીયા, તુમ સુત મરીચિએ પરખો રે. ત્રીજો૦ ૯
વાસુદેવ પહેલો હોશે, ચક્રવર્તી મૂકાયે રે;
તીર્થપતિ ચોવીસમો, નામે વીર કહાયે રે. ત્રીજો૦ ૧૦
પુલકિત થઈ પ્રભુ વાંદીને, મરીચિ નિકટે પહોતો રે;
ત્રણ પ્રદક્ષિણા દેઈને, વંદે મન ગહગહતો રે. ત્રીજો૦ ૧૧
ગુણ સ્તવના કરી ઈમ કહે, વંદુ છું એ મરમ રે;
વાસુદેવ ચક્રી થઈ, થાશો જિનપતિ ચરમ રે. ત્રીજો૦ ૧૨
જિન વચનામૃત દાખવી, રંગે ઉલટ આણી રે;
પ્રણમી ભરતે ઘરે ગયો, મરીચિને ગુણનિધિ જાણી રે. ત્રીજો૦ ૧૩

## ઢાળ ૩ જી

મરીચિ મન ઈમ ચિંતવે, ભરત વચન સુણી;
મુજ સમ અવર ન કોય, અછે જગમાં ગુણી,
જેટલા લાભ જગતમાં, છે તે મેં લહ્યા;
અહો ! શ્રી આદિ જિણંદે, તે નિજ મુખ કહ્યા. ૧
રત્નાકર મુજ વંશ, અનુપમ ગુણમિતા;
દાદો જિનમાં મુખ્ય, ચક્રીમાં મુજ પિતા,
અહો ઉત્તમ કુળ માહરૂં, હું સહુમાં શિરે;
ધન ધન મુજ અવતાર, હરિમાં હું ધૂરે. ૨
ચક્રવર્તી થઈ ચરમ, જિનેસર થાઈશું;

કનક કમલ પર નિજ, પદ કમલને ઠાઈશું,
સુરનર કોડાકોડી, મલી મુજ પ્રણમશે;
પ્રાતિહારજ આઠશું, સમવસરણ હોશે. ૩
મદ કરવાથી નીચ, ગોત્ર ઈમ બાંધીયું;
ભવભવ નીચ કરમનું, ફળ ઈમ સાધીયું,
એક દિન રોગ ઉદયથી, મન ઈમ ચિંતવે;
સેવા કારક શિષ્ય, કરૂં કોઈક હવે. ૪
સાર ન પૂછે એ મુનિ પરિચિત છે ઘણા;
ડુંગરા દૂર થકી દીસે રળિયામણા;
એહવે કપિલ નામે એક નૃપ પુત્ર આવીયો;
તેહને મરીચિએ પ્રભુને ધર્મ સુણાવીયો. ૫
યોગ્ય જાણી કહે જાઓ, મુનિ પાસે તુમે;
દીક્ષા લ્યો શુભ ભાવથી, કહીએ છીએ અમે,
કપિલ કહે તવ ધર્મ નથી શું તુમ ગચ્છે;
મનથી ચિંતે અયોગ્ય એ મુજ લાયક અછે. ૬
મરીચિ કહે ભો કપિલ ! ઈહાં પણ ધર્મ છે;
ચિત્ત રૂપે તિહાં સેવીએ એ હિત મર્મ છે,
ઈમ ઉત્સૂત્ર કહ્યાથી સંસાર વધારીયો;
સાગર કોડાકોડી અપાર અવારીયો. ૭
ચોરાશી લાખ પૂર્વનું આયુષ્ય ભોગવી;
અંતે અનાલોચિત ત્રીજે ભવથી ચવી,
દશ સાગર ભવ ચોથે પંચમ સ્વર્ગથી,
ઉપનો પંચમ ભવ હવે બ્રાહ્મણ ગર્વથી. ૮
એંશી પુરવ લખ આઉખે કૌશિક દ્વિજ થયો;

થુણા નયરીએ છઠ્ઠે ભવ ભમતાં ગયો,
બહોંતેર લખ પૂર્વાયુ પુષ્ય દ્વિજ નામથી,
અંતે ત્રિદંડી થઈને મૂઓ તે અકામથી. ૯
સાતમે સોહમ ચૈત્યપુરે ભવ આઠમે;
અગ્નિદ્યોત દ્વિજ લખ પૂર્વાયુ સાઠમે,
અંતે ત્રિદંડી થઈને હવે નવમે ભવે;
ઈશાને **અમૃત** સુખ કે રંગે અનુભવે. ૧૦

## ઢાળ ૪ થી

### ( રાગ : સિદ્ધગિરિ ધ્યાવો ભવિકા )

અગ્નિભૂતિ દ્વિજ દશમે આયો, મંદરપુરમાં તેહ સુહાયો,
**લાલન તેહ સુહાયો;** છપ્પન લાખ પૂરવાયુ ધરતો,
અંતે ત્રિદંડીયો થઈને તે મરતો, લા૦ થઈ૦ ૧
અગ્યારમે ભવે સનતકુમાર, બારમે શ્વેતાંબી થયો અવતાર; લા૦ થયો૦
ભારદ્વાજ દ્વિજ અંતે ત્રિદંડી, ચુમાલીશ લાખ પૂર્વાયુ મંડી. લા૦પૂ૦ ૨
તેરમે ભવ થયો માહેન્દ્ર દેવ,ચૌદમે થાવર બ્રાહ્મણ દેવ; લા૦ બ્રા૦
ચોત્રીશ લાખ પૂર્વાયુ પાળી, ત્રિદંડીયો થઈ કાયાને ગાળી લા૦ કા૦ ૩
પંદરમે ભવે પાંચમે સ્વર્ગે, તિહાંથી ચવી ભમીયો ભવ વરગે લા૦ભ૦
સોળમે ભવ વિશ્વભૂતિ નામે, ક્ષત્રિય સુત ઉપનો તે સકામે લા૦ઉ૦ ૪
વિશાખાભૂતિ ધારિણીનો જાયો, સંભૂતિ સાધુએ તેહ વંદાયો લા૦તેહ૦
સહસ વરસ જિન ચરણ આરાધી, તપસી થયો અતિ વિરમી ઉપાધિ લા૦વિ૦ ૫
એક દિન મથુરામાં ગોચરી ચાલ્યો, વરજાત્રાએ જતાં ભાઈએ ભાલ્યો, લા૦ભા૦
એહવે એક ગાયે તસ માર્યો, ભૂમિ પડ્યો અતિ ક્રોધ વધાર્યો. લા૦ક્રો૦ ૬
તે જોતાં ગૌ ગગને ભમાડી, ઈમ નિજ ભુજબળ તેહને દેખાડી, લા૦તે૦
અણસણ સાથે નિયાણું કીધું, તપ સાટે બળ માંગીને લીધું, લા૦મા૦ ૭

ક્રોડ વરસનું જીવિતધારી; સત્તરમેં શુક્ર સ્વર્ગે અવધારી લા૦સ્વ૦
અઠારમેં ભવ પુત્રીનો કામી, પ્રજાપતિ પોતનપુર સ્વામી. લા૦પો૦ ૮
મૃગાવતી રાણી કૂખે અવતરીયો, સાત સુપન સૂચિત બલ ભરીયો; લા૦સૂ૦
બાળપણે જેણે સિંહને હણીયો, ત્રિપૃષ્ઠ નારાયણ કરી સુણીયો લા૦કરી૦ ૯
ત્રણસેં સાઠ સંગ્રામ તે કીધા, શય્યાપાલકને દુ:ખ દીધા; લા૦ ને દુ:ખ૦
લાખ ચોરાશી વરસનું આય, ભોગવી સાતમે, નરકે તે જાય, લા૦ન૦ ૧૦
ઓગણીસમેં ભવ દુ:ખ અતિવેદી, વીશમે ભવ, હુઓ સિંહ સખેદી; લા૦હુ૦
ચોથી નરકે ભવ એકવીશમેં, બહુ ભવ ભમતાં હવે બાવીશમેં. લા૦હવે૦ ૧૧
કોઈ શુભયોગે નરભવ પાયો, ત્રેવીશમેં ભવે ચક્રી ગવાયો; લા૦ચ૦
ધનંજય ધારિણીનો બેટો, મૂકા નગરીયે ભુજબલ જેઠો. લા૦ભુજ૦ ૧૨
ષટ્ખંડ પૃથ્વીમાં આણ મનાઈ, ચૌદ રયણ નિધિ સંપદ પાઈ; લા૦સં૦
પોટ્ટિલાચાર્ય ગુરુ તિહાં વંદી, દીક્ષા આદરી મનથી આનંદી. લા૦મ૦ ૧૩
ચોરાશી લાખ પૂરવ પ્રમાણ, આયુ પાલી હવે ચોવીશમે જાણ; લા૦ચો૦
મહાશુક્રે હુઓ અમર ઉમંગે, **અમૃત** સુર સુખ ભોગવે રંગે લા૦ભો૦ ૧૪

## ઢાળ ૫ મી

**( રાગ : તીરથપતિ અરિહા નમું )**

આ ભરતે છત્રિકાપુરી, પચવીસમેં ભવે આયાજી,
ભદ્રા જિતશત્રુ નૃપકુલે, નંદન નામ સુહાયાજી;

**( ત્રોટક )**

નામ નંદન ત્રિજગવંદન, પોટ્ટિલાચારજ કને;
ગ્રહી ચરણ દમતો કરણ, વિચરે મૃગપતિ જિમ વને,
તિહાં માસખમણે વીશ સ્થાનક તપ તપી દુષ્કરપણે;
પદ બાંધીયું ઈહાં તીર્થપતિનું, ભાવથી આદર ઘણે ૧

( ઢાળ )

અભિગ્રહી માસખમણ કીયા, જાવજ્જીવ પર્યંતોજી,
ઉલ્લસિત ભાવે તપ તપી, કીધો કરમનો અંતોજી;

( ત્રોટક )

ભવ અંત કીધો કાજ સીધો, તાસ સંખ્યા હું કહું,
અગીયાર લાખને સહસ એશી, છસેં પીસ્તાલીશ લહું;
દિન પંચ ઉપર અધિક જાણો, લાખ પચવીશ વરસનું,
આયુષ્ય પાળી ભ્રમણ ટાળી, કામ સાધ્યું આપણું. ૨

( ઢાળ )

અણસણ માસ સંલેખણા, કરી વધતે પરિણામેજી,
સવિ જગજંતુ ખમાવીને, ચવીયો તિહાંથી સકામેજી.

( ત્રોટક )

ચવીયો સકામે સ્વર્ગ દશમે, વીશ અયરે સુર હુઓ,
તિહાં વિવિધ સુરસુખ ભોગવે, ખટવીશમો ભવ એ જુઓ,
મરીચિ ભવે જે કર્મ બાંધ્યું, તે હજુ ખૂટ્યું નહિં,
ચરમ સત્યાવીશમે ભવે, ઉદયે આવ્યું તે સહી. ૩

( ઢાળ )

ઋષભદત્ત બ્રાહ્મણ વસે, વર માહણકુંડ ગામેજી,
તસ ઘરણી ગુણ ગોરડી, દેવાનંદા ઈણે નામેજી.

## ( ત્રોટક )

દેવાનંદા કૂખે આયા, ચૌદ સુમિણા નિશિ લહે,
તવ ઈંદ્ર અવધે જોઈને, હરિણગમેષીને કહે;
નગર ક્ષત્રિયકુંડ ગામે, સિદ્ધારથ છે નરપતિ,
તસ પટ્ટરાણી નેહ ખાણી, નામે ત્રિશલા ગુણવતી ૪

## ( ઢાળ )

તિહાં જઈ ગર્ભને પાલટો; એહ તુમને આદેશજી,
કોઈ કાળે ઈમ નવિ બન્યું, દ્વિજ કુલે હોય જિનેશજી.

## ( ત્રોટક )

દ્વિજકુળે ન હોય જિનપતિ, વલી એહ અચરિજની કથા,
લવણમાં જિમ અમૃત લહરી, મરૂમાં સુરતરૂ યથા;
ઈમ ઈંદ્ર વયણાં સાંભળી, પહોંચી તિહાં પ્રણમે પ્રભુ,
બેઉ ગર્ભ પાલટી રંગથી, વાંદે જઈને નિજ વિભુ ૫

## ઢાળ ૬ ઠ્ઠી

### ( રાગ : હાં રે મારે ઠામ ધરમના )

હાંરે મારે ત્યાસી દિવસ ઈમ વસીને દ્વિજ ઘર માંહી જો;
ત્રિશલા કૂખે ત્રિભુવન નાયક, આવીયા રે. લોલ;
હાં રે મારે તેહ જ રાતે ચૌદ સુપન લહે માત જો;
સુપન પાઠકે તેહના અર્થ સુણાવીઆ રે. લો૦ ૧
હાં રે મારે ગર્ભસ્થિતિ પૂરણ થયે જન્મ્યા સ્વામ જો;
નારક ચારક જનતા સુખને ભાવતી રે લોલ;

હાં રે મારે સૂતીકરમને કરતી ધરતી હર્ષ જો,
અમરી રે ગુણ સમરી નિજપદ પાવતી રે. લો૦ ૨
હાં રે મારે સોહમ ઈંદ્રાદિકનો ઓચ્છવ હુંત જો,
સિદ્ધારથ પણ તિમ વલી મન મોટે કરે રે લો,
હાં રે મારે નામ ઠવ્યું શ્રી વર્ધમાન કુમાર જો,
દિન દિન વાધે પ્રભુજી કલ્પતરૂ પરે રે. લો૦ ૩
હાં રે મારે દેવે અભિધા દીધું શ્રી મહાવીર જો,
યૌવનવય વિલસે હવે નવ નવ ભોગને રે લો;
હાં રે મારે ઈમ કરતાં માત પિતા ગયા સ્વર્ગ મોઝાર જો,
લોકાંતિક તવ દેવ કરે ઉપયોગને રે. લો૦ ૪
હાં રે મારે વરસીદાન દેઈને સંજમ લીધ જો,
પરિષહને ઉપસર્ગ સહ્યા પ્રભુએ ઘણા રે લો;
હાં રે મારે લાખ વરસી તપસી પૂરવભવ નાથ જો,
તો પણ આ ભવ તપની રાખી નહિ મણા રે. લો૦ ૫
હાં રે મારે બ્હોંતેર પાસખમણ વળી અઠ્ઠમ બાર જો,
દોયશત ઓગણતીસ એ છઠ્ઠ તપને ભણું રે લો;
હાં રે મારે એ આદિ પ્રભુ તપ તપીયા વિણ નીર જો,
ત્રણસો ઓગણ પચાસ પારણા દિન ગણું રે. લો૦ ૬
હાં રે મારે અપ્રતિબંધી બેઠા નહિ ભગવંત જો,
બાર વરસમાં નિદ્રા બે ઘડીની કરી રે લો;
હાં રે મારે નિરમલ ધ્યાને ઘાતિ કર્મ ખપાય જો,
દર્શન જ્ઞાન વિલાસી કેવલને વરી રે. લો૦ ૭

## ઢાળ ૭ મી

### ( રાગ : સાહિબ સાંભળો વિનતિ )

મહાસેન વનમાં સમવસર્યા, જગનાયક જિનચંદ સુજ્ઞાની
સમવસરણ રચના રચી, પ્રણસે ચોસઠ ઈંદ્ર સુ૦
વીર જિણંદને વંદીયે. ૧
પ્રતિહારજ વર આઠશું, શોભે પ્રભુનો દેદાર; સુ૦
દિવ્ય ધ્વનિ દીયે દેશના, સાંભળે પર્ષદાબાર. સુ૦વી૦ ૨
ઈંદ્રભૂતિ દ્વિજ પ્રમુખને, ગણધર થાપે અગીયાર; સુ૦
દરસણ નાણ ચરણ ધરા, ચૌદ સહસ અણગાર. સુ૦વી૦ ૩
છત્રીસ સહસ સુસાહુણી, ચારસેં વાદી પ્રમાણ; સુ૦
વૈક્રિય લબ્ધિ ને કેવલી, સાતસેં સાતસેં જણ. સુ૦વી૦ ૪
ઓહીનાણધર તેરસેં, મનપજ્જવી શતપંચ; સુ૦
પૂરવધર અનુત્તર મુનિ, ત્રણસેં સપ્તશત સંચ. સુ૦વી૦ ૫
દોઢલાખ નવ સહસ છે, શ્રમણોપાસક સાર; સુ૦
શ્રાવિકા વલી ત્રણ લાખને, ઉપર સહસ અઢાર. સુ૦વી૦ ૬
ચઉવિહ સંઘની સ્થાપના, કરતા ફરતા નાથ; સુ૦
ભવિકકમલ પડિબોહતા, મેળતા શિવસુખ સાથ. સુ૦વી૦ ૭
પુત સપુત ન એહવા જગમાં દીસે કોય; સુ૦
બ્યાસી દિન કુખે વસ્યા, એ ઉપગારને જોય. સુ૦વી૦ ૮
શિવપુર તેહને પઠાવીયા, બ્રાહ્મણ બ્રાહ્મણી દોય; સુ૦
જગતવત્સલ જિન વંદતા, હૈડું હરખિત હોય. સુ૦વી૦ ૯
ત્રીશ વરસ ગૃહવાસમાં ભોગવી ભોગ ઉદાર; સુ૦
છદ્મસ્થાવસ્થા સહી, દ્વાદશાધિક વર્ષ ધાર. સુ૦વી૦ ૧૦

ત્રીશ વરસ જેણે અનુભવ્યો, કેવલ લીલ વિલાસ; સુ૦
પૂરણ આયુષ્ય પાળીને બ્હોંતેર વરસનું ખાસ. સુ૦વી૦ ૧૧
દીવાલી દિન શિવ વર્યા, છોડી સયલ જંજાળ; સુ૦
સહજાનંદી સુખ લહ્યું, આતમ શક્તિ અજુઆલ. સુ૦વી૦ ૧૨
ભૂત ભાવિ વર્તમાનના, સુર સુખ લેઈ અશેષ; સુ૦
નભ્ર પ્રદેશ ઠવી કરી, કીજે વર્ગ વિશેષ. સુ૦વી૦ ૧૩
ઈણિ પરે વર્ગ અનંતની, કરીએ સહુ સમુદાય; સુ૦
અવ્યાબાધિત સુખ તણો, અંસ ન એક લિખાય. સુ૦વી૦ ૧૪
નિજ ગુણ ભોગી ભોગવે, સાદિ અનંતો કાળ; સુ૦
નિજ સત્તાને વિલસતાં, નિશ્ચય નય સંભાલ. સુ૦વી૦ ૧૫
ઈમ **અમૃત**પદને વરી, બેઠા થઈ નિઃસંગ; સુ૦
વર્ધમાન ભાવે કરી, વંદે નિત રંગ. સુ૦વી૦ ૧૬

**( કળશ )**

ઈમ વીર જિનવર સયલ સુખકર, દૂરિત દુઃખહર સુરમણિ,
યુગ બાણ વસુ શશીમાન વર્ષે, સંથુણ્યો ત્રિભુવન ધણી;
સત્તાવીસ ભવનું સ્તવન ભવિયણ સાંભલી જે સદ્દહે,
તે ઋદ્ધિ વૃદ્ધિ સુસિદ્ધિ સઘલે, સદા રંગવિજય લહે.

## શ્રી મહાવીર સ્વામિના સત્તાવીશ ભવનું ૬ ઢાળનું સ્તવન

**દોહા**

વિમલ કમલદલ લોયણાં, દીસે વદન પ્રસન્ન;
આદર આણી વીરજિન, વાંદી કરું સ્તવન. ૧
શ્રી ગુરુતણે પસાઉલે, સ્તવશું વીરજિણંદ;

ભવ સત્તાવીશ વરણવું, સુણજો સહુ આણંદ. ૨
સાંભળતાં સુખ ઉપજે, સમક્તિ નિર્મળ હોય;
કરતાં જિનની સંકથા, સફળ દહાડો સોય. ૩

## ઢાળ પહેલી

મહાવિદેહ પશ્ચિમ જાણું, નયસાર નામે વખાણું;
નયરતણો છે એ રાણો, અટવી ગયો સપરાણો. ૧
જમવા વેલાએ જાણી, ભક્તિ રસવંતી આણી;
દત્તની વાસના આવી, તપસ્વી જુએ છે ભાવી. ૨
મારગ ભૂલ્યા તે હેવ મુનિ આવ્યા તતખેવ;
આહારદીધો પાયલાગી, ઋષિની ભુખ-તૃષા સવિ ભાગી. ૩
ધર્મ સુણ્યો મનરંગે, સમક્તિ પામ્યો ચંગે;
ઋષિને ચાલતા જાણી, હિયડે દેવગુરૂને ધ્યાવે. ૪
મારગ દેખાડ્યો વહેતો, પાછો વલીઓ એમ કહેતો;
પહેલે ભવે ધર્મજ પાવે, અંતે દેવગુરૂને ધ્યાવે. ૫
પંચપરમેષ્ઠિનું ધ્યાન, સૌધર્મ પામ્યો વૈમાન;
આઉખું એક પલ્યોપમ, સુખ ભોગવી અનોપમ. ૬
ભવ બીજે, ત્રીજે આયો, ભરત કુલે સુત જાયો;
ઓચ્છવ માંગલિક કીધું, નામ તે મરિચી દીધું. ૭
વાધે સુરતરુ સરીખો, આદિજિન દેખીને હરખ્યો;
અહો! એ દેશના દીધી, ભાવે દીક્ષાએ લીધી. ૮
જ્ઞાન ભણ્યો સુવિશેષ, વિહાર કરે દેશ-વિદેશ;
દીક્ષા દેહી એ ન જરે, અલગો સ્વામિથી વિચરે. ૯
મહાવ્રત ભાર એ મોટો, હું પણ પુણ્યાઈએ છોટો;

ભગવું કાપડ કરશું, માથે છત્તર ધરશું. ૧૦
પાયે (ઉ) પાનહી પહેરશું, સ્નાન શુચિ જલે કરશું;
પ્રાણી થુલ નહિ મારું, ખુર મુંડ, ગેરીયું ધારું. ૧૧
જનોઈ સોવન કેરી, શોભા ચંદન ભલેરી;
હાથે ત્રિદંડીયું લેવું, મનમાંહે ચિંતવ્યું એહવું. ૧૨
લિંગ કુલિંગનું રચીઉ, સુખ કારણ એ મચીઉ;
ગુણ સાધુના વખાણે, દીક્ષા પ્રયોગ તે જાણે. ૧૩
આણી જતિઓને આપે, સુધો મારગ સ્થાપે;
સમવસરણ રચ્યું જાણી, વાંદે ભરત વિન્નાણી ૧૪
બારે પર્ષદા રાજે, પૂછે ભરત એ આજે;
કોઈ છે ? તુમ સરીખો, દાખ્યું મરીઅંચને કહ્યું; ૧૫
પહેલો વાસુદેવ થાશે, ચક્રવર્તી મુકાએ વાસે;
ચોવીસમો એ તીર્થંકર, વર્ધમાન નામે જયંકર. ૧૬
ઉલસ્યું ભરતનું હૈયું, જઈ મરિઅંચને કહ્યું;
તાતે પદવીઓ દાખી, હરિઃ ચક્રીઃ જિનપદઃ ભાખી. ૧૭
ત્રણ પ્રદક્ષિણા દેઈ, વંદન વિધિશું કરેઈ;
સ્તવના કરે એમ દાહો, "પુત્ર!" ત્રિદંડી ન રાહો. ૧૮
વાંદુ છું. એમ મરમ, થાશો જિનપતિ ચરમ;
એમ કહી પાછો વલીઓ, ગરવે મરિઅંચિ ચડીઓ. ૧૯

## ઢાળ બીજી

ઈક્ખાગ કુલે હું ઉપનો, મારો ચક્રવર્તી તાતજી;
દાદો મારો જિન હુઓ, હું પણ ત્રિજગ વિખ્યાતજી. ૧
અહો ! અહો! ઉત્તમકુલ માહરું, અહો! અહો! મુજ અવતારજી!
*નીચ ગોત્ર તિહાં બાંધીઉ જુઓ જુઓ કર્મ પ્રચારજી.* ૨

આ ભરતે પોતનપુરે, ત્રિપૃષ્ઠ હરિ અભિરામજી;
મહાવિદેહ ક્ષેત્ર મૂકાપુરી, ચક્રી પ્રિયમિત્ર નામજી-અહો૦ ૩
ચરમતીર્થંકર થાયશું, હોશે ત્રિગડું સારજી;
સુરનર સેવા સારશે, ધન્ય ધન્ય મુજ અવતારજી-અહો૦ ૪
રહે મદ માતો એણી પરે, એક દિન રોગ અતીવજી;
મુનિજન સાર કો નવિ કરે, સુખ વાંછે નિજજીવજી-અહો૦ ૫
કપિલ નામે કોઈ આવીયો, પ્રતિબોધ્યો નિજ વાણીજી;
સાધુ સમીપે દીક્ષા વરો, ધર્મ છે તેણે ઠામજી-અહો૦ ૬
સાધુ સમીપે મોકલે, નવિ જાએ તે અજોગજી;
ચિંતે મરિઅંચ નિજ મને, દીસે છે મુજ જોગજી-અહો૦ ૭
તવ તે વળતું બોલીયો, તુમ વાંદે શું હોયજી?
ભો ! ભો! ધરમ ઈહાં અછે, ઉત્સૂત્ર ભાખ્યું સોયજી-અહો૦ ૮
તેણે સંસાર વધારીઓ, સાગર કોડા-કોડીજી;
લાખ ચોરાશી પૂરવ તણું, આયુ ત્રીજે ભવ જોડીજી-અહો૦ ૯
ભવ ચોથે સ્વર્ગ પાંચમે, સાગર સ્થિતિ દશ જાણજી;
કૌશિક દ્વિજ ભવ પાંચમે, લાખ એંશી પૂરવ માનજી-અહો૦ ૧૦
થુણા નયરીએ દ્વિજ થયો, પૂરવ લાખ બહોંતેર સારજી;
હુઓ ત્રિદંડી છટ્ઠે ભવે, સાતમે સોહમ અવતારજી-અહો૦ ૧૧
અગ્નિદ્યોત આઠમે ભવે, સાઠ લાખ પૂરવ આયજી;
ત્રિદંડી થઈ વિચરે વલી, નવમે ઈશાને જાયજી-અહો૦ ૧૨
અગ્નિભૂતિ દશમે ભવે, મંદિરપર દ્વિજ હોયજી;
લાખ છપન્ન પૂરવ આઉખું, ત્રિદંડી થઈ મરે સોયજી-અહો૦ ૧૩
ઈગ્યારમે ભવે તે થયો, સનતકુમારે દેવજી,
નયરી શ્વેતાંબીયે અવતર્યો, બારમે ભવે દ્વિજ હેવજી-અહો૦ ૧૪

ચુમાલીશ લાખ પૂરવ આઉખું, ભારદ્વાજ જસુ નામજી;
ત્રિદંડી થઈ વિચરે વલી, મહા ઈન્દ્ર તેરમે ભવે ઠામજી-અહો૦૧૫
રાજગૃહી નયરી ભવ ચઉદમે, થાવર બ્રાહ્મણ દાખજી;
ચોત્રીશ લાખ પૂરવ આઉખો, ત્રિદંડી લિંગ તે ભાખજી-અહો૦૧૬
અમર થયો ભવ પન્નરમે, પાંચમે દેવલોકે દેવજી;
સંસાર ભમ્યો ભવ સોલમે, વિશ્વભૂતિ ક્ષત્રી હેવજી-અહો૦ ૧૭

## ઢાળ ત્રીજી

વિશ્વભૂતિ ધારણીનો બેટો, ભુજબલ કુઠ સમૂલ સમૂલ સમેટો,
સંભૂતિ ગુરુને તેણે ભેટ્યો ૧
સહસ વરસ તિહાં ચારિત્ર પાળી, લહી દીક્ષા આતમ અજુઆળી;
તપ કરી કાયા ગાળી. ૨
એક દિન ગાય ધસી સીગાળી, પડ્યો ભૂમિ તસ ભાઈએ ભાળી,
તેહ શું બળ સંભાળી. ૩
ગરવે રીસ ચઢી વિકરાળી, શીંગ ધરી આકાશે ઉછાળી,
તસ બળ શંકા ટાળી. ૪
તિહાં અણસણ નિયાણું કીધું, તપ વેચી બળ માગી લીધું,
અધો પ્રયાણું કીધું. ૫
સત્તરમેં ભવે શુક્ર સુરવર, ચવી અવતરીયો જિહાં પોતનપુર;
પ્રજાપતિ-મૃગાવતી કુંવર. ૬
ચોરાશી લાખ વરસનું આયુ, સાત સુપન સૂચિત સુત જાયો;
ત્રિપુષ્ઠ વાસુદેવ ગાયો. ૭
ઓગણીશમેં ભવે સાતમી નરકે, તેત્રીશ સાગર આયુ અભંગે;
ભોગવીઉં તનુ સંગે. ૮

વીશમે ભવે સિંહ હિંસા કરતો, એકવીશમે એથી નરકે ફરતો;
વચ્ચે વચ્ચે ઘણા ભવ ભમતો. ૯
બાવીશમેં ભવે સરળ સ્વભાવી, સુખ ભોગવતાં જસ ગવરાવી;
પુણ્યે શુભ મતિ આવી. ૧૦
ત્રેવીસમેં ભવે મૂકાપુરી મુખે, ધનંજય ધારણીની કુખે;
નર અવતરીયો સુખે. ૧૧
ચક્રવર્તિની પદવી લીધી, પોટિલાચાર્ય શું મતિ બાંધી;
શુભગતિ કિરિયા સાધી. ૧૨
કોડી વરસ દીક્ષાનો જાણ, લાખ ચોરાશી પૂરવ પ્રમાણ;
આઉખું પૂરું જાણ. ૧૩
ચોવીશમેં ભવે શુક્ર સુરવર, સુખ ભોગવીયા સાગર સત્તર,
તિહાંથી ચવિયો અમર. ૧૪

## ઢાળ ચોથી

આ ભરતે છત્રિકાપૂરી, જિતશત્રુ-વિજયા નાર મેરે લાલ;
પચ્ચીશમે ભવે ઉપનો, નંદન નામ ઉદાર **મેરે લાલ.**
**તીર્થંકર પદ બાંધીયો.....**
લેઈ દીક્ષા સુવિચાર મેરે લાલ, વીશસ્થાનક તપ આદર્યું,
હુઓ તિહાં જયજયકાર મેરે લાલ... તીર્થંકર૦ ૨
રાજ તજી દીક્ષા લીયે; પોટીલાચાર્ય પાસ મેરે લાલ;
માસખમણ પારણું કરે, અભિગ્રહવંત ઉલ્લાસ મેરે લાલ.. તી૦ ૩
લાખ વરસ ઈમ તપ કર્યો, આળસ નહિંય લગાર મેરે લાલ;
પરિગલ પુણ્ય પોતે કર્યું, વિકસ્યું જિનપદ સાર મેરે લાલ..તી૦ ૪
માસખમણ સંખ્યા કહું, લાખ અગ્યાર એંશી સહસ મેરે લાલ;
છસેં પીસ્તાલીશ ઉપરે, પંચદિન વૃદ્ધિ કરેશ મેરે લાલ..તી૦ ૫

પચવીશ લાખ વરસ આઉખું, માસ સંલેષણ કીધ મેરે લાલ;
ખમી ખમાવી તે ચવ્યો, દશમે સ્વર્ગ ફલ લીધ મેરે લાલ..તી૦ ૬
પુષ્ફોત્તરાવતંસકે, વિમાન સાગર વીશ મેરે લાલ;
સુર ચવિયો સુખભોગવી, હુઓ એ ભવ છવ્વીશ મેરે લાલ..તી૦ ૭

## ઢાળ પાંચમી

**સત્તાવીશમો ભવ સાંભળો તો,**
ભમરહુલી રૂઅડું માહણકુંડ ગ્રામ તો,
ઋષભદત્ત બ્રાહ્મણ વસે તો,
ભ૦ દેવાનંદા નામ તો. ૧
કર્મ રહ્યાં લવલેશ વલી તો,
ભ૦ મરિચી ભવનો જેહ તો,
પ્રાણતકલ્પ થકી ચવી તો,
ભ૦ દ્વિજ કુલે અવતર્યો તેહ તો. ૨
ચઉદ સુપન માતા લહે તો,
ભ૦ આણંદ હુઓ બહુત તો,
ઈન્દ્રે અવધિ જોઈયું તો,
ભ૦ એહ અછેરાભૂત તો. ૩
બ્યાશી દિન તિહાં કણે રહ્યા તો,
ભ૦ ઈંદ્ર આદેશે દેવ તો;
સિદ્ધાર્થ ત્રિશલા કુખે તો,
ભ૦ ગર્ભ પાલટે તતખેવ તો. ૪
ચઉદ સુપન ત્રિશલા લહે તો,
ભ૦ શુભ મુહૂર્તે જણ્યા જામે તો;

જનમ મહોત્સવ તિહાં કરે તો,
ભ૦ ઈંદ્ર ઈંદ્રાણી નામ તો. ૫
વર્ધમાન તસુ નામ દીએ તો,
ભ૦ દેવે દીઓ મહાવીર તો;
હર્ષશું પરણાવીયા તો,
ભ૦ સુખ વિલસે ઘર વીર તો. ૬
માય તાય સુરલોક ગયા તો,
ભ૦ જિન સાધે નિજકાજ તો;
લોકાંતિક સુર એમ કહે તો,
ભ૦ લ્યો દીક્ષા મહારાજ તો. ૭
વરસીદાન દેઈ કરી તો,
ભ૦ લીધો સંયમભાર તો;
એકાકી જિન વિહાર કરે તો,
ભ૦ ઉપસર્ગનો નહિ પાર તો. ૮
તપ ચઉવિહાર કર્યા ઘણા તો,
ભ૦ છ માસી ચઉવિહાર તો;
બીજો છ માસી કર્યો તો,
ભ૦ પંચદિન ઉણા ઉદાર તો. ૯
નવ તે ચૌમાસી કર્યા તો,
ભ૦ બે ત્રણ માસી જાણ તો;
અઢી માસી બે વાર કર્યા તો,
ભ૦ બે માસી છ વાર વખાણ તો. ૧૦
દોઢમાસી બે વાર કર્યા તો,
ભ૦ માસખમણ કર્યા બાર તો;

બહોંતેર પાસખમણ કર્યા તો,
ભ૦ છઠ્ઠે બસેં ઓગણત્રીશ સાર તો. ૧૧
બાર વરસમાં પારણા તો,
ભ૦ ત્રણસેં ને ઓગણપચ્ચાશ તો;
નિદ્રા બે ઘડીની કરી તો,
ભ૦ બેઠા નહીં બાર વરસ તો. ૧૨
કર્મ ખપાવી કેવલ લહ્યું તો,
ભ૦ ત્રિગડે પરષદા બાર તો;
ગણધર પદની થાપના તો,
ભ૦ જગ હુઓ જયજયકાર તો. ૧૩
ગણધરવર ઈગ્યાર હુઆ તો,
ભ૦ ચઉદ સહસ સાધુ સુખકાર તો;
છત્રીશ સહસ સાધવી હુઈ તો,
ભ૦ શિયળ રયણ ભંડાર તો. ૧૪
એકલાખ ઓગણસાઠ હજાર કહ્યા તો,
ભ૦ શ્રાવક સમકતિ ધાર તો;
ત્રણ લાખ અઢાર હજાર શ્રાવિકા તો,
ભ૦ એ કહ્યો વીર પરિવાર તો. ૧૫
બ્રાહ્મણ માતપિતા હુઆ તો,
ભ૦ મોકલ્યાં મુક્તિ મોઝાર તો;
સુપુત્ર આવો ઈમ કહ્યો તો,
ભ૦ સેવકની કરો સાર તો. ૧૬
ત્રીશ વરસ ગૃહવાસ વસ્યા તો,
ભ૦ બાર વરસ છદ્મસ્થ તો;

ત્રીશ વરસ કેવળ ધર્યું તો,
ભ૦ બહોંતેર વરસ સમસ્ત તો. ૧૭
એણી પેરે પાલી આઉખું તો,
ભ૦ દિન દિવાલી જેહ તો;
મહાનંદ પદવી પામીયા તો,
ભ૦ સમરું હું નિત્ય નેહ તો. ૧૮
સંવત્ સોળ બાસઠ વર્ષ તો,
ભ૦ વિજયાદશમી ઉદાર તો;
**લાલવિજય** ભક્તેં કહે તો,
ભ૦ **વીરજિન !** ભવજલ તાર તો. ૧૯

## ઢાળ છઠ્ઠી

સ્મરણ સુખસંપદ મીલે, ફલે મનોરથ કોડજી;
રોગ વિયોગ સવિ ટલે, ન હોય શરીરે કોઢજી. ૧
આદ્રીઆણાપુર મંડણો, ખંડણો પાપનો પૂરોજી;
જે ભવિયણ સેવા કરે, સુખ પામે તે ભરપૂરોજી. ૨
મૂરત મોહન વેલડી, દીઠે અતિ આણંદોજી;
સિંહાસન બેઠા સોહે સદા, ગગને જિસ્યો રવિચંદોજી. ૩
પ્રતિમાએ લહી એ સદા, પ્રણમું જોડી હાથજી;
ત્રણ પ્રદક્ષિણા દઈ કરી, મુક્તિનો મારગ સાથજી. ૪
શ્રાવકે અતિ ઉદ્યમ કરી, કીધો જિનપ્રાસાદોજી;
કાઢ્યું પાપ ઠેલી કરી, પૂણ્યે જગ જશ વાદોજી. ૫

## કળશ

શ્રી વીર પાટ પરંપરાગત, શ્રી આણંદવિમલસૂરીશ્વરુ;
શ્રી વિજયદાન સુરિ તાસ પાટે, શ્રી હીરવિજયસૂરિગણધરુ;
શ્રી વિજયસેનસૂરિ તાસ પાટે, શ્રી વિજયદેવસૂરિ હિતકરુ;
શ્રી કલ્યાણવિજય ઉવજ્ઝાય પંડિત, શ્રી શુભ વિજય શિષ્ય જયંકરુ. ૧

## શ્રી મહાવીરસ્વામિના પાંચ કલ્યાણકનું સ્તવન
## (૧)

### ( રાગ : મેતારજ મુનિવર ધન ધન )

સરસ્વતી ભગવતી ! દીઓ મતિ ચંગી, સરસ સુરંગી વાણ;
તુજ પસાય માય! ચિત્ત-ધરીને, જિનગુણ રયણની ખાણ ૧
**ગિરુઆ ગુણ વીરજી, ગાયશું ત્રિભુવનરાય;**
જશ નામે ઘર મંગલમાલા, તસ ઘર બહુ સુખ થાય..ગિ૦ ૨
જંબૂદ્વીપ ભરત ક્ષેત્ર માંહે, નયર માહણકુંડ ગામ;
ઋષભદત્ત વર વિપ્ર વસે તિહાં, દેવાનંદા તસ પ્રિયા નામ..ગિ૦ ૩
સુરવિમાન વર પુષ્પોત્તરથી, ચવી પ્રભુ લીએ અવતાર;
તવ તે માહણી રયણી મધ્યે, સુપન લહે દશ ચાર..ગિ૦ ૪
ધુરે મયગલ મલપંતો દેખે, બીજે ઋષભ વિશાળ;
ત્રીજે કેશરી, ચોથે લક્ષ્મી, પાંચમે કુસુમની માળ..ગિ૦ ૫
ચંદ્ર સુરજ ધ્વજ કળશ પદ્મસર, દેખે એ દેવ વિમાન;
રયણરેહા રયણાયર રાજે, ચૌદમે અગ્નિ પ્રધાન..ગિ૦ ૬
આનંદ ભર જાગી સા સુંદરી, કંતને કહે પરભાત,
સુણીય વિપ્ર કહે તુમ સુત હોશે, ત્રિભુવનમાંહે વિખ્યાત..ગિ૦ ૭

અતિ અભિમાન કિયો મરિચી ભવે, ભવિ ! જુઓ કર્મવિચાર,
તાત સુતાવર, તિહાં થયા કુંવર, વળી નીચકુલે અવતાર..ગિ૦ ૮
ઈણે અવસર ઈંદ્રાસન ડોલે, નાણે કરી હરિ જોય,
માહણી કુખે જગગુરુ પેખે, નમી કહે અઘટતું હોય..ગિ૦ ૯
તતક્ષણ હરીણગમેષી તેડાવી, મોકલીયો તેણે ઠાય,
માહણી ગર્ભ અને ત્રિશલાનો, બિહું બદલી સુર જાય..ગિ૦ ૧૦
વળી નિશિભર તે દેવાનંદા, દેખે એ સુપન અસાર,
જાણે એ સુપન ત્રિશલા કર ચઢીયાં, જઈ કહે નિજ ભરતાર..ગિ૦ ૧૧
કંથ કહે તું દુઃખ હર સુંદરી, મુજ મન અચરિજ એહ;
મરુથલમાંહે કલ્પદ્રુમ દીઠો, આજ સંશય ટળ્યો તેહ..ગિ૦ ૧૨

## ( ઢાળ ૨ જી )

નયર ક્ષત્રિય કુંડ નરપતિ, સિદ્ધારથ ભલો એ,
આણ ન ખંડે તસ કોય કે, જગ જસ નિરમલોએ; ૧
તસ પટ્ટરાણી ત્રિશલા સતી, કુખે જગપતિએ,
પરમ હર્ષ હિયડે ધરી, ઠવીયા સુરપતિએ... ૨
સુખ સય્યાએ પોઢી દેવી, તો ચૌદ સુપન લહેએ,
જાગતી જિન ગુણ ગાવતી, હરખતી ગહગહેએ; ૩
રાજહંસ ગતિ ચાલતી, પિઉ કને આવતીએ,
પ્રેહ ઉગમતે સૂર કે, વિનવે નિજ પતિએ... ૮
સુણી વાત રાય રંજીઓ, પંડિત તેડીઆએ,
તેણે શુભ સુપન વિચારવા, પુસ્તક છોડીયાંએ; ૯
બોલે મધુરી વાણકે, ગુણનિધિ સુત હોશેએ,
સુખ સંપત્તિ ઘરે વાધશે, સંકટ ભાંજશે એ... ૧૦
પંડીતને રાયે સંતોષીયા, લચ્છી દીએ ઘણીએ,

કહે એ વાણી સફળ હોજો, અમને તુમ તણીએ; ૧૧
નિજપદ પંડિત સંચરીયા, રાય સુખે રહેએ,
દેવી ઉદર ગર્ભ વાધતો, શુભ દોહલાએ... ૧૨
માત ભક્તિ જિનપતિ કરે, ગર્ભ હાલે નહિએ,
સાત માસ વોલી ગયા, માય ચિંતા લહીએ; ૧૩
સહીઅર ને કહે સાંભળો, કોણે મારો ગર્ભ હર્યોએ,
હું ભોળી જાણું નહિં, ફોગટ પ્રગટ કર્યો એ... ૧૪
સખી કહે અરિહંત સમરતાં, દુઃખ દોહગ ટલેએ,
તવ જિન જ્ઞાન પ્રયુંજી, ગર્ભથી સલસલે; ૧૫
માતપિતા પરિવારનું, દુઃખ નિવારીયું એ,
સંયમ ન લેઉ માય તાય છતાં, જિન નિરધારીયુંએ... ૧૬
અણદીઠે મોહ એવડો, કિમ વિછુઓ ખમે એ,
નવમાસવાડા ઉપરે, દિન સાડાસાતમે એ; ૧૭
ચૈત્ર સુદિ દિન તેરસે, શ્રી જિન જનમીયા એ,
સિદ્ધારથ ભૂપતિ ભલો, ઓચ્છવ તવ કીયા એ... ૧૮

( વસ્તુ )

પુત્ર જન્મ્યો પુત્ર જન્મ્યો, જગત શણગાર,
સિદ્ધારથ નૃપ કુલતિલો, કુલમંડણ કુલતણો દીવો,
શ્રી જિનધર્મ પસાઉલે, ત્રિશલાદેવી સુત ચિરંજીવો,
એમ આશિષ દીયે ભલી, આવી છપ્પન કુમારી,
સૂતિકર્મ કરે તે સહી, સોહે જિસી હરિની નારી. ૧

## ( ઢાળ ૩જી )

( રાગ : મોટા તે મેઘરથ રાય કે... )

ચલ્યું રે સિંહાસન ઈન્દ્ર જ્ઞાને નિરખતાં એ;
જાણી જન્મ જિણંદ, ઈન્દ્ર તવ હરખતાં એ. ૧
આસનથી રે ઉઠેવ, ભક્તિ એ થુણે એ;
વાજે સુઘોષા ઘંટ, સઘલે રણઝણેએ. ૨
ઈન્દ્ર ભુવનપતિ વીશ, વ્યંતર તણાએ,
બત્રીશ રવિ શશિ દોય, દશ હરિ કલ્પનાએ, ૩
ચોસઠ ઈન્દ્ર આણંદ, પ્રણમી કહેએ;
રત્નગર્ભા જિન માત, દુજી એસી નહિએ. ૪
જન્મ મહોત્સવ દેવ, સર્વે આવિયાએ,
માય દેઈ નિદ્રામંત્ર, સુત લઈ મેરૂ ગયાએ. ૫
કંચન મણિ ભૃંગાર, ગંધોદકે ભર્યાએ,
કિમ સહસે લઘુવીર, હરિ સંશય ધર્યાએ. ૬
વહેશે નીર પ્રવાહ, કેમ તે નામીએ એ;
ન કરે નમણ સનાહ, જાણ્યું સ્વામીયેએ. ૭
ચરણ અંગુઠે મેરૂ, ચાંપી નાચીયોએ;
મુજ શિર પર ભગવંત, એમ લહી રાચીયોએ. ૮
ઉલટ્યા સાયર સાત, સરવે જળ હલ્યાએ;
પાયાલે નાગેન્દ્ર, સઘળા સલસ્યાએ. ૯
ગિરિવર ત્રુટે ટુંક, ગડગડી પડ્યાએ;
ત્રણ ભુવનના લોક, કંપિત લડથડ્યાએ. ૧૦
અનંતબલ અરિહંત, સુરપતિએ કહ્યું એ;
હું મૂરખ સહી મૂઢ, એટલું નવિ લહ્યું એ. ૧૧

પ્રદક્ષિણા દેઈ ખામી, ઓચ્છવ કરે એ;
નાચે સુરગાયે ગીત, પુણ્ય પોતે ભરે એ. ૧૨
ઈણે સુખે સ્વર્ગની લીલ, તૃણ સરખી ગણે એ;
જિન મૂકી માયને પાસ, પદ ગયા આપણે એ. ૧૩
માય જાગી જુએ પુત્ર, સુરવરે પૂજીયો એ;
કુંડલ દોય દેવદૂષ્ય, અંગુઠે અમીય દીઓ એ. ૧૪
જન્મ મહોત્સવ રાય, ઋદ્ધિએ વાધીઓ એ,
સજ્જન સંતોષી નામ, વર્ધમાન થાપીઓ એ. ૧૫

## ( ઢાળ ૪ થી )

### (રાગ : પ્રભુ પાર્શ્વનું મુખડું જોવા )

પ્રભુ કલ્પતરૂ સમ વાધે, ગુણ મહિમા પાર ન લાધે;
રૂપે અદ્ભૂત અનુપમ અકલ, અંગે લક્ષણ વિદ્યા સકલ. ૧
મુખચંદ્ર કમલદલ નયણ, સાસ સુરભિગંધ મીઠાવયણ;
હેમવરણે પ્રભુ તનુ ભાવે, અતિ નિર્મળ જલ નવરાવે. ૨
તપ તેજે સૂરજ સોહે, જોતાં સુરનરનાં મન મોહે;
પ્રભુ રમે રાજકુંવરશું વનમાં, માય તાયને આનંદ મનમાં. ૩
બળ અતુલ વૃષભ ગતિવીર, ઈન્દ્રે સભામાં કહ્યો જિનધીર;
એકસુર મૂઢ વાત ન માને, આવ્યો પરખવાને વન રમવાને. ૪
અહિં થઈ વૃક્ષ આમલીયે રાખ્યો, પ્રભુ હાથે ઝાલી દૂરે નાંખ્યો;
વળી બાળક થઈ આવી રમીઓ, હારી વીરને ખાંધે લઈ ગમીયો. ૫
માય તાય દુઃખ ધરી કહે મિત્ર, કોઈ વર્ધમાનને લઈ ગયો શત્રુ;
જાતો સુર વાધ્યો ગગને મિથ્યાતી, વીરે મુષ્ટિએ હણ્યો પડ્યો ધરતી. ૬
પાય નમી નામ દીધું, મહાવીર, જેહવો ઈન્દ્રે કહ્યો તેવો ધીર,
સુર વળીઓ પ્રભુ આવ્યા રંગે, માય તાયને ઉલટ અંગે. ૭

(વસ્તુ)

રાય ઓચ્છવ રાય ઓચ્છવ કરે મનરંગ,
લેખનશાળાએ સુત ઠવે, વીર જ્ઞાન રાજા ન જાણે,
તવ સૌધર્મ ઈન્દ્ર આવીયો, પૂછે ગ્રંથ સ્વામી વખાણે,
વ્યાકરણ જૈન તિહાં કીઓ, આનંદ્યો સુરરાય,
વચનવદે પ્રભુ ભારતી, પંડ્યો વિસ્મય થાય.

## ( ઢાળ ૫મી )

### ( રાગ : પૂરવ પુણ્ય ઉદય કરી... )

યૌવનવય જબ આવીયાએ, રાયેકન્યા જસોદા પરણાવીયા એ,
વિવાહ મહોત્સવ શુભ કિયાએ, સર્વે સુખ સંસારનાં વિલસીયા એ. ૧
અનુક્રમે હુઈ એક કુંવરી, ત્રીસ વર્ષ જિનરાજ લીલા કરી એ,
માતાપિતા સદ્ગતિ ગયા એ, પછે વીર વૈરાગે પૂરીઆ એ ૨
રાયણરાય સેના જીતીયો એ, વીરે અથિર સંસાર મન ચિંતીયો એ,
રાજરમણી ઋદ્ધિ પરિહરી એ, કહે કુટુંબને લેશું સંયમસિરિ એ. ૩

## ( ઢાળ ૬ઠ્ઠી )

### ( રાગ : પામી સુગુરૂ પસાય રે... )

પિતરીઓ સુપાસ રે, ભાઈ નંદીવર્ધન,
કહે વત્સ એમ ન કીજીયે એ. ૧
આગે માય તારો વિછોહ રે, તું વળી વ્રત લીએ;
ચાંદે ખાર ન દીજીયે એ. ૨
નીર વિના જિમ મચ્છરે, વીર વિના તિમ;
ટળવળતું ઈમ સહુ કહે એ. ૩
કૃપાવંત ભગવંત રે, નેહ વિના વલી;
વરસ બે ઝાઝેરાં રહ્યાં એ. ૪

ફાસુલીએ અન્નપાન રે, પરઘર નવિ જમે;
ચિત્ત ચારિત્ર ભાવે રમે એ. ૫
ન કરે રાજની ચિંત રે, સુર લોકાંતિક;
આવી કહે સંયમ સમે એ. ૬
બૂઝ બૂઝ ભગવંત રે, છોડ વિષય સુખ,
એ સંસાર વધારણો એ. ૭

## ( ઢાળ ૭મી )

### (રાગ : આવે આવે વિમલગિરિંદ... )

આલે આલે ત્રિશલાનો કુંવર, રાજા સિદ્ધારથનો નંદન;
દાન સંવત્સરીએ; એક કોડી આઠ લાખ, દિન પ્રતે એ,
કનક રયણ રૂપા મોતી તો; મુઠી ભરી ભરીએ... આલે૦ ૧
ધણકણ ગજરથ ઘોડલાએ, ગામ નયર પુર દેશ તો;
મનવાંછિત વલી એ, નિર્ધનને ધનવંત કર્યા રે,
તસ ઘર ન ઓળખે નારી, તો સમ કરે વલી વલીએ. આલે૦ ૨
દુઃખ દારિદ્ર ટાળ્યા જનતણાં રે, મેઘ પરે વરસી દાન;
તો પૃથિવી અઋણ કરીએ, બહુ નરનારી ઓચ્છવ જુવે એ,
સુરનર કરે મંડાણ તો; જિન દીક્ષા વરી એ આલે૦ ૩
વિહાર ક્રમ જગગુરૂ કીઓ એ, કેડે આવ્યો માહણ મિત્ર તો,
નારી સંતાપીયો એ; જિન! યાચક હું વિસર્યો એ,
પ્રભુ ખંધ થકી દેવદૂષ્ય તો, પટ ખંડ કરી દીઓ એ. આલે૦ ૪

## ( ઢાળ ૮મી )

જસઘર હોય પ્રભુ પારણું, સૂર તિહાં કંચન વરસે અતિ ઘણું,
આંગણું દીપે જે તેહ તણું રે; દેવ દુંદુભિ વાજે એ,
તેણે નાદે અંબર ગાજે એ છાજે એ, ત્રિભુવન માંહે સોહામણું એ૦ ૧

( ત્રોટક )

સોહામણું પ્રભુ તપ તપે એ, બહુ દેશ વિદેશે વિચરંતા,
ભવિજીવને ઉપદેશ દેતાં, સાતે ઈતિ શમાવંતા;
ષટ્ માસ વન કાઉસ્સગ્ગ રહી, જિન કર્મ કઠિન દહે સહી,
ગોવાલ ગૌ ભળાવી ગયા, વીર મુખે બોલે નહિં ૨

( ઢાળ )

ગૌલ સવિ દશ દિશે ગયા, તેણે આવી કહ્યું મુનિ કિહાં ગયા ?
ઋષિરાય ઉપર મૂર્ખ કોપીયા એ; ચરણ ઉપર રાંધી ખીર,
તેણે ઉપસર્ગે ન ચલ્યા ધીર, મહાવીર શ્રવણે ખીલા ઠોકીયા એ. ૩

( ત્રોટક )

ઠોકીયા ખીલા દુઃખે પીલ્યા, કો ન લહે તેમ કરી ગયા;
જિનરાજને મન શત્રુ-મિત્ર સરિખા મેરૂ પરે ધ્યાને રહ્યા;
વહ્નિ વરસે મેઘ બારે, વીજળી ઝબૂકે ઘણી,
બેહુ ચરણ ઉપર ડાભ ઉગ્યા, ઈમ સહે ત્રિભુવન ધણી. ૪

( ઢાળ )

એકદિન ધ્યાન પુરૂં કરી, પ્રભુ નયરીયે પહોંચ્યા ગોચરી
તિહાં વૈદ્યે શ્રવણે ખીલા જાણીયા એ;
પારણું કરી કાઉસ્સગ્ગે રહ્યા, તિહાં વૈદ્યે સંચ ભેલા કીઆ,
બાંધીયા વૃક્ષે દોર ખીલા તાણીયા એ. ૫

( ત્રોટક )

તાણી કાઢ્યા દોય ખીલા, વીર વેદન થઈ ઘણી,
આક્રંદ કરતા ગિરિ થયો શતખંડ જુઓ ગતિ કરમ તણી;
બાંધે જીવડાં કર્મ હસતાં, રોવતાં તૂટે નહિં,
ધન્ય ધન્ય મુનિવર રહે સમ ચિત્ત, કર્મ એમ ત્રુટે સહી. ૬

## ( ઢાળ ૯મી )

### ( રાગ : પ્રભુ પાર્શ્વનું મુખડું જોવા રે... )

જુઓ જુઓ કરમે શું કીધું રે, અન્ન વર્ષ ઋષભે ન લીધું રે;
કર્મવશ મ કરો કોઈ ખેદ રે, મલ્લીનાથ પામ્યા સ્ત્રીવેદ રે. ૧
કર્મે ચક્રી બ્રહ્મદત્ત નડીયો રે, સુભૂમ નરક માંહે પડીયો રે;
ભરત બાહુબલ શું લડીયો રે, ચક્રી હાર્યો રાય જસ ચડીયો રે. ૨
સનતકુમારે સહ્યા રોગ રે, નળ દમયંતી વિયોગ રે;
વાસુદેવ જરાકુમરે માર્યો રે, બળદેવ મોહનીયે ધાર્યો રે. ૩
ભાઈ શબ મસ્તકે વહીયો રે, પ્રતિબોધ સુરમુખે લહીયો રે;
શ્રેણિક નરકે પહોતો રે, વન ગયા દશરથ પુત્રો રે. ૪
સત્યવંત હરિશ્ચંદ્ર ધીર રે, ડુંબ ઘરે શિર વહ્યું નીર રે;
કુબેરદત્તને કુયોગ રે, બહેન વળી માતાશું ભોગ રે. ૫
પરહથ્થે ચંદનબાળ રે, ચઢિઓ સુભદ્રાને આળ રે;
મયણરેહા મૃગાંકલેખા રે, દુઃખ ભોગવીયા તે અનેકા રે. ૬
કરમે ચંદ્ર કલંકીયો એ, રાયરંક કોઈ નવિ મૂકીયો એ;
ઈંદ્ર અહલ્યાશું લુબ્ધો રે, રયણાદેવી ઈશ વશ કીયો રે. ૭
ઈશ્વર નારીએ નચાવ્યો રે, બ્રહ્મધ્યાનથી ચૂકાવ્યો રે,
અહો અહો કરમ પ્રધાન રે, જીત્યા જીત્યા શ્રી વર્ધમાન રે. ૮

## ( ઢાળ ૧૦ મી )

### ( રાગ : શત્રુંજય મંડણ... )

ઈમ કર્મ હણ્યા સવિ, ધીર પુરૂષ મહાવીર,
બાર વર્ષ તપ્યો તપ, તે સઘળો વિણનીર;
શાલિવૃક્ષ તલે પ્રભુ, પામ્યા કેવલજ્ઞાન,
સમવસરણ રચે સુર, દેશના દે જિનભાણ. ૧
અપાયા નયરે, યજ્ઞ કરે વિપ્ર જેહ,

સર્વે બુઝવી દીક્ખિયા, વીરને વંદે તેહ;
ગૌતમઋષિ આદિ, ચારસેં ચાર હજાર,
સહસ ચૌદ મુનિવર, ગણધર વર ઈગ્યાર. ૨
ચંદનબાળા મુખ્ય, સાધવી સહસ છત્રીશ,
દોઢ લાખ સહસ, નવ શ્રાવક દ્યે આષિશ;
ત્રણ લાખ શ્રાવિકા, અધિકા સહસ અઢાર,
સંઘ ચતુર્વિધ થાપીયો, ધન ધન જિન પરિવાર ૩
પ્રભુ અશોકતરૂ તળે, ત્રિગડે કરે વખાણ,
સુણે બાર પર્ષદા, યોજન વાણી પ્રમાણ;
ત્રણ છત્ર સોહે શિર ચામર ઢાળે ઈન્દ્ર,
નાટક બદ્ધ બત્રીશ, ચોત્રીશ અતિશય જિણંદ ૪
ફુલપગર ભરે સુર, વાજે દુંદુભિ નાદ,
નમે સકળ સુરાસુર, છાંડી સવિ પરમાદ;
ચિહું રૂપે સોહે, ધર્મ પ્રકાશે ચાર,
ચોવિશમો જિનવર, આપે ભવનો પાર. ૫
પ્રભુ વર્ષ બહોંતેર, પાળી નિર્મળ આય,
ત્રિભુવન ઉપકારી, તરણ તારણ જિનરાય,
કાર્તિક માસે દિન, દીવાળી નિર્વાણ,
પ્રભુ મુક્તે પહોંતા, પામે નિત્ય કલ્યાણ ૬

## ( કળશ )

ઈમ વીર જિનવર સયલ સુખકર, નામે નવનિધિ સંપજે;
ઘર ઋદ્ધિ વૃદ્ધિ સિદ્ધિ પામે, એક મન જે નર ભજે. ૧
તપગચ્છ ઠાકુર ગુણ વૈરાગર, **હીરવિજય સૂરીશ્વરો**,
**હંસરાજ** વંદે મન આણંદે, કહે ધન્ય ધન્ય મુજ એ ગુરો. ૨

# શ્રી મહાવીર સ્વામીનું પંચકલ્યાણકનું સ્તવન

## (દૂહા)

શાસન નાયક શિવકરણ, વંદુ વીર જિણંદ;
પંચ કલ્યાણક જેહના, ગાશું ધરી આણંદ. ૧
સુણતાં થુણતાં પ્રભુતણાં, ગુણ ગિરૂઆ એક તાર;
ઋદ્ધિ વૃદ્ધિ સુખ સંપદા, સફલ હુવે અવતાર. ૨

## ઢાળ ૧લી

સાંભળજો સસનેહિ સયણાં, પ્રભુજીનાં ચરિત્ર ઉલ્લાસે રે;
જે સાંભળશે પ્રભુ ગુણ તેહનાં, સમકિત નિર્મળ થાશે રે. ૧
જંબૂદ્વીપે દક્ષિણ ભરતે, વર માહણકુંડ ગામે રે;
ઋષભદત્ત બ્રાહ્મણ તસ નારી, દેવાનંદા નામે રે. ૨
અષાઢ સુદી છઠ્ઠે પ્રભુજી, પુષ્પોત્તરથી ચવીયા રે;
ઉત્તરા ફાલ્ગુની યોગે આવી, તસ કૂખે અવતરીયા રે. ૩
તિણ રયણી સા દેવાનંદા, સુપન ગજાદિક નિરખે રે;
પ્રભાતે સુણી કંત ઋષભદત્ત, હૈડામાંહી હરખે રે. ૪
ભાખે ભોગ અર્થ સુખ હોસ્યે, હોસ્યે પુત્ર સુજાણ રે;
તે નિસુણી સા દેવાનંદા, કીધું વચન પ્રમાણ રે. ૫
ભોગ ભલા ભોગવંતા વિચરે, એહવે અચરિજ હોવે રે;
શતક્રતુ જીવ સુરેસર હરખ્યો, અવધિ પ્રભુને જોવે રે. ૬
કરી વંદનને ઈન્દ્ર સન્મુખ, સાત આઠ પગ આવે રે;
શક્રસ્તવ વિધિ સહિત ભણીને, સિંહાસન સોહાવે રે. ૭
સંશય પડીયો એમ વિમાસે, જિન ચક્રી હરિ રામ રે;

તુચ્છ દરિદ્ર માહણ કુલ નાવે, ઉગ્ર ભોગ વિણ ધામ રે. ૮
અંતિમ જિન માહણ કુલ આવ્યા, એહ અચ્છેરૂં કહીએ રે;
ઉત્સર્પિણી અવસર્પિણી અનંતી, જાતાં એહવું લહીએ રે. ૯
ઈણ અવસર્પિણી દશ અચ્છેરાં, થયા તે કહીએ તેહ રે;
ગર્ભ હરણ ગોશાલા ઉપસર્ગ, નિષ્ફળ દેશના જેહ રે. ૧૦
મૂલ વિમાને રવિ શશી આવ્યા, ચમરાનો ઉત્પાત રે;
એ શ્રી વીરજિણેસર વારે, ઉપના પંચ વિખ્યાત રે. ૧૧
સ્ત્રી તીર્થ મલ્લિજિન વારે, શીતલને હરિવંશ રે;
ઋષભને અઠો-તેરસે સીધાં, સુવિધિ અસંજતિ શંસ રે. ૧૨
શંખ શબ્દ મીલીયાં હરિ હરિસ્યું, નેમિસરને વારે રે;
તિમ પ્રભુ નીચ કુલે અવતરીયા, સુરપતિ એમ વિચારે રે. ૧૩

## ઢાળ ૨ જી

ભવ સત્તાવીશ સ્થૂલમાંહી ત્રીજે ભવે,
મરીચિ કીયો કુલ મદ ભરત યદા સ્તવે;
નીચ ગોત્ર કરમ બાંધ્યું તિહાં તે થકી,
અવતરીયા માહણ કુલ અંતિમ જિનપતિ. ૧
અતિ અઘટતું એહ થયું થાશે નહિં,
જે પ્રસવે જિન ચક્રી નીચકુલે નહીં;
ઈહાં મારો આચાર ધરૂં ઉત્તમ કુલે,
હરિણગમેષી દેવ તેડાવે એટલે. ૨
કહે માહણકુંડ નયરે જઈ ઉચિત્ત કરો,
દેવાનંદા કૂખેથી પ્રભુને સંહરો,
નયર ક્ષત્રિયકુંડ રાય સિદ્ધારથ ગેહિની,
ત્રિશલા નામે ધરો પ્રભુ કૂખે તેહની. ૩

ત્રિશલા ગર્ભ લઈને ધરો માહણી ઉરે,
બ્યાસી રાત વસીને કહ્યું તિમ સુર કરે;
માહણી દેખે સુપન જાણે ત્રિશલા હર્યા,
ત્રિશલા સુપન લહે તવ ચૌદ અલંકર્યા ૪
હાથી વૃષભ સિંહ લક્ષ્મી માલા સુંદરૂં,
શશિરવિ ધ્વજ કુંભ પદ્મ સરોવર સાગરૂં;
દેવવિમાન રયણપૂંજ અગ્નિ વિમલ હવે,
દેખે ત્રિશલા એહ કે પિયુને વિનવે.૫
હરખ્યો રાય સુપન પાઠક તેડાવીયા,
રાજભોગ સુત ફલ સુણી તેહ વધાવીયા;
ત્રિશલારાણી વિધિસ્યું ગર્ભ સુખે વહે,
માયતણે હિત હેતકે પ્રભુ નિશ્ચલ રહે. ૬
માય ઘરે દુઃખ જોરે વિલાપ ઘણું કરે,
કહે મેં કીધાં પાપ અઘોર ભવાંતરે;
ગર્ભ હર્યો મુજ કોણે હવે કેમ પામીએ?
દુઃખનું કારણ જાણી વિચાર્યું સ્વામીએ. ૭
અહો અહો મોહ વિટંબણ જાલિમ જગતમેં,
અણદીઠે દુઃખ એવડો ઉપાયો પલકમેં,
તામ અભિગ્રહ ધારે પ્રભુ તે કહું,
માત પિતા જીવતાં સંયમ નવિ ગ્રહું. ૮
કરૂણા આવી અંગ હલાવ્યું જિનપતિ,
બોલી ત્રિશલા માત હિયે ઘણું હસતી;
અહો મુજ જાગ્યાં ભાગ્ય ગર્ભ મુજ સળવલ્યો,
સેવ્યો શ્રી જિનધર્મ કે સુરતરૂ જિમ ફલ્યો ૯

સખીયો કહે શિખામણ સ્વામિની સાંભલો
હળવે હળવે બોલો હસો રંગે ચલો;
ઈમ આનંદે વિચરતાં દોહલા પૂરતે,
નવ મહિના ને સાડા સાત દિવસ થતે. ૧૦
ચૈત્ર તણી સુદ તેરસ નક્ષત્ર ઉત્તરા,
જોગે જન્મ્યા વીર કે તવ વિકસી ધરા;
ત્રિભુવન થયો ઉદ્યોત કે રંગ વધામણાં,
સોના રૂપાની વૃષ્ટિ કરે ઘેર સુર ઘણા. ૧૧
આવી છપ્પનકુમારી કે ઓચ્છવ પ્રભુ તણે
ચલ્યું રે સિંહાસન ઈંદ્ર કે ઘંટા રણઝણે;
મળી સુરની કોડ કે સુરપતિ આવીયો,
પંચરૂપ કરી પ્રભુને સુરગિરિ લાવીયો. ૧૨
એક ક્રોડ આઠ લાખ કલશ જલશું ભર્યા,
કિમ સહેસ્યે લઘુવીર કે ઈંદ્ર સંશય ધર્યા;
પ્રભુ અંગુઠે મેરૂ ચાંપ્યો અતિ ગડગડે,
ગડગડે પૃથ્વી લોક જગતના લડથડે. ૧૩
અનંત બળી પ્રભુ જાણી ઈંદ્રે ખમાવીઓ,
ચાર વૃષભનાં રૂપ કરી જલ નામીઓ,
પૂજી અરચી પ્રભુને માય પાસ ધરે,
ધરી અંગૂઠે અમૃત ગયા નંદીશ્વરે. ૧૪

## ઢાળ ૩ જી

### ( રાગ : હમચડીની દેશી )

કરી મહોચ્છવ સિદ્ધારથ ભૂપ, નામ ધરે વર્ધમાન
દિનદિન વાધે પ્રભુ સુરતરૂ જિમ, રૂપકલા અસમાન રે. હમચડી૦ ૧

એકદિન પ્રભુજી રમવા કારણ, પુર બાહિર જબ જાવે;
ઈંદ્ર મુખે પ્રશંસા સુણી તિહાં; મિથ્યાત્વી સુર આવે રે. હમચડી૦ ૨
અહિ રૂપે વિટાણો તરૂસ્યું, પ્રભુ નાંખ્યો ઉછાલી;
સાત તાડનું રૂપ કર્યું તવ, મુઠે નાંખ્યો વાલી રે. હમચડી૦ ૩
પાયે લાગીને તે સુર ખામે, નામ ધરે મહાવીર;
જેવો ઈન્દ્રે વખાણ્યો સ્વામી, તેવો સાહસ ધીર રે. હમચડી૦ ૪
માત પિતા નિશાળે મૂકે, આઠ વરસના જાણી;
ઈન્દ્ર તણાં તિહાં સંશય ટાળ્યા, નવ વ્યાકરણ વખાણી રે. હમચડી૦ ૫
અનુક્રમે યૌવન પામ્યા પ્રભુજી, વર્યા યશોદા રાણી;
અઠ્ઠાવીશ વરસે પ્રભુનાં, માતપિતા નિર્વાણી રે. હમચડી૦ ૬
દોય વરસ ભાઈને આગ્રહ, પ્રભુ ગૃહ વાસે વસીયા;
ધર્મ પંથ દેખાડો ઈમ કહે, લોકાંતિક ઉલ્લસીયા રે. હમચડી૦ ૭
એક ક્રોડ આઠ લાખ સોનૈયા, દિન દિન પ્રભુજી આપે;
ઈમ સંવચ્છરી દાન દઈને જગનાં દારિદ્રય કાપે રે. હમચડી૦ ૮
છાંડ્યા રાજ અંતે ઉર પ્રભુજી, ભાઈએ અનુમતિ દીધી;
મૃગશીર વદ દશમી ઉત્તરાયે, વીરે દીક્ષા લીધી રે. હમચડી૦ ૯
ચઉનાણી તિણ દિનથી પ્રભુજી, વરસ દિવસ ઝાઝેરે;
ચીવર અર્ધ બ્રાહ્મણને આપ્યું, ખંડે ખંડ બે ફેરે રે. હમચડી૦ ૧૦
ઘોર પરિષહ સાડાબારે, વરસ જે જે સહીયા;
ઘોર અભિગ્રહ જે જે ધરિયા, તે નવિ જાયે કહીયા રે. હમચડી૦ ૧૧
શૂલપાણિ ને સંગમદેવે, ચંડકોશી ગોસાલે;
દીધું દુઃખ ને પાયસ રાંધી, પગ ઉપર ગોવાલે રે. હમચડી૦ ૧૨
કાને ગોપે ખીલા માર્યા, કાઢતાં મૂકી રાટી;
જે સાંભળતા ત્રિભુવન કંપ્યા, પર્વત શિલા ફાટી રે. હમચડી૦ ૧૩
તે તે દુષ્ટ સહુ ઉદ્ધરિયા, પ્રભુજી પર ઉપગારી;
અડદ તણા બાકુલા લઈને, ચંદનબાલા તારી રે. હમચડી૦ ૧૪

દોય છ માસી નવ ચઉમાસી, અઢી માસી ત્રણ માસી;
દોઢ માસી બે બે કીધાં, છ કીધાં બે માસી રે. હમચડી૦ ૧૫
બાર માસને પખ બ્હોતેર, છઠ્ઠ બસેં ઓગણત્તીસ વખાણું;
બાર અઠ્ઠમ ભદ્રાદિ પ્રતિમા, દિન દોય ચાર દશ જાણું રે. હમચડી૦ ૧૬
ઈમ તપ કીધાં બારે વરસે, વિણ પાણી ઉલ્લાસે;
તેનાં પારણાં પ્રભુજીએ કીધાં, ત્રણસેં ઓગણ પચાસ રે. હમચડી૦ ૧૭
કર્મ ખપાવી વૈશાખ માસે, સુદ દશમી શુભ જાણ;
ઉત્તરા યોગ સાલિવૃક્ષ તળે, પામ્યા કેવલનાણ રે. હમચડી૦ ૧૮
ઈંદ્રભૂતિ આદિ પ્રતિબોધ્યા, ગણધર પદવી દીધી;
સાધુ સાધવી શ્રાવક શ્રાવિકા, સંઘ સ્થાપના કીધી રે. હમચડી૦ ૧૯
ચઉદ સહસ અણગાર સાધવી, સહસ છત્રીસ કહીજે;
એક લાખને સહસ ગુણ સઠ્ઠિ, શ્રાવક શુદ્ધ કહીજે રે. હમચડી૦ ૨૦
તીન લાખ અઢાર સહસ વલી, શ્રાવિકા સંખ્યા જાણી;
ત્રણસેં ચૌદ પૂર્વધારી, તેરસેં ઓહિનાણી રે. હમચડી૦ ૨૧
સાતસયાં તે કેવલનાણી, લબ્ધિ ધારી પણ તેટલા;
વિપુલ મતિયા પાંચસેકહીયાં, ચારસેં વાદી જીત્યા રે. હમચડી૦ ૨૨
સાતસેં અંતેવાસી સીધ્યા, સાધવી ચૌદસેં સાર;
દિનદિન તેજ સવાયે દીપે એ પ્રભુજીનો પરિવાર રે. હમચડી૦ ૨૩
ત્રીસ વરસ ઘરવાસે વસીયા, બાર વરસ છદ્મસ્થે;
તીશ વરસ કેવલ બેંતાલીશ, વરસ શ્રમણાવસ્થે રે. હમચડી૦ ૨૪
વરસ બ્હોંતેર કેરૂં આયુ, વીર જિણંદનું જાણો;
દીવાલી દિન સ્વાતિ નક્ષત્ર, પ્રભુજીનું નિર્વાણ રે. હમચડી૦ ૨૫
પંચ કલ્યાણક એમ વખાણ્યા, પ્રભુજીના ઉલ્લાસે;
સંઘ તણે આગ્રહ હરખ ભરીને, સુરત રહી ચોમાસું રે. હમચડી૦ ૨૬

## કળશ

ઈમ ચરમ જિનવર, સયલ સુખકર, થુણ્યો અતિ ઉલટ ધરી,
અષાડ ઉજ્જવલ પંચમી દિન, સંવત શત ત્રિહોત્તરે;
ભાદરવા સુદ પડવા તણે દિન, રવિવારે ઉલટ ભરે;
**વિમલવિજય** ઉવજ્ઝાય પયકજ, ભ્રમર સમ શુભ શિષ્ય એ;
**રામવિજય** જિનવર નામે, લહે અધિક જગીશ એ. ૧૭

## શ્રી મહાવીર સ્વામી પંચકલ્યાણકનું સ્તવન

જંબુદ્વિપના ભરતમાં જો, રૂડું માહણ કુંડ છે ગામ જો;
ઋષભદત્ત માહણ તિહાં વસે જો, તસ નારી દેવાનંદા નામ જો;
ચરિત્ર સુણો જિનજી તણાં જો. ૧
જેમ સમકિત નિર્મળ થાય જો, અષ્ટ મહા સિદ્ધિ સંભવે જો;
વળી પાતિક દૂર પલાય જો. ચરિત્ર૦ ૨
ઉજળી છઠ અષાઢની જો, યોગે ઉત્તરા ફાલ્ગુની સાર જો;
પુષ્પોત્તર સુવિમાનથી જો, ચ્યવી કુખે લીયો અવતાર જો. ચ૦ ૩
દેવાનંદા તણી રયણીએ જો, સુતાં સુપન લહ્યાં દસ ચાર જો;
ફલ પૂછે નિજ કંતને જો; કહે ઋષભદત્ત મન ધારજો. ચ૦ ૪
ભોગ અર્થ સુખ પામશું જો, તુમે લહેશો પુત્ર રતન જો;
દેવાનંદા તે સાંભળી જો, કીધું મનમાં તહત્તિ વચન જો. ચ૦ ૫
સંસારીક સુખ ભોગવે જો, સુણો અચરીજ હુઓ તેણી વાર જો;
સૌધર્મ ઈન્દ્ર તિહાં કને જો, જોઈ અવધિ તણે અનુસાર જો. ચ૦ ૬
ચરમ જિનેશ્વર ઉપન્યા જો, દેખી હરખ્યો ઈન્દ્ર મહારાજ જો;
સાત આઠ પગ સામો જઈ જો, એમ વંદન કહે શુભ સાજ જો. ચ૦ ૭
શક્રસ્તવ વિધિશું કરજો, ફરી બેઠો સિંહાસન જામ જો;

મન વિમાસણમાં પડ્યું જો, ચિત્ત ચિંતવે સુરપતિ તામ જો. ચ૦ ૮
જિન ચક્રી હરિ હામજી જો, અંત પ્રાંત માહણ કુલે જોય જો;
આવ્યા નહિ નહિ આવશે જો, એ તો ઉગ્ર ભોગ રાજકુલે હોય જો. ચ૦૯
અંતિમ જિનેશ્વર આવીયા જો, એ તો માહણ કુલમાં જેણ જો;
એ તો અચ્છેરા ભૂત છે જો, થયું હુંડા અવસર્પિણી તેણ જો. ચ૦ ૧૦
કાલ અનંત જાતે થકે જો, એવાં દસ અચ્છેરાં થાય જો;
ઈણ અવસર્પિણીમાં થયાં જો, જે કહીએ તે ચિત્ત લાયજો. ચ૦ ૧૧
ગર્ભહરણ ઉપસર્ગનો જો, મૂલ રૂપે આવ્યા રવિચંદ જો;
નિષ્ફળ દેશના જે થઈ જો, ગયો સૌધર્મે અમરેન્દ્ર જો. ચ૦ ૧૨
એ શ્રી વીરની વારમાં જો, કૃષ્ણ અમરકંકા ગયા જાણજો;
નેમિનાથને વારે સહી જો, સ્ત્રી તીર્થમલ્લી ગુણખાણ જો. ચ૦ ૧૩
એકસોને આઠ સિધ્યા ઋષભને જો, વારે સુવિધિને અસંયતિ જો;
શીતલનાથ વારે થયું જો, કુલ હરિવંશની ઉત્પત્તિ જો. ચ૦ ૧૪
એમ વિચાર કરે ઈન્દ્રલો જો, પ્રભુ નીચ કુલે અવતાર જો;
તેહનું કારણ શું આછે જો, ઈમ ચિંતવે હૃદય મોઝાર જો. ચ૦ ૧૫

## ઢાળ બીજી.

ભવ મોટા કહીએ પ્રભુના સત્તાવીસ જો,
મરિચિ ત્રિદંડી તે માંહિ ત્રીજે ભવે રે જો;
તિહાં ભરત ચક્રીસરવંદે આવી જોય જો;
કુલનો મદ કર નીચ ગોત્ર બાંધ્યું તે હવે રેજો. ૧.
એ તો માહણ કુળમાં આવ્યા જિનવર દેવજો,
અતિ અણજુગતુ એહ થયું થાશે નહિ રે જો;
જે જિનવર ચક્રી આવે નીચે કુલ માંહી જો,
છે આચાર ઘરૂં ઉત્તમ કુલે સહી રે જો. ૨.

એમ ચિંતિ તેડ્યો હરિણ ગમેષી દેવ જો,
કહે માહણ કુંડ જઈને, એ કારજ કરોરે જો;
છે દેવાનંદાની કુખે ચરમ જિણંદ જો;
હર્ષ ધરીને પ્રભુને, તિહાંથી સંહરો રે જો. ૩.
નયર ક્ષત્રિય કુંડ રાય સિદ્ધારથ ગેહ જો,
ત્રિશલા રાણી તેહની છે રૂપે ભલી રે જો;
તસ કુખે જઈ સંક્રમાવો પ્રભુને આજ જો;
ત્રિસલાનો જે ગર્ભ છે તે માહણ કુલેરે જો. ૪.
જેમ ઈન્દ્રે કહ્યું તેમ કીધું તતક્ષણ તેણ જો;
બ્યાસી રાતને અંતરે પ્રભુને સંહર્યા રે જો,
માહણી જાણે સુપનાં ત્રિશલા હરિને લીધ જો;
ત્રિશલા દેખી ચૌદ સુપન મનમાં ધર્યા રે જો. ૫.
ગજ વૃષભ સિંહને લક્ષ્મી ફૂલની માળ જો;
ચાંદો સુરજ ધ્વજ કુંભ પદ્મ સરોવરૂ રે જો,
સાગર ને દેવ વિમાન ને રત્નની રાશી જો,
ચૌદમે સુપને દેખી અગ્નિ મનોહરૂ રે જો. ૬.
શુભ સુહણાં દેખી હરખી ત્રિશલા નાર જો,
પ્રભાતે ઉઠીને પિયુ આગળ જઈ કહે રે જો;
તે સાંભળી દિલમાં રાય સિદ્ધારથ નેહ જો,
સુપન પાઠકને તેડી પૂછે ફલ લહે રે જો. ૭.
તુમ હોસે રાજ અરથને સુત સુખ ભોગ જો,
સુણી ત્રિશલા દેવી, સુખે ગર્ભ પોષણ કરેરે જો;
તવ માતા હેતે પ્રભુજી રહ્યા સંલીન જો,
તે જાણીને ત્રિશલા દુઃખ દિલમાં ધરેરે જો. ૮.

મેં કીધાં પાપ જ ઘોર ભવો ભવ જેહ જો,
દૈવ અટારો દોષી દેખી, નવિ શકે રે જો;
મુજ ગર્ભ હર્યો જે કિમ પામું હવે તેહ જો,
રંક તણે ઘેર રત્ન ચિંતામણિ કિમ ટકેરે જો. ૯.
પ્રભુજીએ જાણી તતક્ષણ, દુઃખની વાત જો,
મોહ વિટંબન જાલિમ, જગમાં જે લહુંરે જો;
જુએ દીઠા વીણ પણ, એવડો જાગે મોહ જો;
નજરે બાંધ્યા પ્રેમનું કારણ, શું કહે રે જો; ૧૦.
પ્રભુ ગર્ભ થકી હવે, અભિગ્રહ લીધો એહ જો;
માત પિતા જીવતાં સંયમ, લેશું નહિ રે જો;
એમ કરૂણા આણી, તુરત હલાવ્યું અંગ જો,
માતાને મન ઉપન્યો હર્ષ, સુણો સહી રે જો. ૧૧.
અહો ભાગ્ય અમારૂં, જાગ્યું સહિયર આજ જો;
ગર્ભ અમારો ચાલ્યો, સહુ ચિંતા ગઈ રે જો;
એમ સુખભર રહેતાં, પુરણ હુવા નવમાસ જો;
તે ઉપર વળી સાડી સાત રમણી થઈરે જો. ૧૨.
તવ ચૈત્રી તણી શુદિ, તેરસ ઉત્તરા જોગ જો;
જનમ્યા શ્રી જિનવીર, હુઈ વધામણી રે જો;
સહુ ધરણી વિકસી, જગમાં થયો પ્રકાશ જો;
સુરનરપતિ ઘરે વૃષ્ટિ કરે સોવન તણીરે જો. ૧૩.

## ઢાળ ત્રીજી.

જનમ સમય શ્રીવીરનો જાણી, આવી છપ્પન કુમારી રે;
જગજીવન જિનજી, જનમ મહોત્સવ કરી ગીતજ ગાયે;

પ્રભુજીને જાઉં બલીહારી રે, જગજીવન જિનજી ૧.
તત્ક્ષણ ઈન્દ્ર સિંહાસન હાલ્યું, સુઘોષા ઘંટા વજડાવે રે, જગ૦ ૨
ઈન્દ્ર પંચ રૂપે પ્રભુજીને, સુરગિરિ ઉપર લાવે રે. જગ૦
યત્ન કરી હૈડામાં રાખે, પ્રભુજીને શીશ નમાવે રે. જગ૦ ૩
એક કોડી આઠ લાખ કળશલા, નિર્મળ નીરે ભરીયા રે. જગ૦
નાનો બાલક કિમ સહશે, ઈન્દ્રે સંશય ધરીયા રે. જગ૦ ૪
અતુલ બલિ જિન અવધે જોઈ, મેરૂ અંગુઠે ચંપ્યો રે. જગ૦
પૃથ્વી હાલ કલ્લોલ થઈ તવ, ધરણીધર તિહાં કંપ્યો રે. જગ૦ ૫
જિનનું બલ દેખીને સુરપતિ, ભક્તિ કરીને ખમાવે રે. જગ૦
ચાર વૃષભનાં રૂપ કરીને, જિનવરને નવરાવે રે. જગ૦ ૬
અમૃત અંગુઠે થાપીને, માતા પાસે મેલે રે. જગ
દેવ સહુ નંદીસર જાવે, આવતાં પાતિકર ઠેલે રે. જગ૦ ૭
હવે પ્રભાતે સિદ્ધારથ રાજા, અતિ ઘણા ઓચ્છવ મંડાવે રે. જગ૦
ચકલે ચકલે નાચ કરાવે, જગતના દાણ છંડાવે રે. જગ ૮
બારમે દિવસે સ્વજન સંતોષી, નામ દીધું વર્ધમાન રે. જગ૦
અનુક્રમે વધતા આઠ વરસના, હુવા શ્રી ભગવાન રે. જગ૦ ૯
એક દિન પ્રભુજી રમવા ચાલ્યા, તેવ તેવડાં સંઘાતી રે, જગ૦
ઈન્દ્ર મુખે પ્રશંસા નિસુણી; આવ્યો સુર મિથ્યાત્વી રે. જગ૦ ૧૦
પન્નગ રૂપે ઝાડે વળગ્યો, પ્રભુજીએ નાંખ્યો ઝાલી રે; જગ૦
તાડ સમાન વળી રૂપ જ કીધું, મુઠીએ નાંખ્યો ઉછાળી રે. જગ૦ ૧૧
ચરણે નમીને ખમાવે તે સુર, નામ ધરે મહાવીર રે. જગ૦
જેહવા તુમને ઈન્દ્રે વખાણ્યા, તેહવા છો પ્રભુ ધીર રે. જગ૦ ૧૨
માતા-પિતા નિશાળે ભણવા, મુકે બાળક જાણી રે. જગ૦
ઈન્દ્ર આવી તીહાં પ્રશ્ન જ પૂછે, પ્રભુ કહે અર્થ વખાણી રે. જગ૦૧૩

યૌવન વય જાણી પ્રભુ પરણ્યા, નારી યશોદા નામે રે. જગ૦
અઠાવીસ વર્ષે પ્રભુજીના, માત પિતા સ્વર્ગ પામે રે. જગ૦ ૧૪
ભાઈ તણો અતિ આગ્રહ જાણી, દોય વરસ ઘર વાસી રે. જગ૦
તેહવે લોકાંતિક સુર બોલે, પ્રભુ કહો ધર્મ પ્રકાશી રે. જગ૦ ૧૫

## ઢાળ ૪ થી

પ્રભુ આપે વરસી દાન, ભલું રવિ ઉગતે જિનવરજી;
એક કોડીને આઠ લાખ, સૌનૈયા દિન પ્રત્યે જિનવરજી;
માગસર વદિ દસમી, ઉત્તરાયોગે મન ધરી જિનવરજી;
ભાઈની અનુમતી, માંગીને દીક્ષા વરી જિનરવજી. ૧
તેહ દિવસ થકી પ્રભુજી, ચઉ નાણી થયા જિનવરજી;
સાધિક એક વરસ તે, ચીવરધારી પ્રભુ રહ્યા જિનવરજી;
પછી દીધું બંભણને બે વાર, ખંડોખંડે કરી જિનવરજી;
પ્રભુ વિહાર કરે એકાકી, અભિગ્રહ ચિત્ત ધરી, જિનવરજી. ૨
સાડા બાર વરસમાં, ઘોર પરિષહ જે સહ્યા, જિનવરજી;
શુલપાણિ ને સંગમ દેવ, ગોશાળાના કહ્યા જિનવરજી;
ચંડકોશીને ગોવાળે, ખીર રાંધી પગ ઉપરે જિનવરજી;
કાને ખીલા ખોસ્યા, તે કષ્ટ સહુ પ્રભુ ઉદ્ધરે જિનવરજી. ૩
લેઈ અડદના બાકુલા, ચંદનબાળા તારીયા; જિનવરજી;
પ્રભુ પર ઉપગારી, સુખ દુઃખ સમ ધારીયા; જિનવરજી;
છમાસી બેને નવ ચોમાસી કહીયે રે; જિનવરજી;
અઢી માસી ત્રણ માસી, દોઢ માસી બે બે લહીયે; જિનવરજી. ૪
ષટ્ કીધાં બે બે માસ, પ્રભુ એ સોહામણા જિનવરજી;
બાર માસને પખ, બહોતેર તે રળીયામણા જિનવરજી;
છઠ બસેં ઓગણત્રીશ, બાર અઠમ વખાણીયે; જિનવરજી;

ભદ્રાદિક પ્રતિમા દિન, બે ચૌદશ જાણીયે; જિનવરજી. ૫
સાડા બાર વરસમાં,તપ કીધાં વિણ પાણીએ જિનવરજી;
પારણાં ત્રણસેં, ઓગણપચાસ, તે જાણીએ જિનવરજી;
તવ કર્મ ખપાવી, ધ્યાન શુક્લ મન ધ્યાવતા જિનવરજી;
વૈશાખ શુદિ દશમી, ઉત્તરાયોગે સોહાવતા જિનવરજી. ૬
શાલિ વૃક્ષ તળે, પ્રભુ પામ્યા કેવલ નાણ રે જિનવરજી;
લોકાલોક તણા પ્રકાશી, થયા પ્રભુ જાણ રે, જિનવરજી;
ઈન્દ્રભુતિ પ્રમુખ, પ્રતિબોધીને ગણધર કીધ રે જિનવરજી;
સંઘ સ્થાપના કરીને, ધર્મની દેશના દીધ રે જિનવરજી. ૭
ચૌદ સહસ ભલા અણગાર, પ્રભુને શોભતા જિનવરજી;
વળી સાધવી સહસછત્રીસ, કહી નિર્લોભતા જિનવરજી;
ઓગણસાઠ સહસ, એક લાખ તે શ્રાવક સંપદા જિનવરજી;
તીન લાખ ને સહસ અઢાર, તે શ્રાવિકા સમુદાય; જિનવરજી. ૮
ચૌદ પૂરવ ધારી ત્રણસેં, સંખ્યા જાણીએ જિનવરજી;
તેરસેં ઓહી નાણી, સાતસેં કેવલી વખાણીએ જિનવરજી;
લબ્ધિ ધારી સાતસેં, વિપુલ મતિ વળી પાંચસેં જિનવરજી;
વળી ચારસો વાદી, તે પ્રભુજી પાસે વસે. જિનવરજી. ૯
શિષ્ય સાતસો ને વળી, ચૌદસો સાધવી સિદ્ધ થયાં જિનવરજી;
એ પ્રભુજીનો પરિવાર, કહેતાં મન ગહ ગહ્યાં જિનવરજી;
પ્રભુજીએ ત્રીસ વરસ, ઘર વાસે ભોગવ્યાં, જિનવરજી;
છદમસ્થપણામાં બાર, વરસ તે ભોગવ્યાં; જિનવરજી. ૧૦
ત્રીસ વરસ કેવલ, બેતાલીસ વરસ સંયમપણું જિનવરજી;
સંપૂરણ બહોંતેર વરસ, આયુ શ્રી વીર તણું જિનવરજી;
દિવાળી દિવસે સ્વાતિ, નક્ષત્ર સોહંકરૂં જિનવરજી;
મધરાતે મુક્તિ પહોંત્યા, પ્રભુજી મનોહરૂં. જિનવરજી. ૧૧

એ પાંચ કલ્યાણક ચોવીસમા, જિનવર તણાં જિનવરજી;
તે ભણતાં ગણતાં હરખ, હોય મનમાં ઘણાં જિનવરજી;
જિન શાસન નાયક, ત્રિશલાસુત ચિત્તરંજનો જિનવરજી;
ભવિયણનો શિવ સુખકારી, ભવ ભય ભંજનો જિનવરજી. ૧૨

### કળશ

જયવીર જિનવર, સંઘ સુખકર;
થુણ્યો અતિ ઉત્સુક ધરી, સંવત
સત્તર એકાદશીએ, સુરત ચોમાસું કરી;
શ્રી સહજસુંદર તણો સેવક,
ભક્તિ શું એણી પેરે સેવક,
પ્રભુજી શું પુરણ પ્રેમ પામી,
નિત્ય લાભ વંછિત લહે.

## શ્રી મહાવીર સ્વામીનું હાલરડું

### (૧)

માતા ત્રિશલા ઝુલાવે પુત્ર પારણે,[૧]
ગાવે હાલો હાલો હાલરવાના ગીત;
સોના રૂપાને વળી રત્ને જડીયું પારણું,
રેશમ દોરી ઘુઘરી વાગે છુમછુમ રીત,
હાલો હાલો હાલો હાલો મ્હારા વીરને. ૧
જિનજી પાસ પ્રભુજી વરસ અઢીસેં અંતરે,
હોશે ચોવીસમો તીર્થંકર જિન પરિમાણ;

કેશી સ્વામી મુખથી એહવી વાણી સાંભળી,
સાચી સાચી હુઈ તે મારે અમૃતવાણ હાલો૦ ૨
ચૌદે સ્વપ્રે હોવે ચક્રી કે જિનરાજ,
વીત્યા બારે ચક્રી નહિ હવે ચક્રી રાજ;
જિનજી પાસ પ્રભુના શ્રી કેશી ગણધાર;
તેહનાં વચને જાણ્યા ચોવીશમાં જિનરાજ હાલો૦ ૩
મારી કૂખે આવ્યા ત્રણ ભુવન શિરતાજ,
મારી કૂખે આવ્યા તરણતારણ જહાજ;
મારી કૂખે આવ્યા સંઘ તીરથની લાજ,
હું તો પુન્ય પનોતી ઈદ્રાણી થઈ આજ. હાલો૦ ૪
મુજને દોહલા ઉપન્યા બેસું ગજ અંબાડીએ,
સિંહાસન પર બેસું ચામર છત્ર ધરાય;
એ સહુ લક્ષણ મુજને નંદન તારા તેજનાં,
તે દિન સંભારૂ ને આનંદ અંગ ન માય. હાલો૦ ૫
કરતલ પગતલ લક્ષણ એક હજાર ને આઠ છે,
તેહથી નિશ્ચય જાણ્યા જિનવર શ્રી જગદીશ;
નંદન જમણી જંઘે લંછન સિંહ બિરાજતો,
મેં તો પહેલે સુપને દીઠો વિશવાવીશ. હાલો૦ ૬
નંદન નવલા બંધવ નંદિવર્ધનના તમે,
નંદન ભોજાઈઓના દેવર છો સુકુમાલ;
હસશે રમશે ને વળી ચુંટી ખણશે ગાલ,
હસશે રમશે ને વળી ઠુંસા દેશે ગાલ. હાલો૦ ૭
નંદન નવલા ચેડા રાજાના ભાણેજ છો,
નંદન નવલા પાંચશે મામીના ભાણેજ છો,

નંદન મામલીયાના ભાણેજા સુકુમાલ,
હસશે હાથ ઉછાળી કહીને ન્હાના ભાણેજા;
આંખ્યો આંજીને વળી ટપકું કરશે ગાલ૦ હાલો૦ ૮
નંદન મામા મામી લાવશે ટોપી આંગલા,
રતને જડીયાં ઝાલર મોતી કસબી કોર;
નાલાં પીળાં ને વળી રાતાં સર્વે જાતિનાં,
પહેરાવશે મામી મારા નંદ કિશોર. હાલો૦ ૯
નંદન મામા મામી સુખલડી બહુ લાવશે,
નંદન ગજવે ભરશે લાડુ મોતીચૂર;
નંદન મુખડાં જોઈને લેશે મામી ભામણાં,
નંજન મામી કહેશે જીવો સુખ ભરપૂર. હાલો૦ ૧૦
નંદન નવલા ચેડા મામાની સાતે સતી,
મારી ભત્રીજીને બ્હેન તમારી નંદ;
તે પણ ગજવે ભરવા લાખણ સાઈ લાવશે,
તુમને જોઈ જોઈ હોશે અધિકો પરમાનંદ. હાલો૦ ૧૧
રમવા કાજે લાવશે લાખ ટકાનો ઘૂઘરો,
વળી સુડા મેના પોપટ ને ગજરાજ;
સારસ કોયલ હંસ તીતરને વળી મોરજી,
મામી લાવશે રમવા નંદ તમારે કાજ. હાલો૦ ૧૨
છપ્પન કુમરી અમરી જળ કળશે નવરાવીઆ;
નંદન તમને અમને કેલી ઘરની માંહી;
ફૂલની વૃષ્ટિ કીધી યોજન એકને માંડલે,
બહુ ચિરંજીવો આશિષ દીધી તુમને ત્યાંહી હાલો૦ ૧૩
તમને મેરૂગિરિ પર સુરપતિએ નવરાવીઆ,

નિરખી નિરખી હરખી સુકૃત લાભ કમાય;
મુખડા ઉપર વારૂ, કોટિ કોટિ ચંદ્રમાં,
વળી તન પર વારૂ ગ્રહણનો સમુદાય. હાલો૦ ૧૪
નંદન નવલા ભણવા નિશાળે પણ મૂકશું,
ગજપર અંબાડી બેસાડી મ્હોટે સાજ;
પસલીભરશું શ્રીફળ ફોફળ નાગરવેલશું;
સુખડલી લેશું નિશાળીયાને કાજ. હાલો૦ ૧૫
નંદન નવલા મ્હોટા થાશો ને પરણાવશું,
વહુઅર સરખી જોડી લાવશું રાજકુમાર;
સરખે સરખા વેવાઈ વેવાણોને પધરાવશું,
વરવહુ પોંખી લેશું જોઈ જોઈને દેદાર હાલો૦ ૧૬
પીયર સાસર મ્હારા બેઉ પખ નંદન ઉજળા
મ્હારી કૂખે આવ્યા તાત પનોતા નંદ;
મારે આંગણે વુઠ્યા અમૃત દૂધે મેહુલા,
મારે આંગણે ફલીયા સુરતરૂ સુખના કંદ હાલો૦ ૧૭
ઈણિ પરે ગાયું માતા ત્રિશલા સુતનું પારણું,
જે કોઈ ગાશે લેશે પુત્ર તણા સામ્રાજ;
બીલીમોરા નગરે વરણવ્યું વીરનું હાલરૂં,
જય જય મંગલ હોજો, **દીપવિજય** કવિરાજ હાલો૦ ૧૮

## (૨)

અલલહાલ હાલવાલ રે મહાવીર પારણીયામાં પોઢો,
મણીમય ડાંડીને મોરવાયા જગ જગ હીરા ઝલકે;
પારણીયું બે મેરૂ ફુલેલી, રત્ને ચુનીયું ઝલકે. અલલહાલ... ૧

ઝાઝા કસબનું ધોતીયું ને, કોર વીજળી વરણી,
ચારે કોર ચંદન મણી ટાંકા, વચ્ચે મુરજની કરની. અલલહાલ... ૨
સોનાની સાંકળીયે સુંદર; રેશમની છે દોરી;
સિદ્ધારથનો નંદન રૂવે ત્યારે, ત્રિશલા ગાવે ગોરી. અલલહાલ... ૩
મોરી ચકલીયોને પુતલીઓ, ઝુમખડે સુસાધી;
રંગીલાને રમવા સારૂં, સરખી દોરી બાંધી, અલલહાલ... ૪
મોતીનાં ઝુમકડાં જલકે ઘણા જ ઘુઘરા ઘમકે;
ઘંટ લઈ ત્રિશલા વજડાવે, જોઈ જોઈને કુળ ઠમકે. અલલહાલ... ૫
હીર ચીરનાં બાળોતીયાંને, દૂધ પોતે દીધા
મહાવીરજી પારણીયે પોઢ્યા, કારજ સઘળાં સિધ્યાં. અલલહાલ... ૬
પારણીયું છે હરખ ભરેલું, ગુણવંતા જે ગાશે;
**હીરવિજયનો શિષ્ય** કહે ત્યારે; પારણીયું મહાવીરનું ગાજે.
અલલહાલ... ૭

## શ્રી પર્યુષણાપર્વની શ્રી વીરચરિત્રના
## છ વ્યાખ્યાનની સજ્ઝાયો

### (૧)

પર્વ પજુસણ આવીયા, આનંદ અંગ ન માય રે,
ઘર ઘર ઉત્સવ અતિ ઘણાં, શ્રી સંઘ આવે ને જાય રે.
**પર્વ પજુષણ આવીયા** ૧
જીવ અમારી પલાવીયે, કીજીયે વ્રત પચ્ચક્ખાણ રે;
ભાવ ધરી ગુરૂ વંદીયે, સુણીયે સૂત્ર વખાણ રે. પર્વ૦ ૨
આઠ દિવસ એમ પાલીયે, આરંભનો પરિહારો રે;

ન્હાવણ ધોવણ ખંડણ, લીંપણ પીસણ વારો રે. પર્વ૦ ૩
શક્તિ હોય તો પચ્ચક્ખીએ અઠ્ઠાઈ અતિ સારો રે;
પરમભક્તિ પ્રીતે વહોરાવીએ, સાધુને ચાર આહારો રે. પર્વ૦ ૪
ગાય સોહાગણ સર્વ મલી, ધવલ મંગલ ગીત રે;
પકવાને કરી પોષિયે, પારણે સાહમ્મિ મન પ્રીતરે પર્વ૦ ૫
સત્તર ભેદી પૂજા રચી, પૂજો શ્રી જિનરાય રે;
આગળ ભાવના ભાવીયે, પાતક મલ ધોવાય રે. પર્વ૦ ૬
લોચ કરાવે રે સાધુજી, બેસે બેસણા માંડી રે;
શિર વિલેપન કીજીયે; આલસ અંગથી છાંડી રે. પર્વ૦ ૭
ગજ ગતિ ચાલે ચાલતી સોહાગણ નારી તે આવે રે;
કુંકુમ ચંદન ગહુંઅલી, મોતીયે ચોક પૂરાવે રે. પર્વ૦ ૮
રૂપા મહોર પ્રભાવના, કરીયે તવ સુખકારી રે;
**શ્રી ક્ષમાવિજય** કવિરાયનો, બુધ **માણેકવિજય** જયકારી રે. પર્વ૦ ૯

## (૨)

ઈન્દ્ર વિચારે ચિત્તમાંજી, એ તો અચરિજ વાત;
નીચ કુલે નાવ્યા કદાજી, ઉત્તમ પુરૂષ અવદાત. સુગુણનર૦
જુઓ જુઓ કર્મપ્રધાન, કર્મ સબલ બલવાન સુ૦જુ૦ ૧
આવે તો જન્મે નહિંજી, જિન ચક્રી હરિ રામ;
ઉગ્ર ભોગરાજન કુલેજી, આવે ઉત્તમ ઠામ સુ૦જુ૦ ૨
કાલ અનંતે ઉપનાજી, દસ અચ્છેરાં રે હોય,
તિણે અચ્છેરૂં એ થયુંજી, ગર્ભહરણ દશ માંહે સુ૦જુ૦ ૩
અથવા પ્રભુ સત્યાવીશમાંજી, ભવમાં ત્રીજે જન્મ;

મરીચિભવ કુલમદ કીયોજી, તેથી બાંધ્યું નીચ કર્મ સુ૦જુ૦ ૪
ગોત્રકર્મ ઉદયે કરીજી, માહણ કુલે ઉવવાય;
ઉત્તમકુલે જે અવતરેજી, ઈંદ્રજીત તે થાય. સુ૦જુ૦ ૫
હરિણગમેષી તેડીનેજી, હરિ કહે એહ વિચાર;
વિપ્રકુલથી લેઈ પ્રભુજી, ક્ષત્રિય કુલે અવતાર. સુ૦જુ૦ ૬
રાય સિદ્ધારથ ઘર ભલીજી, રાણી ત્રિશલા દેવી,
તાસ કૂખે અવતારીયાજી, હરિ સેવક તતખેવ સુ૦જુ૦ ૭
ગજ વૃષભાદિક સુંદરજી, ચૌદ સુપન તિણિ વાર
દેખી રાણી જેહવાંજી, વર્ણવ્યા સૂત્રે સાર. સુ૦જુ૦ ૮
વર્ણન કરી સુપનતણુંજી, મૂકી બીજુ વખાણ;
**શ્રી ક્ષમાવિજય** ગુરૂ તણોજી, કહે માણેક ગુણખાણ. સુ૦જુ૦ ૯

## (૩)

દેખી સુપન તવ જાગી રાણી એ તો હિયડે હેતજ આણી રે; પ્ર૦
ઉઠીને પિયુ પાસે તે આવે, કોમલ વચને જગાવે રે. **પ્રભુ અર્થ કાશે**૦ ૧
કર જોડીને સુપન સુણાવે, ભૂપતિને મન ભાવે રે; પ્ર૦
કહે રાય સુણ પ્રિયા વિચારી, તુમ પુત્ર હોશે સુખકારી રે. પ્ર૦૨
જાઓ સુભગે સુખ શય્યાએ, શયન કરોને સજઝાઈ રે; પ્ર૦
નિજ ઘર આવી રાત્રિ વિતાઈ ધર્મકથા કહે બાઈ રે. પ્ર૦૩
પ્રાતઃસમય થયો સૂરજ ઉગ્યો, ઉઠ્યો રાય ઉમાહ્યો રે; પ્ર૦
કૌટુંબિક નર વેગે બોલાવે, સુપન પાઠક તેડાવે રે. પ્ર૦૪
આવ્યા પાઠક આદર પાવે, સુપન અર્થ સમજાવે રે; **દ્વિજ અર્થપ્રકાશે;**
જિનવર ચક્રી જનની પેખે, ચૌદ સુપન સુવિશેષે રે. દ્વિ૦૫
વાસુદેવની માતા સાત, ચાર બળદેવની માત રે; દ્વિ૦

તે માટે એ જિનચક્રી સારો, હોશે પુત્ર તુમારો રે. દ્વિ૦૬
સુપન વિચાર સુણી પાઠકને, સંતોષે નૃપ બહુ દાને રે; દ્વિ૦
સુપન પાઠક ઘરે બોલાવી, નૃપ રાણી પાસે આવી રે. દ્વિ૦૭
સુપન કહ્યાં તે સંખેવે, સુખ પામી પ્રિયા તતખેવે રે; દ્વિ૦
ગર્ભપોષણ કરે હવે હર્ષે, રાણી અંગ આનંદ વર્ષે રે. દ્વિ૦૮
પંચવિષય સુખ રંગે વિલસે, અબ પુણ્ય મનોરથ ફલશે રે; દ્વિ૦
એટલે પૂરૂં ત્રીજું વખાણ કરે **માણેક** જિનગુણ ગાન રે. દ્વિ૦ ૯

## (૪)

ધનદ તણે આદેશથી રે, મન મોહનાં રે લાલ
તિર્યંગજૃંભક દેવ રે, જગ **સોહનાં રે લાલ;**
રાયસિદ્ધારથને ઘરે રે, મ૦ વૃષ્ટિ કરે નિત્યમેવ રે જ૦ ૧
કનકરયણ મણિ રૌપ્યની રે, મ૦ ધણ કણ ભૂષણ માન; જ૦
વરસાવે ફલ ફૂલની રે, મ૦ નૂતન વર્ષ નિધાન રે. જ૦ ૨
વાધે દોલત દિન પ્રત્યે રે, મ૦ તેણે વર્દ્ધમાન હેત રે; જ૦
દેશું નામજ તેહનું રે, મ૦ માતપિતા સંકેત રે. જ૦ ૩
માતાની ભક્તિ કરી રે, મ૦ નિશ્ચલ પ્રભુ રહ્યા તામ રે; જ૦
માતા આરતિ ઉપની રે, મ૦ શું થયું ગર્ભને આમ રે. જ૦ ૪
ચિંતાતુર સહુ દેખીને રે, મ૦ પ્રભુ હાલ્યા તેણી વાર રે; જ૦
હર્ષ થયો સહુ લોકને રે, મ૦ આનંદમય અપાર રે. જ૦ ૫
ઉત્તમ દોહલા ઉપજે રે, મ૦ દેવ પૂજાદિક ભાવ રે; જ૦
પૂરણ થાયે તે સહુ રે, મ૦ પૂરવ પુણ્ય પ્રભાવ રે જ૦ ૬
નવ માસ પૂરા ઉપરે રે, મ૦ દિવસ સાડા સાત રે; જ૦
ઉચ્ચ સ્થાને ગ્રહ આવતાં રે, મ૦ વાયે અનુકૂલ વાત રે. જ૦ ૭

વસંતઋતુ વન મોરિયાં રે, મ૦ જન મન હર્ષ ન માય રે; જ૦
ચૈત્ર માસ સુદિ તેરસે રે, મ૦ જિન જન્મ્યા અડધી રાત રે. જ૦ ૮
અજવાલું ત્રિહું જગ થયું રે, મ૦ વરત્યો જયજયકાર રે; જ૦
ચોથું વખાણ પૂરણ ઈહાં રે, મ૦ બુધ **માણેકવિજય** હિતકાર રે. જ૦ ૯

## (૫)

ચારિત્ર લેતાં ખંધે મૂક્યું, દેવદૂષ્ય સુરનાથેજી;
અર્ધ તેહનું આપ્યું પ્રભુજી, બ્રાહ્મણને નિજ હાથેજી ૧
વિહાર કરતાં કાંટે વળગ્યું, બીજું અર્ધ તે ચેલજી;
તેર માસ સચેલક રહિયા, પછી કહીએ અચેલજી ૨
પન્નર દિવસ રહી તાપસ આશ્રમે, સ્વામી પ્રથમ ચોમાસેજી;
અસ્થિગ્રામે પહોંતા જગગુરૂ, શૂલપાણિની પાસેજી ૩
કિલષ્ટભાવે વ્યંતર તેણે કીધાં, ઉપસર્ગ અતિ ઘોરજી;
સહી પરિષહ તે પ્રતિબોધી, મારી નિવારી જોરજી ૪
મોરાક ગામે કાઉસ્સગ્ગ પ્રભુજી, તાપસ તિહાં કર ભેદીજી;
અહચ્છંદકનું માન નિવાર્યું, ઈન્દ્રે આંગુલી છેદીજી ૫
કનકખલે કૌશિક વિષધર, પરમેશ્વર પડિબોહ્યોજી;
ધવલ રૂધિર દેખી જિન દેહે, જાતિસ્મરણ સોહ્યોજી ૬
સિંહ દેવ જીવે કીયો પરિષહ, ગંગા નદી ઉતારેજી;
નાવને વિઘ્ન કરતો દેખી, કંબલ શંબલ નિવારેજી ૭
ધર્માચાર્ય નામે મંખલી, પુત્રે પરિઘલ જવાલાજી;
તેજો લેશ્યા મૂકી પ્રભુને, તેહને જીવિતદાન આલ્યાંજી ૮
વાસુદેવ ભવે પૂતના રાણી, વ્યંતરી તાપસ રૂપેજી;
જટાભરી જલ છાંટે પ્રભુને, તો પણ ધ્યાન સ્વરૂપેજી ૯

ઈન્દ્ર પ્રશંસા અણમાનતે સંગમે સુરે બહુ દુઃખ દીધાંજી;
એક રાત્રિમાં વીશ ઉપસર્ગ, કઠોર નિઠોર તેણે કીધાંજી ૧૦
છ માસવાડી પૂઠે પડિયો, આહાર અસૂજતો કરતોજી;
નિશ્ચલ ધ્યાન નિહાળી પ્રભુનું, નાઠો ભયથી ડરતોજી ૧૧
હજી કર્મ તે અઘોર જાણી, મનથી અભિગ્રહ ધારેજી;
ચંદનબાલા અડદને બાકુળે, ષટમાસી તપ પારેજી ૧૨
પૂરવ ભવ વૈરી ગોવાલે, કાને ખીલા ઠોક્યાજી;
ખરક વૈદ્યે ખેંચી કાઢ્યા, ઈણીપરે સહુ કર્મ રોક્યાંજી ૧૩
બારવર્ષ સહેતાં ઈમ પરિષહ, વૈશાખ સુદિ દિન દશમીજી;
કેવલજ્ઞાન ઉપજ્યું પ્રભુને, વારી ચિંહુગતિ વસમીજી ૧૪
સમવસરણ તિહાં દેવે રચિયું, બેઠાં ત્રિભુવન ઈશજી;
શોભિત અતિશય ચોત્રીસે, વાણી ગુણ પાંત્રીશજી ૧૫
ગૌતમ પ્રમુખ એકાદશ ગણધર, ચઉદ, સહસ મુનિરાયજી;
સાધવી છત્રીશ સહસ અનોપમ, દીઠે દુર્ગતિ જાયજી ૧૬
એક લાખને સહસ ઓગણસાઠ, શ્રાવક સમકિત ધારીજી;
ત્રણ લાખને સહસ અઢારસેં, શ્રાવિકા સોહે સારીજી ૧૭
સ્વામી ચઉવિહ સંઘ અનુક્રમે, પાવાપુરી પાય ધારેજી;
કાર્તિક વદી અમાવાસ્યા દિવસે, પહોંતા મુક્તિ મોઝારજી ૧૮
પર્વ દીવાલી તિહાંથી પ્રગટી, કીધો દીપ ઉદ્યોતજી;
સંઘ મલીને તિણે પ્રભાતે, ગૌતમ કેવલ હોતજી ૧૯
તે શ્રી ગૌતમ નામ જપંતા, હોવે મંગલ માલજી;
વીર મુગતે ગયાથી નવસેં, એંસી વરસે સિદ્ધાંતજી ૨૦
શ્રી **ક્ષમાવિજય શિષ્ય બુધ** માણેક કહે, સાંભળો શ્રોતા સુજાણજી;
ચરમજિણેસર એ ચરિત્રે, મૂક્યું છઠ્ઠું વખાણજી. ૨૧

## સત્યાવીશ ભવની સજ્ઝાય - ૬

કર્મથી વધે સંસાર ભવિયા કર્મથી વધે સંસાર
પહેલે ભવે નયસાર જંગલમાં, બ્રાહ્મણ કા ભક્ત ઉદાર
સાધુથી ઉપદેશ પામીને, પામે સમક્તિ સાર..... ૧
બીજા ભવમાં દેવજ હુવા, ત્રીજે મરિચીકુમાર,
ઋષભ પ્રભુની દીક્ષા ગ્રહીને, હુઆ ત્રિદંડી સંસાર..... ૨
ભરત વંદનથી ગર્વિત થઈને, બાંધે કર્મ કતાર,
કપિલને ઉત્સૂત્ર સુણાવી રે, ફેલાવ્યો સંસાર..... ૩
ચોથાથી પંદરમાં ભવ સુધી, હુઆ લારોલાર,
દેવ અને બ્રાહ્મણ ત્રિદંડી, ભ્રમણ કરે સંસાર..... ૪
સોળમાં ભવે યુવરાજપણામાં, વિશ્વભૂતિ અણગાર,
વિશાખાનંદી હાંસી ઉડાવે, કોપ કરે અણગાર..... ૫
પટકીને ગાયના બળનું, કરે નિયાણું લાર,
સુર થઈ અઢારમાં ભવમાં, થયા ત્રિપૃષ્ટ હોંશિયાર..... ૬
શય્યાપાલકના કાનમાં નાખે, ગરમ શીશાની ધાર
કર્ણે ખીલા કર્મ મેં બાંધે, અર્ધ એક બલધાર..... ૭
બાદ મેં નારકી સિંહવા નારકી, મનુષ્યનો અવતાર,
તેવીશમેં ભવે પ્રિયમિત્રજી, ચક્રવર્તી અણગાર..... ૮
દેવ થઈ પચીશમાં ભવમાં નંદરાજ સુકુમાર,
સાધુ માસખમણ આરાધે, વીશસ્થાનક ઉદાર..... ૯
તીર્થંકર શુભ નામ કર્મને બાંધે તે અણગાર,
દેવ થઈ સત્યાવીશમેં ભવે, ધરે મનુજ અવતાર..... ૧૦
નીચ ગોત્ર કર્મના બળથી, વિપ્ર કુલે અવતાર,
દેવાનંદા ત્રિશલાને પણ, લેણ દેણ નિરધાર..... ૧૧

ઈંદ્ર હુકુમથી હરિણગમેષી, ગર્ભ હરણ કરે ત્યાંય
દેવાનંદાની કુક્ષીથી લહી, ત્રિશલા કુક્ષી મોઝાર..... ૧૨
ત્રિશલા દેખે ચૌદ સ્વપ્ન, પામે હર્ષ અપાર,
ચારિત્ર દર્શન જ્ઞાનના સ્વામી, શ્રી **શુભવીર** અવતાર.....૧૩

## ત્રિશલા માતાની સજ્ઝાય - ૭

(રાગ : ભેખ રે ઉતારો રાજા ભરથરી..)

શીખ સુણો સખી માહરી, બોલોને વચન રસાળ
તુમ કુખડીયે ઉપન્યા, સૌભાગી સુકુમાળ..... (૧)
તીખુ કડવું કસાયેલું ખાટા ખારાની જાત,
મધુર રસ નવિ સેવિયે, વપુ મલય પરિહાર..... (૨)
અતિ ઉનું અતિ શીતલડું નયણે કાજળ રેખ
અતિ ભોજન નવિ કિજીયે, તેલ ન ચોપડીયે રેખ..... (૩)
સ્નાન વિલેપન તાહરું, મન જાણી દુઃખમાય
હળવે મધુરે બોલીયે, આસી સુખની વાડ..... (૪)
ગાડા વહેલ વિડોળતા, ધબ ધબ ચાલ ન ચાલ
અતિ શિયળ જગ સેવના, વિણસે પુત્રનાં કાજ..... (૫)
જેમ જેમ દોહલા ઉપજે, તેમ તેમ દેજો બહુમાન
ભોગ સંયોગને વારજો, હોશે પુત્ર નિદાન..... (૬)
એણી પરે ગર્ભને પાળતા, પુત્ર થયો શુભ ધ્યાન
સંઘમાં જે જે રે સહુ કરે, **હિરવિજય** ગુણ ગાય..... (૭)

## (૮)

( રાગ : આજ આપે ચાલો )

પર્વ પજુષણ આવ્યા સજની, ચાલો આપણ જઈએ રે
દેવ ગુરુનાં દર્શન કરીને, મનવાંછિત ફલ લહિયે રે... ૧

અઠ્ઠાઈમેં અમર પળાવી, જીવ જયણા વર્તાવો રે
સર્વ જીવ સુખકારી જીવમેં, જૈનધર્મ મન લાવી રે... ૨
કલ્પસૂત્ર વરઘોડો કરીને, સુણો વખાણ ચિત્ત લાયી રે
પડિવારે દિન મંગલકારી, વીર જન્મ સુખદાયી રે... ૩
સિદ્ધારથ રાજાઘર સુખકાર, દિક્કુમારી મીલ આઈ રે
સૂતિકર્મ કરી પ્રભુ માતાને, સ્નાન કરાવે વરદાઈ રે... ૪
ચોસઠ ઈંદ્રશુ મેરૂશિખર પર, સ્નાત્ર કરે રંગ લાઈ રે
બત્રીશ ક્રોડ સોનૈયા વરસાવે, પ્રભુજીને નિજ ઘર લાઈ રે...૫
બાલપણે આમલક્રિડા કરી, મહાવીર નામ નિપાયો રે,
લેખનશાલા જઈને આવ્યા, જય જયકાર વરતાયો રે... ૬
માગસર વદી દશમી દિન દિક્ષા, લીધી મનને ઉમંગ રે
પરિષહ રિઉબલ દૂર કરીને, કેવલ લહ્યો સુખસંગે રે... ૭
ચઉવિહ સંઘને સ્થાપી, જગદ્‌ગુરુ વિચર્યા દેશ-વિદેશ રે
કાર્તિક વદિ અમાવાસ રાતે, શિવપદ પામ્યા જિનેશ રે... ૮
પંચકલ્યાણક વીરપ્રભુનાં, ભદ્રબાહુ સ્વામી ભાખે રે,
શ્રી જિનકૃપાચંદ્રસૂરિ સેવો, કલ્પસૂત્રની સાખે રે... ૯

## (૯)


હાંરે મારે દિવસ ધર્મના, શ્રાવણ ભાદરવો માસ જો,
તે માંહે શ્રી પર્વ પજુષણ, જાણીએ રે લોલ
હાંરે મારે ત્રણસો સાઠ દિવસમાં કિધા પાપ જો,
આઠ દિવસમાં ધોવા ધર્મનાં પાણીએ રે લોલ... ૧
હાંરે મારે ભવિક લોકો સર્વ મલી રંગ જો,

ઉપાશ્રયે દેવ-ગુરુ આરાધતા રે લોલ,
હાંરે મારે તપ જપ પૂજા, ભક્તિ સુરતરુ ભાવના જાણજો,
અજર અમર પદ શિવતરુ સાધતા રે લોલ... ૨
હાંરે છઠ્ઠ અઠ્ઠમ તપ આઠ કરો ઉપવાસ ને
માસખમણને પાસખમણ તપસ્યા કરો રે લોલ
હાંરે જીવદયાને જ્ઞાન દાન વિસ્તાર જો
સાધર્મિક ભક્તિ નિર્મલ હૃદયે આદરો રે લોલ... ૩
હાંરે મારે સાંમાયિક પડિક્કમણા પોષધ વ્રત જો,
જીવાયોનિ લાખ ચોરાશી ખમાવીએ રે લોલ,
હાંરે મારે ખમતખામણા, કરવા સંઘ સમસ્ત જો,
રુઠડા સાજન માજનને મનાવીએ રે લોલ... ૪
હાંરે મારે સાતે ક્ષેત્રે મદદ કરો ભલા ભાવજો,
ચંચળ લક્ષ્મી ખર્ચી લાહો લીજીયે રે લોલ
હાંરે મારે કાયા માયા સફલ કરો ભલા ભાવ જો,
જન્મ મરણના દુઃખડા ફેર ન લીજીએ રે લોલ... ૫
હાંરે મારે ચઉગતિ ચૂરણ ચોથ સંવત્સરી જાણજો,
ચોક્ખે ચિત્તે ચતુર થઈ ચૂકો નહિં રે લોલ
હાંરે મારે ચારે શરણા, ચારે પ્રકારે ધર્મ જો
ચોથા આરાનાં સુખડા મીલશે તે સહિ રે લોલ... ૬
હારે પજુષણની કથા સુણજો ધરી પ્રેમ જો,
ત્રિવીધે ત્રિવીધે પાપકર્મ વોસિરાવીએ લોલ,
હાંરે કર્મ નિકાચીત ક્ષય કારણ શ્રી પર્વ જો,
આરાધક શ્રી ધર્મરત્ન પદ ધ્યાવજો રે લોલ... ૭


**પ.પૂ. તપાગચ્છસૂર્ય ગચ્છાધિપતિ આચાર્યભગવંત શ્રીમદ વિજય પ્રેમસૂરીશ્વરજી મહારાજ સાહેબના શિષ્ય રત્ન (પંચ પરમેષ્ઠિના તૃતીય પદે આરૂઢ થનાર) પંન્યાસપ્રવર રત્નશેખર વિજયજી મ. સા. ની પ્રેરણાથી**

- શ્રી શાન્તાક્રુઝ તપાગચ્છ શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ- મુંબઈ
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ - નાગપુર
- શ્રી સાગર જૈન ઉપાશ્રય - પાટણ
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન-સમી
- શ્રી સુપાર્શ્વનાથાય શ્વે. મૂ. પૂ. જૈન સંઘ - નખત્રાણા, કચ્છ
- શ્રી ભક્તિ પાર્શ્વનાથ આનંદનગર શ્વે. મૂ. પૂ. જૈન સંઘ - નવાવાડજ, અમદાવાદ.
- શ્રી શ્વેતામ્બર મૂ. પૂ. જૈન સંઘ - ઉદયપુર
- શ્રી ભીડભંજન પાર્શ્વનાથ જૈન શ્વે. મૂ. પૂ. સંઘ - ગોદાવરી, અમદાવાદ
- મુનીશ્રી વિદ્યાચંદ્ર વિ. મ. સા. ની પ્રેરણાથી તેમના ૨૫ વર્ષના સંયમ જીવન અનુમોદનાર્થે...
  શ્રી કચ્છ-કોડાય વિશા ઓસવાલ શ્વે. મૂ. પૂ. જૈન મહાજન સંઘ
- ભરતભાઈ ભાઈલાલભાઈ - ગોરેગાંવ, મુંબઈ
- અમેરિકા નિવાસી લીલાવતીબેન વીરચંદભાઈ શાહ પરિવાર


પ.પૂ.આ.વિ. ધર્મસૂરિ મ.સા.



પ.પૂ.આ.વિ. ભક્તિસૂરિ મ.સા.



પ.પૂ.આ.વિ. સુબોધસૂરિ મ.સા.



તપાગચ્છસૂર્ય પ.પૂ. આ.દેવશ્રી વિજય પ્રેમસૂરીશ્વરજી મ.સા.






પ.પૂ. નૂતન આચાર્યદેવશ્રી વિજય

રત્નશેખરસૂરીશ્વરજી મ.સા.



# શુભેચ્છક

**નૂતન આચાર્યશ્રી રત્નશેખર વિજયજી મ.સા. તથા**
**પૂ.સા.શ્રી હેમરત્નાશ્રીજી મ.સા.ની પ્રેરણાથી...**
**સોજત નિવાસી (હાલ બેંગ્લોર)**



સંસારી પિતાશ્રી જેવંતરાજ ધનરાજ પોરવાડ



સંસારી માતુશ્રી કંકુબેન જેવંતરાજ પોરવાડ

**પુત્ર ... હંસરાજ**
**... ન,**

ડીઝાઈન :
જૈનમ્ ગ્રાફીક્સ
અમદાવાદ. ફોન-૨૫૬૨૭૪૬૯, મો. ૯૮૨૫૮ ૫૧૭૩૦